
પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®


સાંધ્ય દૈનિક
મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

**સુવિચાર**
તમે કેટલું સાચવી લો છો, એ સમજદારી નથી તમે કેટલું બગડવા નથી દેતા, એ સમજદારી છે...

શહેર આવૃત્તિ પાનાઃ ૧૪
તા. ૧૫-૯-૨૦૨૫, સોમવાર
વર્ષઃ ૧૪, અંક : ૧૬૧




Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ✆ 94266 72303 abataknews@gmail.com @abtakmedia



**જમ્મુના પુંછમાંથી શંકાસ્પદ આતંકવાદી ગતિવિધિ સાથે સંકળાયેલી ત્રિપુટી ઝબ્બે**



**ભારતના દિગ્ગજ્જોએ પાકિસ્તાનના નવાણીયા ઓને કચડી નાંખ્યા**

### અનુમાન કરતા સોલાર સિસ્ટમની ગરમીમાં ૬ ગણો વધારો

# સાવધાન... સૂરજદેવનું તાપમાન ૧૦.૮૦ કરોડ ડીગ્રીએ પહોંચ્યું : સેટેલાઈટ - અવકાશયાત્રીઓ જોખમમાં મુકાશે

**યુનિવર્સિટી ઓફ સેન્ટ એન્ડ્રુઝના એલેકઝાન્ડર રસેલ અને તેમની ટીમના રિસર્ચમાં સામે આવી અનેક ચોંકાવનારી વિગતો**

## હવે ભવિષ્યના અવકાશયાનના મિશન માટે વધુ તાપમાન ધ્યાનમાં લેવું પડશે

ભવિષ્યના અવકાશયાન મિશન આ સિદ્ધાંતનું પરીક્ષણ કરવા માટે ફ્લેર ઘટનાઓ દરમિયાન આયન્સના તાપમાનને સીધું માપવાની યોજના ધરાવે છે. જો આ તારણોની પુષ્ટિ થાય, તો તે નાસાના આર્ટેમિસ પ્રોગ્રામ સહિત આગામી મિશનો માટે મહત્વના અવકાશ માળખા અને માનવ સંશોધકોની સુરક્ષા માટેની વ્યૂહરચનાઓને ફરીથી આકાર આપી શકે છે.



## જીપીએસ અને સંચાર વ્યવસ્થાઓને વિક્ષેપિત થઈ શકે છે

સોલર ફ્લેર્સ માત્ર વૈજ્ઞાનિક જિજ્ઞાસાનો વિષય નથી-તે વાસ્તવિક જોખમો ઉભા કરે છે. આ વિસ્ફોટોમાંથી નીકળતા કિરણોત્સર્ગ ઉપગ્રહોને નુકસાન પહોંચાડી શકે છે, જીપીએસ અને સંચાર વ્યવસ્થાઓને વિક્ષેપિત કરી શકે છે અને અવકાશયાત્રીઓના સ્વાસ્થ્યને જોખમમાં મૂકી શકે છે. ફ્લેર્સનું વાસ્તવિક તાપમાન સમજવાથી અવકાશ એજન્સીઓને આ જોખમો સામે વધુ સારી રક્ષણાત્મક વ્યૂહરચનાઓ તૈયાર કરવામાં મદદ મળશે.

**અબતક, નવી દિલ્હી**

સૂરજદેવનું તાપમાન અધધધ ૧૦.૮૦ કરોડ ડિગ્રીએ પહોંચ્યું છે. એક અભ્યાસમાં આ વાત સામે આવી છે. જો કે આ તાપમાન ધાર્યા ૬ ગણું વધુ છે. સૂરજના તાપમાનમાં આ ધરખમ વધારો સેટેલાઈટ અને અવકાશ યાત્રીઓને જોખમમાં મૂકી દેશે. અનેક સંશોધનો પણ જોખમમાં મુકાઈ શકે છે.

ધ એસ્ટ્રોફિઝિકલ જર્નલ લેટર્સમાં પ્રકાશિત આ અભ્યાસે દાયકાઓ જૂની રહસ્યમય વિશાળ સ્પેક્ટ્રલ લાઈન્સનું પણ નિરાકરણ કર્યું છે, જે વિસ્ફોટના પ્રકાશમાં જોવા મળે છે. અભ્યાસ દર્શાવે છે કે આયન્સ, જે ઈલેક્ટ્રોન્સ કરતાં ઘણા વધુ ગરમ થાય છે, આત્યંતિક તાપમાને લાંબા સમય

(અનુ. આઠમા પાને)

# ફુગાવો તળિયે હોવા છતાં રિઝર્વ બેન્ક વ્યાજદર યથાવત રાખશે

**ઓગસ્ટમાં સીપીઆઈ આધારિત ફુગાવો સંપૂર્ણ નિયંત્રણમાં રહી ૨.૦૭ ટકાએ પહોંચ્યો : આરબીઆઈ પાસે વ્યાજદરમાં ૨૫થી ૫૦ બેસિસ પોઈન્ટ્સ ઘટાડવાની તક, પણ ઘટાડા અંગેનો નિર્ણય લેવાય તેવી શકયતા નહિવત**

**અબતક, નવી દિલ્હી**

ભારતનો ફુગાવો હાલ નિયંત્રણમાં છે, જે નવીનતમ કન્ઝયુમર પ્રાઈસ ઈન્ડેકસ (સીપીઆઈ) ડેટા દ્વારા સ્પષ્ટ થાય છે. આ બાબત રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાને વ્યાજદરમાં ઘટાડો કરવાની તક આપે છે. જોકે, દેશના અગ્રણી બેન્કોના અર્થશાસ્ત્રીઓનું માનવું છે કે રિઝર્વ બેન્ક આગામી ૧ ઓક્ટોબરની નાણાકીય નીતિની બેઠકમાં વ્યાજદરમાં કોઈ ફેરફાર નહીં કરે.

એચડીએફસી બેન્કના મુખ્ય અર્થશાસ્ત્રી સાક્ષી ગુપ્તાએ જણાવ્યું, "ફુગાવો સ્થિર રહેવાથી આરબીઆઈ પાસે વ્યાજદરમાં ૨૫-૫૦ બેસિસ પોઈન્ટ્સ ઘટાડવાની ગુંજાઈશ છે. પરંતુ, પ્રથમ ત્રિમાસિક ગાળાનો મજબૂત જીડીપી આંકડો અને જીએસટી દરમાં ઘટાડાથી ગ્રાહક ખર્ચમાં વધારો થયો હોવાથી, હાલના ચક્રમાં વ્યાજદરમાં ઘટાડો થવાની શક્યતા ઓછી છે."

નેશનલ સ્ટેટિસ્ટિક્સ ઓફિસના તાજેતરના ડેટા અનુસાર, ઓગસ્ટમાં સીપીઆઈ આધારિત ફુગાવો ૨.૦૭% પર પહોંચ્યો, જે જુલાઈના આઠ વર્ષના નીચલા સ્તર ૧.૬૧%થી થોડો વધારે છે. આ સાથે, ફુગાવો આરબીઆઈના ૨-૬%ના મધ્યમ ગાળાના લક્ષ્યાંકની રેન્જમાં આવી ગયો છે.



એમકે ગ્લોબલના મુખ્ય અર્થશાસ્ત્રી માધવી અરોરાએ જણાવ્યું કે, મંદી ડેટા અનુસાર, સપ્ટેમ્બરનો રિટેલ ફુગાવો હાલ ૧.૭૫% પર છે, જયારે ઓક્ટોબરમાં તે જીએસટી ઘટાડા અને બેઝ ઈફેક્ટને કારણે ૧%થી નીચે જઈ શકે છે. આઈસીઆઈસીઆઈ બેન્કના આર્થિક સંશોધન વડા સમીર નારંગે જણાવ્યું, "જીએસટી સુધારણા બાદ આર્થિક વૃદ્ધિની સ્થિતિ સારી રહેશે, પરંતુ અમેરિકાના ટેરિફની અસરને કારણે તેનું સંતુલન થઈ શકે છે. આથી, ચાલુ નાણાકીય વર્ષમાં આરબીઆઈદ્વારા વ્યાજદર ઘટાડવાની શક્યતા ઓછી છે."

## જીએસટીમાં ઘટાડો અમલમાં આવ્યા બાદ ફુગાવો હજુ પણ ઘટવાના એંધાણ

૨૨ સપ્ટેમ્બરથી જીએસટી દરમાં ઘટાડો અમલમાં આવવાથી ફુગાવો હજુ ઘટવાની શક્યતા છે. અર્થશાસ્ત્રીઓનું અનુમાન છે કે નાણાકીય વર્ષ ૨૦૨૨૬ માટે સીપીઆઈ ફુગાવો છઈઈના ૩.૧%ના અંદાજથી ઓછો રહેશે. જોકે, જીએસટી ઘટાડાનો ફાયદો ગ્રાહકો સુધી કેટલો પહોંચે છે તેના પર ફુગાવાનો ઘટાડો નિર્ભર કરશે. આ ઉપરાંત, ઉત્તર અને મધ્ય ભારતમાં વધુ પડતા વરસાદથી પાકને નુકસાન થવાથી ખાદ્યપદાર્થોના ભાવ વધવાનું જોખમ પણ છે.

સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાના ગ્રુપ ચીફ ઈકોનોમિક એડવાઈઝર સૌમ્ય કાંતિ ઘોષે કહ્યું, "ઓગસ્ટમાં ફુગાવો ૨%થી થોડો ઉપર રહ્યો, જેના કારણે ઓક્ટોબરમાં દર ઘટાડવો મુશ્કેલ લાગે છે. પ્રથમ અને બીજા ત્રિમાસિક ગાળાના વૃદ્ધિ આંકડાઓને ધ્યાનમાં લેતા ડિસેમ્બરમાં પણ દર ઘટાડો મુશ્કેલ લાગે છે."

બીજી તરફ, આઈડીએફસી ફર્સ્ટ બેન્કના મુખ્ય અર્થશાસ્ત્રી ગૌરા સેનગુપ્તાએ જણાવ્યું કે, નાણાકીય વર્ષ ૨૦૨૬ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ૭.૮%ના શાનદાર જીડીપી વૃદ્ધિ બાદ, બીજા અર્ધવાર્ષિક ગાળામાં વૃદ્ધિની ગતિ ધીમી પડી શકે છે,

(અનુ. આઠમા પાને)

# મુંબઈમાં મેઘાનો પાછોતરો પ્રહાર: જનજીવન ઠપ્પ, ટ્રેન સેવાઓ ખોરવાઈ

**આગામી ૨૪ કલાક ભારે થી અતિભારે વરસાદની સંભાવના: પુણેમાં ભારે વરસાદના કારણે શાળાઓ બંધ રાખવા આદેશ**

**અબતક,રાજકોટ**

દેશભરમાં ચોમાસું વિદાય લેવાની તૈયારીમાં છે ત્યારે મુંબઈમાં તેણે ફરી એકવાર પોતાનું રૌદ્ર સ્વરૂપ બતાવ્યું છે. શહેરમાં વહેલી સવારથી જ શરૂ થયેલા ધોધમાર વરસાદને કારણે અનેક વિસ્તારો જળબંબાકાર થયા હતા. બાયકુલા, મહાલક્ષ્મી, કિંગ્સ સર્કલ, સાયન અને કુર્લા સહિતના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા, જેના કારણે સામાન્ય જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું હતું. પાણી ભરાવાને કારણે અંધેરી સબવેને વાહનવ્યવહાર માટે બંધ કરવો પડ્યો હતો, અને મુંબઈ ટ્રાફિક પોલીસે વાહનોને વૈકલ્પિક માર્ગ પર વાળવાની ફરજ પડી હતી.

વરસાદની સૌથી વધુ અસર મુંબઈની લાઈફલાઈન ગણાતી લોકલ ટ્રેન સેવાઓ પર જોવા મળી હતી. રેલવે ટ્રેક પર પાણી ભરાઈ જવાને કારણે હાર્બર લાઈનની ઘણી સેવાઓ રદ કરવામાં આવી હતી, જ્યારે અન્ય લાઈનો પર ટ્રેનો મોડી ચાલી રહી હતી. જેના કારણે સવારના સમયે ઓફિસ જનારા મુસાફરોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. બીજી તરફ, પુણેમાં પણ વરસાદે તબાહી મચાવી છે. શહેરના ખડકવાસલા, સિંહગઢ અને આસપાસના વિસ્તારોમાં ભારે વરસાદ નોંધાયો છે, જેના કારણે નદીઓ અને નાળાઓ છલકાઈ ગયા છે. સ્થાનિક પ્રશાસને લોકોને સલામત સ્થળે રહેવા અને નદી કિનારાથી દૂર રહેવાની સૂચના આપી છે. શાળાઓ બંધ રાખવાનો આદેશ પણ આપવામાં આવ્યો છે.

ભારતીય હવામાન વિભાગએ મુંબઈ, થાણે અને પાલઘર માટે યલો એલર્ટ જ્યારે રાયગઢ માટે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું હતું. હવામાન વિભાગે આગામી ૨૪ કલાકમાં પણ ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરી છે. શહેરમાં વાહનોની ગતિ પણ ધીમી પડી ગઈ હતી. પૂર્વ એક્સપ્રેસ હાઈવે પર કિંગ્સ સર્કલ અને સાયન જેવા વિસ્તારોમાં ટ્રાફિક જામ જોવા મળ્યો હતો. તંત્ર દ્વારા લોકોને અત્યંત આવશ્યક કામ સિવાય બહાર ન નીકળવાની અપીલ કરવામાં આવી છે.

# મેડિકલની પોસ્ટ ગ્રેજ્યુએશનની એનઆરઆઈ બેઠકો શા માટે કન્વર્ટ કરો છો?: હાઈકોર્ટ

**રાજ્યમાં મેડિકલ પ્રવેશ પ્રક્રિયાની પારદર્શિતા જાળવવાના ઉદેશ માટે ગુજરાત હાઈકોર્ટનું મહત્વનું પગલું:પ્રથમ રાઉન્ડની કાઉન્સેલિંગ પછી એનઆરઆઈ ક્વોટાની સીટોને અન્ય શ્રેણીઓમાં રૂપાંતરિત કરવાના નિર્ણયની વિગતો માંગવામાં આવી**

**અબતક, અમદાવાદ**

ગુજરાત હાઈકોર્ટે તાજેતરમાં પોસ્ટ ગ્રેજ્યુએટ (પીજી) મેડિકલ પ્રવેશ પ્રક્રિયામાં એનઆરઆઈ ક્વોટાની સીટોના રૂપાંતરણ અંગે એક મહત્વનો નિર્ણય લીધો છે. કોર્ટે આ મુદ્દે રાજ્ય સરકાર અને સંબંધિત અધિકારીઓને નોટિસ જારી કરી છે, જેમાં પ્રથમ રાઉન્ડની કાઉન્સેલિંગ પછી એનઆરઆઈ ક્વોટાની સીટોને અન્ય શ્રેણીઓમાં રૂપાંતરિત કરવાના નિર્ણયની વિગતો માંગવામાં આવી છે.

ગુજરાતમાં પીજી મેડિકલ કોર્સમાં પ્રવેશ માટે એનઆરઆઈ ક્વોટા હેઠળ ચોક્કસ સંખ્યામાં સીટો આરક્ષિત હોય છે. આ સીટો એનઆરઆઈ વિદ્યાર્થીઓ અથવા તેમના સ્પોન્સર દ્વારા ચોક્કસ ફી ચૂકવીને મેળવવામાં આવે છે. જોકે, પ્રથમ રાઉન્ડની કાઉન્સેલિંગ બાદ, જો આ સીટો ખાલી રહે, તો તેને સામાન્ય શ્રેણી અથવા અન્ય કેટેગરીમાં રૂપાંતરિત કરવામાં આવે છે. આ પ્રક્રિયા અંગે કેટલાક વિદ્યાર્થીઓ અને અન્ય પક્ષકારોએ વાંધો ઉઠાવ્યો છે, જેના



(અનુ. આઠમા પાને)

# બહુ થયું... હવે ઓનલાઈન કન્ટેન્ટ પીરસનારાઓ ઉપર સેન્સરશિપ લાદો: પૂર્વ માહિતી કમિશનર

**કાયદાકીય પગલાં અને સામાજિક જાગૃતિ વધારીને અશ્લીલ ઓનલાઈન સામગ્રીને તાત્કાલિક કાબૂમાં લેવાની ખાસ જરૂર : ઉદય માહુરકર**

**અબતક,રાજકોટ**

હાલના સમયમાં, ઓનલાઈન કન્ટેન્ટની સમસ્યા એક ગંભીર ચિંતાનો વિષય બની છે. આ મુદ્દાને સંબોધતા, ભૂતપૂર્વ કેન્દ્રીય માહિતી કમિશનર ઉદય માહુરકરે ભારપૂર્વક જણાવ્યું છે કે કાયદાકીય પગલાં અને સામાજિક જાગૃતિ વધારીને અશ્લીલ ઓનલાઈન સામગ્રીને તાત્કાલિક કાબૂમાં લેવાની જરૂર છે. આ માટે તેઓ વિવિધ સામાજિક સંગઠનોને પણ સક્રિયપણે જોડી રહ્યા છે. તેમણે આ મુદ્દાને દેશની સૌથી મોટી સમસ્યાઓમાંની એક ગણાવી છે, જે સમાજ અને ખાસ કરીને યુવાનો પર નકારાત્મક અસર કરી રહી છે.

માહુરકર, જેઓ સેવ કલ્ચર, સેવ ઈન્ડિયા ફાઉન્ડેશનના સ્થાપક પણ છે, તેમણે અમદાવાદમાં એક કાર્યક્રમમાં આ વાત કરી હતી. આ કાર્યક્રમમાં અમદાવાદની ઘણી સામાજિક-સાંસ્કૃતિક સંસ્થાઓએ ભાગ લીધો હતો, જ્યાં યુવા સહભાગીઓએ રાષ્ટ્રને પ્રાધાન્ય આપવા અને રાષ્ટ્રનિર્માણ માટે પ્રતિબદ્ધ થવાની પ્રતિજ્ઞા લીધી હતી. આ પ્રસંગે વકતાઓએ ઓનલાઈન ગેમિંગ અને અયોગ્ય સામગ્રીની નકારાત્મક અસરો પર પણ ભાર મૂક્યો હતો. માહુરકરે જણાવ્યું કે, "અમારી લડાઈ બધા જ પ્લેટફોર્મ પર પોર્નોગ્રાફીના પ્રસાર સામે છે, પછી ભલે તે વેબસાઈટ હોય, ફિલ્મો હોય કે ઓટીટી હોય. પોર્નોગ્રાફીનો ઉપયોગ કરનારા બધા જ સેક્સ અપરાધી નથી હોતા, પરંતુ લગભગ બધા જ સેક્સ અપરાધીઓએ આવી સામગ્રીનો ઉપયોગ કર્યો હોવાનું જાણવા મળે છે."

આ ગંભીર સમસ્યાનો ઉકેલ લાવવા માટે, માહુરકરે ભારતની સુપ્રીમ કોર્ટમાં અરજી પણ દાખલ

(અનુ. આઠમા પાને)

# ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદકોને 'બેવડો' ફાયદો : જીએસટીના ઘટાડાની સાથે પીએલઆઈ સ્કીમમાં એક મહિનો વધારાયો

**એપ્લિકેશન વિન્ડો ૧૪ ઓક્ટોબર સુધી ખુલ્લી રહેશે : આ યોજના માટે કુલ રૂ. ૬,૨૩૮ કરોડનું બજેટ ફાળવાયુ**

**અબતક, નવી દિલ્હી**

કેન્દ્ર સરકારે એર કન્ડિશનર્સ અને એલઈડી લાઈટ્સ માટે ઉત્પાદન સંલગ્ન પ્રોત્સાહન યોજના હેઠળ એપ્લિકેશન વિન્ડો ફરીથી ખોલવાનો નિર્ણય લીધો છે. આ વિન્ડો ૩૦ દિવસ માટે, એટલે કે ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૫થી ૧૪ ઓક્ટોબર, ૨૦૨૫ સુધી ખુલ્લી રહેશે. એટલે ઈલેક્ટ્રોનિક્સ આઈટમોને બેવડો ફાયદો થવાનો છે. જીએસટીના ઘટાડાની સાથે પીએલઆઈ સ્કીમમાં એક મહિનો વધારાયો છે.

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે જણાવ્યું હતું કે, "આ એપ્લિકેશન વિન્ડો ઉદ્યોગોની યોજના હેઠળ વધુ રોકાણ કરવાની ઈચ્છા અને ઉત્સાહને ધ્યાનમાં રાખીને ફરીથી ખોલવામાં આવી છે." આ યોજના નાણાકીય વર્ષ ૨૦૨૨થી ૨૦૨૯ સુધી અમલમાં રહેશે અને તેના માટે કુલ રૂ. ૬,૨૩૮ કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું છે.

વ્હાઈટ ગૂડ્સ માટેની પીએલઆઈ યોજનાનો મુખ્ય ઉદ્દેશ ભારતમાં ઉત્પાદન ક્ષમતાઓને પ્રોત્સાહન આપવું, સ્થાનિક ઉત્પાદનને વેગ આપવું અને વૈશ્વિક બજારમાં ભારતીય ઉત્પાદનોની સ્પર્ધાત્મકતા વધારવાનો છે. આ યોજના ખાસ કરીને એર કન્ડિશનર્સ અને એલઈડી લાઈટ્સ જેવા ઉત્પાદનોના ઉત્પાદનને લક્ષ્યાંકિત કરે છે, જે ઊર્જા કાર્યક્ષમતા અને પર્યાવરણીય ટકાઉપણાને પ્રોત્સાહન આપે છે.

આ યોજના હેઠળ અરજી કરનારા ઉદ્યોગો ફક્ત યોજનાના બાકીના સમયગાળા (એટલે કે, નાણાકીય વર્ષ ૨૦૨૯ સુધી) માટે પ્રોત્સાહનો મેળવવા પાત્ર રહેશે. આનો અર્થ એ છે કે નવા અરજદારોને યોજનાના શરૂઆતના વર્ષોના પ્રોત્સાહનો મળશે નહીં, પરંતુ તેઓ બાકીના સમયગાળા દરમિયાન ઉત્પાદન વધારવા માટે પ્રોત્સાહનોનો લાભ લઈ શકશે.

વાણિજ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ યોજનાએ પહેલાથી જ ઘણા ઉદ્યોગોનું ધ્યાન ખેંચ્યું છે, અને ઘણી કંપનીઓએ આ યોજના હેઠળ રોકાણ કરવામાં રસ દાખવ્યો છે. આ યોજના દેશમાં નવી ઉત્પાદન એકમોની સ્થાપના, રોજગારીનું સર્જન અને નિકાસને પ્રોત્સાહન આપવામાં મદદ કરશે. ખાસ કરીને, ગુજરાત જેવા ઔદ્યોગિક રાજ્યોમાં આ યોજના નવી તકો લાવી શકે છે, જ્યાં ઉત્પાદન ક્ષેત્ર પહેલાથી જ મજબૂત છે.

જે કંપનીઓ આ યોજનામાં ભાગ લેવા ઈચ્છે છે, તેઓએ ૧૫ સપ્ટેમ્બરથી ૧૪ ઓક્ટોબર, ૨૦૨૫ દરમિયાન પોતાની અરજીઓ સબમિટ કરવાની રહેશે. અરજી પ્રક્રિયા અને અન્ય વિગતો માટે, ઉદ્યોગો વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયની અધિકૃત વેબસાઈટનો સંપર્ક કરી શકે છે.

વ્હાઈટ ગૂડ્સ માટેની

(અનુ. આઠમા પાને)

**લોકશાહી એટલે જનશક્તિનો ઉજાસ**

# અધિકાર નહીં, સહમતીથી ચાલે દેશ: આજે વિશ્વ લોકશાહી દિવસ

## પ્રત્યક્ષ લોકશાહીમાં નાગરિકો સંપૂર્ણ રૂપે એક સંચાલક સંસ્થા બનાવે છેઃ વિશ્વની સૌથી મોટી લોકશાહી ભારત દેશની છેઃ ભારતમાં તેનું સ્વરૂપ સંસદીય છે, જ્યાં નાગરિકો તેમના પ્રતિનિધિઓને ચૂંટે છેઃ આ દિવસની ઉજવણી લોકો તેમની આસપાસની દુનિયાને કેવી રીતે આકાર આપવામાં મદદ કરે છે, તેના પર ધ્યાન કેન્દ્રિત કરે છે

આજે આંતરરાષ્ટ્રીય લોકશાહી દિવસની ઉજવણી સમગ્ર વિશ્વમાં થઈ રહી છે, તેનો હેતુ લોકશાહીના સિદ્ધાંતોને જાળવી રાખવાનો અને તેને પ્રોત્સાહન આપવાનો છે. આ દિવસની ઉજવણી સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દ્વારા ૨૦૦૭માં શરૂ કરવામાં આવી હતી. આ દિવસ લોકોને તેમના દેશમાં લોકશાહીની સ્થિતિ વિશે વિચારવા અને તેના મહત્વને સમજવા માટે પ્રોત્સાહિત કરે છે. સૌપ્રથમ વિશ્વમાં તેની ઉજવણી ૨૦૦૮માં થઈ હતી. આ દિવસ લોકોને યાદ અપાવે છે કે લોકશાહી એ લોકો માટે અને લોકો દ્વારા શાસન છે. તે માનવ અધિકારો, સ્વતંત્રતા અને કાયદાના શાસનના મૂલ્યો પર ભાર મૂકે છે. લોકશાહી એટલે “લોકો દ્વારા, લોકો માટે અને લોકો વતી શાસન“. આમાં નાગરિકોને પોતાના પ્રતિનિધિઓ ચૂંટવાની અને રાજકીય પ્રક્રિયામાં ભાગ લેવાની સંપૂર્ણ મુક્તિ અને અધિકારો મળતા હોય છે. નાગરિકો પ્રતિનિધિઓને




પસંદ કરે છે, જે લોકોના હિત માટે કાયદા ઘડે અને નીતિ ગોઠવે છે. દરેક નાગરિકને વાણી, વિચાર, ધર્મ અને જીવનશૈલીની સ્વતંત્રતા હોય છે. સમાજના દરેક વર્ગને રાજકીય ભાગીદારીનો હક્ક મળે છે. નાગરિકોને બંધારણ દ્વારા સુરક્ષિત્ હક્કો મળેલા હોય છે. તમામ નાગરિકો સમાન ધોરણે કાયદા અને નીતિ હેઠળ વર્તે છે. નાગરિકો પ્રતિનિધિઓ પસંદ કરે છે, જે તેમની વતી કાયદા ઘડે. લોકશાહી દેશોના ઉદાહરણોમાં બ્રિટન, અમેરિકા, ભારત જેવા દેશો લોકશાહી પદ્ધતિ અપનાવે છે, જયાં પાયાની મુક્તિ, અધિકાર અને ઉત્તમ ચૂંટણી વ્યવસ્થા જોવા મળે છે. લોકશાહી એ સમાજના સમુચ્ચય હિત માટે રચાયેલ, સતત વિકસતી અને માનવ સ્વતંત્રતા તથા સમાનતા માટે પૂરક રાજકીય વ્યવસ્થા છે.

આ વર્ષની ઉજવણી થીમ “યુવાઓને સશકત કરવા અને લોકશાહીના ભવિષ્યને સુરક્ષિત કરવા“ ની છે. લિંગ સમાનતા પ્રાપ્ત કરવી, ક્રિયા દ્વારા કાર્યવાહી છે, જે યુવાનોને સશક્તિકરણ અને લોકશાહી પ્રક્રિયાઓમાં સમાવેશકતાને પ્રોત્સાહન આપવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. વર્તમાન વિશ્વની તમામ શાસન વ્યવસ્થામાં ‘લોકશાહી’ શ્રેષ્ઠ લોકશાહીના મહત્વના ઘટકોમાં સ્વતંત્રતા અને માનવ અધિકારના સિધ્ધાંતો, સાર્વત્રિક મતાધિકાર દ્વારા સમયાંતરે ચૂંટણી યોજવીએ લોકશાહીના મહત્વના પગલા છે. દર વર્ષે એક અલગ વિષય સાથે પ્રકાશિત થનાર ઉજવણી થીમ, આ દિવસે અગાઉના વિષયને મજબૂત કરવા સાથે ટકાઉ વિશ્વ માટે ૨૦30ના એજન્ડા માટે મજબૂત લોકશાહીની સુસંગતા અને લોકભાગીદારીમાં વધારો કરવાની વાત કરે છે. ઘણા વર્ષો પહેલા વિશ્વ લોકશાહીના આગમનને લઈને ઉત્સાહિત હતું. ૧૯૮૯માં બર્લિનની દિવાલનું પતન, ૧૯૯૧માં કોલ્ડવોરનો અંત અને ૧૯૯૪માં દક્ષિણ આફ્રિકામાં રંગભેદનો અંત જેવી ઘણી ઘટનાઓ અંત થયા બાદ સમગ્ર વિશ્વ લોકશાહીની દિશામાં એક ડગલું આગળ વધ્યું હતું.




**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
**મો.૯૮૨૫૦૭૮૦૦૦**

આજનો દિવસ માનવાધિકારો સાથે જીવવા માટે લોકશાહી અનિવાર્ય છે. આજે દુનિયાભરમાં લોકશાહી અંગે જાગૃતિ લાવવાનો પ્રયાસ છે. લોકશાહી એટલે લોકોની અને લોકો માટેની શાનસ વ્યવસ્થા. દુનિયાની તમામ શાસન વ્યવસ્થામાં લોકશાહી વ્યવસ્થા શ્રેષ્ઠ છે, આ સિસ્ટમમાં જ દરેક વ્યકિતને પોતાના માનવાધિકારો મળે છે. સ્વતંત્રતા સૌથી મોટો અધિકાર છે. લોકશાહીનો સૌથી મોટો માપદંડ છે સ્વતંત્ર ચૂંટણી, જેમાં માધ્યમથી નાગરિકો મત આપીને પોતાની સરકાર ચૂંટે છે. ૧૯૭૦ના દાયકાથી દુનિયામાં લોકશાહી દેશોની સંખ્યા વધી રહી છે. લોકશાહી પર ખતરોએ માનવાધિકાર પર મોટું જોખમ છે, આ બાબત ચીન, મ્યાનમાર, ઉત્તર કોરીયા બાદ હવે અફઘાનિસ્તાનમાં જોવા મળી રહી છે. લોકશાહી , શાબ્દિક રીતે “લોકો દ્વારા શાસન“ એ સરકારનું એક એવું તંત્ર છે, જ્યાં નાગરિકો મત દ્વારા સત્તાનો ઉપયોગ કરે છે. પ્રત્યક્ષ લોકશાહીમાં નાગરિકો સંપૂર્ણ રૂપે એક સંચાલક સંસ્થા બનાવે છે અને પ્રત્યેક મુદ્દા પર સીધો મત આપે છે. પ્રતિનિધિ લોકશાહીમાં નાગરિકો પોતાને માટે પ્રતિનિધિઓ પસંદ કરે છે. આ પ્રતિનિધિઓ એક વહીવટી સંસ્થા, જેમ કે વિધાનસભા રચવા માટે મળે છે. બંધારણીય લોકશાહીમાં બહુમતીની સત્તા પ્રતિનિધિ લોકશાહીના માળખામાં ઉપયોગમાં લેવામાં આવે છે.આંતરરાષ્ટ્રીય લોકશાહી દિવસ એ વિચારની ઉજવણી કરે છે કે દરેક વ્યક્તિનો પોતાનો મત હોવો જોઈએ. તે બોલવા, ભાગ લેવા અને તમારા અવાજને મહત્વ આપવા વિશે છે. આ દિવસ લોકો તેમની આસપાસની દુનિયાને કેવી રીતે આકાર આપવામાં મદદ કરે છે તેના પર ધ્યાન કેન્દ્રિત કરે છે. તે રોજિંદા જીવનમાં ન્યાયીતા, સ્વતંત્રતા અને સહિયારા નિર્ણયોના મૂલ્ય પર પ્રકાશ પાડે છે.

લોકશાહી વાસ્તવિક પરિવર્તનના દ્વાર ખોલે છે. તે ખુલ્લી વાતચીત, સમાન અધિકારો અને ન્યાયી નિયમો દ્વારા સમુદાયોને વિકાસ કરવામાં મદદ કરે છે. આ દિવસે, લોકોને આ મૂલ્યોનું રક્ષણ કરવા વિનંતી કરવામાં આવે છે. સ્પષ્ટ બોલવાથી, સંપૂર્ણ સાંભળવાથી અને કાળજીપૂર્વક કાર્ય કરવાથી લોકશાહી મજબૂત બને છે. જ્યારે તે સારી રીતે કાર્ય કરે છે, ત્યારે દરેકને ટેબલ પર બેસવાની જગ્યા મળે છે.આંતરરાષ્ટ્રીય લોકશાહી દિવસ કેવી રીતે ઉજવવા અને આ દિવસ સ્વતંત્રતા અને ભાગીદારીના મૂલ્ય પર ચિંતન કરવાની તક આપે છે. આ દિવસ દુનિયાને યાદ અપાવે છે કે મતદાન કરવાની, બોલવાની અને આયોજન કરવાની સ્વતંત્રતા બાબતોને ઊંડાણપૂર્વક રજૂ કરે છે. તે દરેક જગ્યાએ નાગરિકોને લોકશાહી તેમના રોજિંદા જીવનને કેવી રીતે અસર કરે છે તે વિશે વિચારવાનું કારણ આપે છે. નેતાઓને સાંભળવા, અધિકારોનો આદર કરવા અને સત્તા પર નિયંત્રણ રાખવા માટે પણ વિનંતી કરવામાં આવે છે. સંદેશ સરળ છે, જ્યારે લોકો માહિતગાર અને સામેલ રહે છે, ત્યારે લોકશાહી શ્રેષ્ઠ કાર્ય કરે છે.

**લોકશાહી વાસ્તવિક પરિવર્તનના દ્વાર ખોલે છે, જે રોજિંદા જીવનમાં ન્યાયીતા, સ્વતંત્રતા અને સહિયારા નિર્ણયોના મૂલ્યો પર પ્રકાશ પાડે છે : સ્પષ્ટ બોલવાથી, સંપૂર્ણ સાંભળવાથી અને કાળજીપૂર્વક કાર્ય કરવાથી લોકશાહી મજબૂત બને છે**

# ‘બા’નું ઘર વૃધ્ધાશ્રમના નિર્માણ દાતાઓને સહભાગી બનવા આહ્વાન

**અબતક, રાજકોટ**

રાજકોટ ખાતે “બા નું ઘર નિરાધાર મહિલા વૃદ્ધાશ્રમ“ ચાલે છે, જેમાં જેનું કોઈ નથી તેવા બહેરા - મૂંગા, માનસિક અસ્થિર, રસ્તે રઝળતા ભિક્ષા માંગી રખડતા નિરાધાર, કોઈપણ વિસ્તારના, કોઈપણ જ્ઞાતિના, કોઈપણ ઉમરના મહિલાઓને સાવ ફ્રી માં આશ્રય આપવામાં આવે છે, આવા નિરાધાર મહિલાઓને આશ્રય સાથે જમવાનું, કપડા, કટલેરી, સાબુ, સેમ્પુ, મેડિકલ સારવાર, દવાઓ વગેરે જીવન જરૂરી તમામ વસ્તુઓ પણ આપવામાં આવે છે, ઘણી બધી બહેનો ને કૌશલ્ય વર્ધન તાલીમો આપી પગભર કરેલ છે, ૪૨ મહિલાઓને રિક્ષા આપી પગભર કરેલ છે. સંસ્થાના ટ્રસ્ટીઓ દ્વારા સજ્જનોને સંસ્થાની મુલાકાત લઈ મદદ કરવા અપીલ કરવામાં આવે છે, આ સંસ્થા નાના મકાનમાં ચાલે છે, હાલ મકાનમાં જગ્યાના અભાવે વધુ નિરાધાર માતાઓને રખાવા મુશ્કેલ થઈ ગયેલ હોવાથી સંસ્થાના નવનિર્માણ માટે ફંડની જરૂરિયાત છે, સંસ્થાને અપાતું દાન કરમુકત છે, સીએસઆર ફંડ સ્વીકાર્ય છે, દાતાઓને આ કરુણાના સેવા કાર્યમાં જોડાઈ સેવાઓના સહભાગી બની મદદરૂપ થવા માટે મુકેશભાઈ મેરજા : ૯૪૨૬૭ ૩૭૨૭૩ પર સંપર્ક કરવો અથવા બાપા સિતારામ ઓટલા પાસે યુનિવર્સિટી રોડ સામે, રાજકોટ ખાતે રૂબરૂ મુલાકાત લેવા યાદીમાં જણાવ્યું હતું.




# રેસકોર્સ પાર્કના પ્રમુખ રાજેન્દ્રસિંહ ગોહિલ દ્વારા પ્રાચીન ગરબીની તડામાર તૈયારીઓ



**અબતક, રાજકોટ**

રેસકોર્સ પાર્ક પરિવારના પ્રમુખ રાજેન્દ્રસિંહ ગોહિલ દ્વારા રેસકોર્સ પાર્કમાં બાળ માનસને ૩૧માં વર્ષે મંગલ પ્રવેશ કરનાર રેસકોર્ષ પાર્ક પ્રાચીન ગરબીમાં ૫૪ બાળાઓ વિધવિવિધ સ્વરૂપે ચાચર ચોકમાં માતૃવંદના કરવા, માના ગુણલા ગાવા અને માને રાજી કરવા બાળાઓ દવારા રાસગરબા થકી “મન મોર બની થનગાટ કરે”, “મોંગલ છેડતા કાળો નાગ”, “આસમાનના રંગની ચૂંદડી, ઝૂલે ઝૂલે અંબા” વગેરે પ્રાચીન ગીતોના થનગનાટ વચ્ચે સુંદર મજાના રાસ નું આબેહુબ તૈયારી કરી લોકો સમક્ષ રજૂ કરવામાં આવે છે. રેસકોર્સ પાર્ક પરિવાર તરફથી શુધ્ધ, સાત્વિક અને પોષ્ટિક નાસ્તો પ્રસાદ સ્વરૂપે તેમજ દરરોજ લાણી આપવામાં આવે છે. સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે રાજેન્દ્રસિંહ ગોહિલનાં કુશળ માર્ગદર્શન હેઠળ ગીતાબા ગોહીલ, હીનાબેન સંઘવી, ગીતાબેન દાફડા વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

## અબતક પંચાગ

**તા.૧૬-૯-૨૦૨૫ મંગળવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૧ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૫
**તિથી** ભાદરવા વદ દશમ દશમનું શ્રાધ્ધ
**નક્ષત્ર** આર્દ્રા
**યોગ** વરિયાન **કરણઃ** વણિજ
**સુર્યોદય** ૬.૩૫ **સુર્યાસ્તઃ** ૬.૪૯
**ચંદ્ર રાશી** મિથુન મંગળવારે રાત્રે ૧૨.૨૯થી કર્ક
**રાશિ અક્ષર** ક.છ.ઘ/ડ.હ
**દિશાશૂળ** ઉત્તર તરફ
**રાહુકાળ** બપોરે ૩ થી ૪.૩૦
**દિવસનાચોઘડીયા** રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ
**રાત્રીનાચોઘડીયા** કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૧૭ થી ૧.૦૬

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૧૫-૦૯-૨૦૨૫ સોમવાર**
૧૨:૦૦ થી ૦૨:૧૦ ગુજરાતી મુવી (ઉંબરો)
૦૨:૧૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (સંજય રાવલ)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (બીરબલ કી સબ્જી)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.રવિ ઠેસીયા)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (કેરી ઓન લાલુ)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૬-૦૯-૨૦૨૫ મંગળવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ શિવ કથા (પૂ. ગીરીબાપુ)
૧૦:૩૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

# રાજકોટ માર્કેટ યાર્ડ

## શાકભાજીના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| લીંબુ | ૨૯૦ | ૨૦૦ | ૧૦૦૦ |
| પપૈયા | ૨૫ | ૧૦૦ | ૨૦૦ |
| બટેટા | ૪૮૦૦ | ૨૦૦ | ૪૦૦ |
| ડુંગળી સુકી | ૦ | ૫૦ | ૩૦૦ |
| ટમેટા | ૧૭૬૦ | ૧૦૦ | ૪૦૦ |
| સુરણ | ૧૫ | ૨૦૦ | ૯૦૦ |
| કોથમરી | ૪૭૦ | ૨૦૦ | ૮૦૦ |
| મુળા | ૨૬ | ૧૦૦ | ૩૦૦ |
| રીંગણા | ૨૪૦ | ૨૦૦ | ૧૦૦૦ |
| કોબીજ | ૨૯૫ | ૧૦૦ | ૩૦૦ |
| ફલાવર | ૫૪૦ | ૨૦૦ | ૬૦૦ |
| ભીંડો | ૩૫૦ | ૧૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૪૧૦ | ૨૦૦ | ૧૨૦૦ |
| ચોળાસીંગ | ૯૮ | ૨૦૦ | ૮૦૦ |
| વાલોળ | ૪૦ | ૨૦૦ | ૯૦૦ |
| ટીંડોળા | ૫૫ | ૨૦૦ | ૧૦૦૦ |
| દુધી | ૫૯૦ | ૧૦૦ | ૪૦૦ |
| કારેલા | ૧૮૦ | ૧૦૦ | ૩૦૦ |
| સરગવો | ૪૦ | ૨૦૦ | ૧૦૦૦ |
| તુરીયા | ૨૬૦ | ૨૦૦ | ૮૦૦ |
| પરવર | ૪૫ | ૨૦૦ | ૧૨૦૦ |
| કાકડી | ૬૦૦ | ૨૦૦ | ૬૦૦ |
| ગાજર | ૧૪૭ | ૨૦૦ | ૫૦૦ |
| કંટોળા | ૨ | ૬૦૦ | ૧૪૦૦ |
| ગલકા | ૫૦૦ | ૨૦૦ | ૬૦૦ |
| બીટ | ૫૩ | ૨૦૦ | ૪૦૦ |
| મેથી | ૬૦ | ૨૦૦ | ૧૫૦૦ |
| વાલ | ૧૫ | ૨૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૧૯૦ | ૧૦૦ | ૪૦૦ |
| આદુ | ૧૪૦ | ૪૦૦ | ૧૨૦૦ |
| મરચા લીલા | ૯૯૫ | ૧૦૦ | ૩૦૦ |
| મગફળી લીલી | ૫૫૦ | ૨૦૦ | ૬૦૦ |
| મકાઈ લીલી | ૫૪૦ | ૧૦૦ | ૨૫૦ |

## અનાજના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૨૦૦ | ૧૪૦૧ | ૧૬૯૭ |
| ઘઉં લોકવન | ૧૫૦ | ૫૨૭ | ૫૬૧ |
| ઘઉં ટુકડા | ૨૦૪૦ | ૫૨૮ | ૬૧૦ |
| જુવાર સફેદ | ૧૩૦ | ૬૮૦ | ૭૮૫ |
| જુવાર લાલ | ૩ | ૬૦૦ | ૭૫૦ |
| જુવાર પીળી | ૪ | ૩૭૦ | ૪૫૦ |
| બાજરી | ૨૬૦ | ૩૯૪ | ૪૬૯ |
| તુવેર | ૪૦૦ | ૧૦૫૦ | ૧૩૦૦ |
| ચણા પીળા | ૫૦૦ | ૯૫૧ | ૧૧૧૫ |
| ચણા સફેદ | ૧૩૦૦ | ૧૧૨૫ | ૧૯૭૫ |
| અડદ | ૨૩૦ | ૧૨૨૦ | ૧૬૦૦ |
| મગ | ૩૬૦ | ૧૩૫૦ | ૧૮૨૦ |
| વાલ દેશી | ૧૩૦ | ૩૦૫ | ૯૨૯ |
| ચોળી | ૮૦ | ૭૫૦ | ૧૫૪૦ |
| વટાણા | ૪૦ | ૮૦૦ | ૨૦૦૦ |
| રાજમા | ૭૦ | ૬૧૦ | ૧૬૦૦ |
| સીંગદાણા | ૩૦ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| મગફળી જાડી | ૧૧૦૦ | ૯૫૦ | ૧૧૦૦ |
| મગફળી જીણી | ૯૦૦ | ૭૭૦ | ૧૨૫૧ |
| તલી | ૩૦૦૦ | ૧૫૧૫ | ૧૯૭૦ |
| એરંડા | ૨૯૫ | ૧૨૧૬ | ૧૩૦૪ |
| અજમો | ૧૨ | ૧૨૮૦ | ૨૧૩૦ |
| સુવા | ૧ | ૧૦૫૦ | ૧૨૪૦ |
| સોયાબીન | ૩૦ | ૭૭૫ | ૮૪૦ |
| સીંગફાડા | ૨૦૦ | ૧૧૧૦ | ૧૨૯૦ |
| કાળા તલ | ૪૪૦ | ૩૨૦૦ | ૪૧૩૦ |
| લસણ | ૮૦૦ | ૪૦૦ | ૧૦૦૦ |
| ધાણા | ૧૬૦ | ૧૩૪૦ | ૧૪૭૦ |
| ધાણી | ૮૦ | ૧૩૫૦ | ૧૬૭૪ |
| વરીયાળી | ૩૦ | ૧૦૦૦ | ૧૪૩૦ |
| જીરૂ | ૧૦૭૫ | ૩૨૪૦ | ૩૫૩૨ |
| રાય | ૬૦ | ૧૨૮૦ | ૧૬૩૦ |
| મેથી | ૪૦૦ | ૮૨૦ | ૧૨૫૦ |
| ઈસબગુલ | ૧ | ૮૦૦ | ૧૩૦૦ |
| કલોંજી | ૨૮ | ૩૦૫૦ | ૩૬૩૦ |
| રાયડો | ૧૨૦ | ૧૧૨૦ | ૧૨૪૪ |
| રજકાનું બી | ૪૫ | ૬૩૦૦ | ૮૩૦૦ |
| ગુવારનું બી | ૪૦ | ૮૮૦ | ૯૨૫ |

## સૂડોકુ -૯૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૧ | ૮ | ૫ | | | | | |
| | ૯ | | | | | | | |
| | | | ૩ | ૨ | ૬ | | | |
| | | ૨ | | | ૫ | ૩ | | |
| ૫ | | | | | ૪ | | | ૭ |
| | | | | | | ૨ | ૧ | |
| ૭ | | | | | ૯ | | ૪ | |
| | ૩ | | | ૮ | | | | |
| | | ૯ | | | ૨ | | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોક્સમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૯૫ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૯ | ૮ | ૬ | ૩ | ૭ | ૨ | ૧ | ૫ |
| ૨ | ૧ | ૫ | ૮ | ૯ | ૪ | ૭ | ૬ | ૩ |
| ૩ | ૬ | ૭ | ૨ | ૧ | ૫ | ૮ | ૯ | ૪ |
| ૬ | ૮ | ૧ | ૩ | ૫ | ૯ | ૪ | ૭ | ૨ |
| ૫ | ૨ | ૪ | ૭ | ૮ | ૧ | ૬ | ૩ | ૯ |
| ૭ | ૩ | ૯ | ૪ | ૨ | ૬ | ૫ | ૮ | ૧ |
| ૯ | ૫ | ૨ | ૧ | ૭ | ૮ | ૩ | ૪ | ૬ |
| ૧ | ૭ | ૬ | ૫ | ૪ | ૩ | ૯ | ૨ | ૮ |
| ૮ | ૪ | ૩ | ૯ | ૬ | ૨ | ૧ | ૫ | ૭ |

## આવતીકાલનું રાશિફળ

**તા.૧૬.૯.૨૦૨૫, મંગળવાર, સંવંત ૨૦૮૧, ભાદરવા વદ દશમ, આર્દ્રા નક્ષત્ર, વરિયાન યોગ, વણિજ કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ મિથુન (ક,છ,ઘ) રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ** (અ,લ,ઈ) : ધાર્યા કામ પાર પાડી શકો, હકારાત્મક વિચારોથી લાભ થાય, દિવસ પ્રગતિકારક રહે.

**વૃષભ** (બ,વ,ઉ) : ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે, આગળ વધવાની તક મળે, દૈવી સહાય પ્રાપ્ત થાય, શુભ દિન.

**મિથુન** (ક,છ,ઘ) : આંતરિક સંબંધોમાં સારું રહે, મતભેદ નિવારી શકો, વડીલોની સલાહ ધ્યાન પર લેવી જરૂરી બને.

**કર્ક** (ડ,હ) : નિયમિત જીવનપદ્ધતિથી આગળ વધશો તો સફળતા મળશે, રોજનીશી લખવાની ટેવ કામ લાગશે, ભૂતકાળ પર થી શીખવું પડે.

**સિંહ** (મ,ટ) : વિદેશ જવા ઈચ્છતા કે ઉચ્ચ અભ્યાસ કરવા ઈચ્છતા મિત્રોને સારી તક પુરી પડતો દિવસ, સ્ત્રીવર્ગને પણ સારું રહે.

**કન્યા** (પ,ઠ,ણ) : પરિવાર સાથે આનંદ માણી શકો, દિવસ, નવી વ્યક્તિઓને ઉત્સાહપૂર્વક મળી શકો, દિવસ લાભદાયક રહે.

**તુલા** (ર,ત) : નવા કાર્યમાં ઈશ્વરી સહાય મળે,વિચારોમાં નવીનતા આવે, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.

**વૃશ્ચિક** (ન,ય) : તમારા શોખ માટે સમય ફાળવી શકો, મનથી હળવાશ અનુભવી શકો, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.

**ધન** (ધ,ભ,ફ,ઢ) : જીવનમાં નવા પરિવર્તનનો પવન ફૂકાતો જોવા મળે, તમારી પ્રતિભામાં વૃદ્ધિ થાય, કાર્યની સરાહના થાય, શુભ દિન.

**મકર** (ખ,જ) : બીજાની ચિંતા ના કરતા સ્વયં પર ધ્યાન આપવું, ખર્ચ પર અંકુશ રાખવો,નેગેટિવ વિચારો ટાળવા સલાહ છે.

**કુંભ** (ગ,સ,શ) : મિત્રો સાથે આનંદ માણી શકો,ગમતી પ્રવૃત્તિ કરી શકો, અચાનક કોઈ તક ઉભી થતી જણાય.

**મીન** (દ,ચ,ઝ,થ) : વેપારીવર્ગને લાભ થાય, સ્ત્રીવર્ગને મધ્યમ, નોકરિયાતવર્ગને સારું રહે, ઈચ્છીત પરિણામ પ્રાપ્ત કરી શકો.

# વિધાનસભા-૬૮ પર સ્ટે.ચેરમેન ઓળઘોળ: રૂ.૧૦૩ કરોડના વિકાસ કામોને બહાલી


**ઈસ્ટ ઝોનના ૬ ડામરથી મઢી દેવા રૂ.૭૪ કરોડ, વોર્ડ નં.૧૫માં ડીઆઈ પાઈપલાઈન માટે રૂ.૫.૪૪ કરોડ, કુવાડવા રોડથી પેડક રોડ - સંતકબીર રોડ વોંકળામાં આરસીસી દિવાલ બનાવવા રૂ.૧૬ કરોડ, વોર્ડ નં.૬માં વોર્ડ ઓફિસ બનાવવા રૂ.૨.૬૨ કરોડનો ખર્ચ મંજૂર: ૩૩ પૈકી ૧૨ દરખાસ્તો સામા કાંઠાની**



વોર્ડ નં.૬માં કબીરવન મેઈન રોડ પર રૂ.૨.૬૨ કરોડના ખર્ચે બનશે આવી વોર્ડ ઓફિસ

## વોર્ડ વાઈઝ સ્પોર્ટ્સ કીટના વિતરણ માટે સમિતિ બનાવાય

ચાલુ નાણાકીય વર્ષના બજેટમાં વોર્ડ વાઈઝ સ્પોર્ટ્સ કીટનું વિતરણ કરવામાં આવશે. તેવી યોજના સ્ટેન્ડિંગ કમિટી દ્વારા જાહેર કરવામાં આવી હતી. જેની અમલવારી ઝડપથી થાય તે માટે ચાર નગરસેવકોની એક સમિતિ બનાવવામાં આવી છે. જેના અધ્યક્ષ તરીકે સમાજ કલ્યાણ સમિતિના ચેરમેન સુરેન્દ્રસિંહ વાળા રહેશે. જ્યારે સભ્ય તરીકે કેતનભાઈ પટેલ, દેવાંગભાઈ માંકડ અને અશ્વિનભાઈ પાંભરનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સમિતિ દ્વારા તમામ વોર્ડમાં સર્વે કરવામાં આવશે કે ક્યા વોર્ડમાં કેટલી સ્પોર્ટ્સ કીટની જરૂરિયાત છે.



માધવરાવ સિંધિયા ક્રિકેટ ગ્રાઉન્ડનું નવું પેવેલિયન આવું હશે

## રૂ.૧૧૪ કરોડના વિકાસ કામોને બહાલી: ચુંટણી નજીક આવી રહી હોય ઝડપથી પ્રોજેક્ટ માટે ખર્ચ મંજૂર કરવા શહેર ભાજપ પ્રમુખની સૂચના: હવે સ્ટેન્ડિંગની બેઠકો દર અઠવાડીયે કે પખવાડીયે મળશે



તસવીર: શૈલેષ વાડોલીયા

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગર પાલિકામાં આજે બપોરે ચેરમેન જયમીન ઠાકરના અધ્યક્ષસ્થાને મળેલી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં રૂ.૧૧૪.૭૩ કરોડના વિકાસ કામોને બહાલી આપવામાં આવી હતી. ખડી સમિતિના અધ્યક્ષ વિધાનસભા-૬૮ બેઠકમાં સમાવિષ્ટ વિસ્તારોના વિકાસ કામો માટે મન મૂકીને વરસ્યા હતા. ૩૩ દરખાસ્તો પૈકી ૧૨ દરખાસ્તો માત્ર સામા કાંઠા વિસ્તારની હતી. ધારાસભ્ય ઉદય કાનગડના મત વિસ્તાર એવા પૂર્વ વિધાનસભા વિસ્તાર માટે રૂ.૧૦૩ કરોડના કામોને મંજૂરીની મહોર મારવામાં આવી હતી.

આ અંગે વધુ માહિતી આપતા સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીનભાઈ ઠાકરે જણાવ્યું હતું કે આજની બેઠકમાં ૩૩ દરખાસ્તો પૈકી ૧ દરખાસ્ત નામંજૂર કરી રિ-ટેન્ડરીંગની સૂચના આપવામાં આવી છે. જ્યારે અન્ય ૩૧ દરખાસ્તને બહાલી આપવામાં આવી છે. શહેરના ઈસ્ટ ઝોન વિસ્તાર એટલે કે વિધાનસભા-૬૮ માટે ૧૦૩ કરોડના વિકાસ કામો મંજૂર કરવામાં આવ્યા છે. જેમાં વોર્ડ નં.૧૫માં દૂધસાગર રોડને લાગૂ વિસ્તારમાં ડીઆઈ પાઈપલાઈન હાઉસ કનેક્શન અને રોડ રિસ્ટોરેશનના કામ માટે રૂ.૫.૪૪ કરોડ, વોર્ડ નં.૬માં સફારી પાર્કથી પરશુરામ ઈન્ડસ્ટ્રીઝને જોડતા રસ્તાને મેટલીંગ કામ માટે રૂ.૩૩.૬૫ લાખ, વોર્ડ નં.૫માં મંચ્છાનગર મેઈન રોડ શાળા નં.૯૭ પાસે સીસી રોડનું કામ કરવા રૂ.૧.૩૫ કરોડ, વોર્ડ નં.૧૫માં સેન્ટ્રલ સ્ટોરમાં સોલીડ વેસ્ટ કન્ઝર્વન્સી માટે નવી ઓફિસ બનાવવા રૂ.૩૪.૫૪ લાખ, વોર્ડ નં.૫માં કુવાડવા રોડથી પેડક રોડ સુધીના વોંકળામાં આરસીસી દિવાલ અને લાઈનીંગના કામ માટે રૂ.૬.૯૩ કરોડ, વોર્ડ નં.૬માં ટીપી સ્કિમ નં.૭ (રાજકોટ)ના ફાઈનલ પ્લોટ નં.૧૪૩માં કબીર વન મેઈન રોડ પર નવી વોર્ડ ઓફિસ બનાવવા રૂ.૨.૬૨ કરોડ, વોર્ડ નં.૪માં જુદી-જુદી સોસાયટીઓમાં ડ્રેનેજના કામ માટે રૂ.૧.૫૭ કરોડ, ઈસ્ટ ઝોનમાં સમાવિષ્ટ વોર્ડ નં.૪, ૫, ૬, ૧૫, ૧૬ અને ૧૮માં રસ્તા પર ડામર કાર્પેટ, રિ-કાર્પેટ અને વાઈડીંગના કામ માટે રૂ.૭૪ કરોડ, વોર્ડ નં.૧૫માં નેશનલ હાઈવે પર રાધા-મીરા ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં મેટલીંગ કામ કરવા માટે રૂ.૩૨.૫૧ લાખ, વોર્ડ નં.૧૫માં કોઠારિયા ટીપી સ્કિમ નં.૧૨ના ફાઈનલ પ્લોટ નં.૩૯/એમાં શ્યામમંદિર પાસે સ્વાતિપાર્ક વિસ્તારમાં ગાર્ડન બનાવવા માટે રૂ.૩૧.૨૪ લાખ અને વોર્ડ નં.૫માં પેડક રોડથી સંતકબીર રોડના બ્રિજ સુધી વોંકળામાં આરસીસી દિવાલ અને લાઈનીંગના કામ માટે રૂ.૯.૯૧ કરોડનો ખર્ચ મંજૂર કરવામાં આવ્યો છે. આમ વિધાનસભા-૬૮ માટે આજે સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં રૂ.૧૦૩ કરોડથી પણ વધુના વિકાસ કામો મંજૂર કરવામાં આવ્યા છે. જ્યારે રેસકોર્ષ સંકુલ સ્થિત માધવરાવ સિંધીયા ક્રિકેટ સ્ટેડિયમમાં પેવેલીયનનું નવીનીકરણ કરવા માટે રૂ.૬.૧૧ કરોડનો ખર્ચ મંજૂર કરવામાં આવ્યો છે. તેઓએ વધુમાં ઉમેર્યું હતું કે કોર્પોરેશનની સામાન્ય ચુંટણીના આડે હવે ગણતરીના મહિનાઓ બાકી રહ્યા હોય બજેટમાં જાહેર કરાયેલી યોજનાઓ ઝડપથી શરૂ થઈ જાય તેવી શહેર ભાજપ પ્રમુખ માધવભાઈ દવે દ્વારા સૂચના આપવામાં આવી છે. ઝડપથી યોજનાઓ શરૂ થાય તે માટે હવે આગામી દિવસોમાં દર અઠવાડીયે કે પખવાડીયે સ્ટેન્ડિંગ કમિટીની બેઠક બોલાવવામાં આવશે. આજની બેઠકમાં ૧૧૪ કરોડના વિકાસ કામો મંજૂર કરાયા છે.





વોર્ડ નં.૧૪માં વિક્રમ સારાભાઈ પ્રાથમિક શાળાને આધુનિક મોડલ સ્કૂલ બનાવાશે

# 'રામ' પર રિઝ્યા 'ઠાકર': જમીન કપાતનું વળતર મંજૂર



## રાજ્યસભાના સાંસદ સહિત ત્રણ આસામીઓને જમીન કપાતના વળતર સામે જમીન આપવાની દરખાસ્ત અંતે મંજૂર

શહેર ભાજપમાં જૂથવાદ આસમાને આંબી ગયો છે. કોર્પોરેશનમાં ભાજપની સત્તા છે. છતાં ખૂદ ભાજપના જ રાજ્યસભાના સાંસદ રામભાઈ મોકરિયાએ પોતાની કપાતમાં ગયેલી જમીન સામે વળતર મેળવવા માટે બે મહિનાથી પણ વધુ સમય રાહ જોવી પડી હતી. અંતે આજે જાણે રામ પર ઠાકર રિઝ્યા હોય તેવું લાગી રહ્યું છે. જમીન કપાતના વળતર પેટે જમીન આપવાની દરખાસ્ત સ્ટેન્ડિંગ કમિટી દ્વારા મંજૂર કરવામાં આવી છે. રાજકોટની આખરી નગર રચના યોજના નં.૯માં સમાવિષ્ટ આખરી ખંડ નં.૩૨/૯ તથા ૩૧/૫થી શરૂ કરી આખરી ખંડ નં.૩૨/૧/૧ અને ૩૧/૧ સુધીના ૯ મીટરના ટીપી રોડને ૧૨ મીટર સુધી પહોળો કરવા માટે લાઈન ઓફ પબ્લીક સ્ટ્રીટ દાખલ કરવામાં આવી હતી. શિતલ પાર્ક મેઈન રોડને પહોળો કરવા માટે જે ૮ આસામીઓની જમીન કપાતમાં ગઈ હતી તે પૈકી પાંચ આસામીઓએ કપાતના બદલામાં એફએસઆઈ વૈકલ્પિક વળતર પેટે હાંસલ કરી હતી. જ્યારે રાજ્યસભાના સાંસદ રામભાઈ મોકરિયાએ પોતાની કપાતમાં ગયેલી ૨૪૬.૯૩ ચોરસ મીટર જમીન, જિલ્લા કલેક્ટરે ૧૭૮.૦૫ ચોરસ મીટર જમીન અને જયંતિભાઈ મનજીભાઈ સગપરીયા સહિતના આસામીઓએ કપાતમાં ગયેલી ૨૭૭.૫૧ ચોરસ મીટર જમીન સામે જમીનની માંગણી કરી હતી. જેમાં ત્રણેય મિલકતધારકોને અલગ-અલગ સ્થળે જમીન ફાળવવાની દરખાસ્ત મ્યુનિ.કમિશનર દ્વારા જુલાઈ માસમાં સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ રજૂ કરવામાં આવી હતી. ત્રણેય આસામીઓને એક સ્થળે જમીન આપવાના બદલે અલગ-અલગ જમીન આપવાનું કારણ શું તેવા બહાના તળે અભ્યાસ અર્થે દરખાસ્ત પેન્ડિંગ રાખવામાં આવી હતી. જો કે, દરખાસ્ત પેન્ડિંગ રાખવા પાછળનું કારણ ભાજપમાં ચાલતો જૂથવાદ જવાબદાર હોવાનું મનાઈ રહ્યું છે. સતત ત્રણ વખત દરખાસ્ત પેન્ડિંગ રખાયા બાદ આજે ચોથી વખત દરખાસ્તને મંજૂરી આપવામાં આવી છે. અભ્યાસમાં કશું જ ઉકાળવામાં આવ્યું નથી. કારણ કે મ્યુનિ.કમિશનરે જે દરખાસ્ત મોકલી હતી તેમાં કોઈપણ પ્રકારના સુધારા કર્યા વિના મંજૂર કરી દેવામાં આવી છે. ભાજપના સંગઠનના હોદ્દેદારો અને કોર્પોરેશનના શાસકો વિશે ભાજપના જ રાજ્યસભાના સાંસદ રામભાઈ મોકરિયા આડેધડ વાણી-વિલાસ કરી રહ્યા હોય તેઓને પાઠ ભણાવવા માટે જમીન કપાતના બદલામાં વળતર પેટે અન્ય સ્થળે જમીન આપવાની દરખાસ્ત સતત ત્રણ સ્ટેન્ડિંગ કમિટીની બેઠક સુધી લટકાવી રાખવામાં આવી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. આ પ્રશ્ન એટલો વિવાદાસ્પદ બન્યો છે કે ભાજપ અને કોંગ્રેસના નગરસેવકોએ બોર્ડમાં એલઓપીમાં વૈકલ્પિક વળતર અંગેના નિયમો મામલે સવાલ પૂછ્યા છે.

# કામ ઓછું ભાવ વધુ: કનક રોડ ફાયર સ્ટેશન બિલ્ડીંગ બનાવવાની દરખાસ્તમાં રિ-ટેન્ડરીંગના આદેશ

## વોર્ડ નં.૨, ૧૧ અને ૧૭માં સ્ટાફ ક્વાર્ટર સાથે ફાયર સ્ટેશન બનાવવાનું કામ ડાઉનથી અપાયું તો કનક રોડ ફાયર સ્ટેશનના બિલ્ડીંગના કામમાં કેમ ૧૬.૭૪ ટકા સુધી તગડી ઓન આવી? અધિકારીઓની 'કારી' ખડી સમિતિ સામે નિષ્ફળ

શહેરના સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં વોર્ડ નં.૭માં કોર્પોરેશનની મુખ્ય કચેરીના પાછળના ભાગે કનક રોડ પર આવેલા હયાત ફાયર સ્ટેશનનું બિલ્ડીંગ તોડી પાડી તેના સ્થાને ગ્રાઉન્ડ ફ્લોર ઉપરાંત ત્રણ માળનું નવું બિલ્ડીંગ બનાવવા માટે રૂ.૧૨.૪૨ કરોડનો ખર્ચ મંજૂર કરવાની દરખાસ્ત સ્ટેન્ડિંગ કમિટી દ્વારા નામંજૂર કરવામાં આવી છે. કામ ઓછું અને ભાવ વધુ લાગતા આ કામ માટે રિ-ટેન્ડરીંગ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.

આ અંગે વધુ માહિતી આપતા સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીનભાઈ ઠાકરે જણાવ્યું હતું કે તાજેતરમાં કોર્પોરેશન દ્વારા શહેરના વોર્ડ નં.૨માં બજરંગવાડી વિસ્તાર, વોર્ડ નં.૧૧માં મવડી વિસ્તાર અને વોર્ડ નં.૧૭માં કોઠારિયા વિસ્તારમાં ફાયર સ્ટેશન કમ સ્ટાફ ક્વાર્ટર બનાવવા માટે ખર્ચ મંજૂર કરવામાં આવ્યો છે. જેમાં વોર્ડ નં.૨માં પ્રતિ ચોરસ મીટર બાંધકામનો ભાવ રૂ.૨૫૨૪ જેવો આવ્યો હતો. વોર્ડ નં.૧૧માં પ્રતિ ચોરસ મીટર ભાવ રૂ.૨૨૦૨ અને વોર્ડ નં.૧૭માં રૂ.૨૭૬૬નો ભાવ આવ્યો હતો. અહિં ત્રણેય વોર્ડમાં આ કામ માટે એસ્ટીમેટની રકમ કરતા ભાવ ડાઉનમાં આવ્યા હતા. સાથોસાથ સ્ટાફ ક્વાર્ટરના કામનો પણ સમાવેશ થતો હતો. દરમિયાન વોર્ડ નં.૭માં કનક રોડ પર આવેલા ફાયર સ્ટેશનના હયાત બિલ્ડીંગને તોડી તેના સ્થાને ગ્રાઉન્ડ ફ્લોર ઉપરાંત ત્રણ માળનું બિલ્ડીંગ બનાવવા માટેના કામમાં ૧૬.૭૪ ટકા વધુ ભાવ આવ્યા છે. રૂ.૧૨.૪૨ કરોડનો ખર્ચ મંજૂર કરવા સ્ટેન્ડિંગમાં દરખાસ્ત રજૂ કરાય હતી. ૧૬૧૪ ચોરસ મીટરના બાંધકામનો ખર્ચ પ્રતિ ચોરસ મીટર રૂ.૨૯૮૧ જેવો આવતા આજે સ્ટેન્ડિંગ કમિટીને ભાવમાં મોટી વિસંગતતા જણાતા દરખાસ્ત મંજૂર કરવાના બદલે આ કામ માટે રિ-ટેન્ડરીંગની સૂચના આપવામાં આવી છે. ચેરમેને વધુમાં ઉમેર્યું હતું કે અઢીથી ત્રણ કરોડ રૂપિયાનો ખર્ચ વધુ જણાય રહ્યો છે. સાથોસાથ સ્ટાફ ક્વાર્ટર બનાવવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો ન હોય અધિકારીઓને સ્ટાફ ક્વાર્ટર સાથે નવું ફાયર સ્ટેશન બિલ્ડીંગ બનાવવા ટેન્ડર પ્રસિધ્ધ કરવા સૂચના આપવામાં આવી છે.

# દિવાળી પહેલા રસ્તા ટનાટન થઈ જશે: ૧ઓક્ટોબરથી ડામર એક્શન પ્લાનના કામ યુદ્ધના ધોરણે શરૂ

## વરસાદે વિરામ લેતાની સાથે જ પેચવર્કના કામ શરૂ કરી દીધું કોર્પોરેશને: નવરાત્રિ પહેલા ગરબી ચોક રિપેર થઈ જશે

**અબતક, રાજકોટ**

શહેરના તમામ વોર્ડમાં પાણી વિતરણ માટે ડીઆઈ પાઈપલાઈન બિછાવવા મોટા પ્રમાણમાં રોડ ખોદી નાંખવામાં આવ્યા છે. આ ઉપરાંત ભારે વરસાદના કારણે પણ રોડ-રસ્તાને પારાવાર નુકશાની થવા પામી છે. સ્માર્ટ સિટી રાજકોટના રાજમાર્ગોની દશા ગામડાના રસ્તાઓથી પણ ખરાબ થઈ જવા પામી છે. ત્રણેય ઝોન માટે ડામર એક્શનના કામ માટે રૂ.૧૨૬ કરોડનો ખર્ચ મંજૂર કરવામાં આવ્યો છે. દરમિયાન આગામી ૧-ઓક્ટોબરથી શહેરના તમામ ૧૮ વોર્ડમાં યુદ્ધના ધોરણે રસ્તા રિપેરીંગની કામગીરી શરૂ કરી દેવામાં આવશે. તેવી જાહેરાત આજે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીનભાઈ ઠાકર દ્વારા કરવામાં આવી છે. જો વરસાદનું વિઘ્ન નહિં આવે તો દિવાળી પહેલા શહેરના તમામ રસ્તાઓ ફરી ટનાટન બનાવી દેવામાં આવશે.

આજે પત્રકારો સાથેની વાતચિત દરમિયાન તેઓએ જણાવ્યું હતું કે છેલ્લા ઘણા દિવસોથી શહેરમાં મેઘરાજાએ વિરામ લીધો છે. જેના કારણે કોર્પોરેશન દ્વારા પેચવર્કના કામો મોટાપાયે શરૂ કરી દેવામાં આવ્યા છે. હવે ચોમાસાની સિઝન વિદાય લેવા ભણી છે ત્યારે આગામી ૧-ઓક્ટોબરથી શહેરના ત્રણેય ઝોનમાં ૧૮ વોર્ડમાં ડામર

## ઈસ્ટ ઝોનમાં રૂ.૭૪.૦૩ કરોડ, વેસ્ટ ઝોનમાં રૂ.૩૧.૧૫ કરોડ અને સેન્ટ્રલ ઝોનમાં રૂ.૩૧.૩૧ કરોડના ખર્ચે રસ્તાઓ ડામરથી મઢાશે

એક્શનના કામ યુદ્ધના ધોરણે શરૂ કરી દેવામાં આવશે. જો વરસાદ વેરી નહિં બને તો દિવાળી પહેલા તમામ રસ્તાઓ ટનાટન થઈ જશે. તેઓએ ઉમેર્યું હતું કે શહેરના ઈસ્ટ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૪, ૫, ૬, ૧૫, ૧૬ અને ૧૮ના વિવિધ વિસ્તારોમાં ડામર એક્શન અને મેટલીંગના કામ માટે આજે રૂ.૭૪.૦૩ કરોડનો ખર્ચ મંજૂર કરવામાં આવ્યો છે. આ પૂર્વે શહેરના વેસ્ટ ઝોન વિસ્તારમાં વોર્ડ નં.૧, ૮, ૯, ૧૦, ૧૧ અને ૧૨માં રસ્તા કામ અને મેટલીંગના કામ માટે રૂ.૩૧.૧૫ કરોડનો ખર્ચ સ્ટેન્ડિંગ કમિટી દ્વારા મંજૂર કરવામાં આવ્યો છે. જ્યારે સેન્ટ્રલ ઝોનમાં સમાવિષ્ટ વોર્ડ નં.૧, ૩, ૭, ૧૩, ૧૬ અને ૧૭ માટે રૂ.૩૧.૩૧ કરોડનો ખર્ચ મંજૂર કરવામાં આવ્યો છે. ત્રણેય ઝોનમાં ડામર એક્શનના કામ માટે આ વર્ષે વધુ ખર્ચ મંજૂર કરવામાં આવ્યો છે.

વરસાદે વિરામ લીધો હોય ખાડા બૂરવા માટે પેચવર્ક શરૂ કરી દેવામાં આવ્યું છે. નવરાત્રિ પહેલા ગરબી ચોકમાં પેચવર્ક, પેવિંગ બ્લોક કે સિમેન્ટ રોડ બનાવવાનું કામ પુરૂં કરી દેવામાં આવશે. મોટા પાયે ડામર એક્શનના કામો આગામી એક પખવાડીયામાં શરૂ કરી દેવાશે.

# યુનિટી ફાઉન્ડેશન આયોજિત નવરાત્રિ મહોત્સવમાં પ્રાચીન ગરબી સાથે અર્વાચીન રાસની રંગત જામશે

## “અબતક”ની શુભેચ્છા મુલાકાતે આવેલા આયોજકોએ કાર્યક્રમ અંગે માહિતી આપી ખેલૈયાઓ માટે શ્રેષ્ઠ સિંગર, ઓરકેસ્ટ્રા, સાઉન્ડ સિસ્ટમ અને ઉત્તમ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની વ્યવસ્થા

**અબતક, રાજકોટ**

સમાજને કંઈક પાછું આપવાના ઉમદા ઉદ્દેશ્યથી કાર્યરત યુનિટી ફાઉન્ડેશન દ્વારા આ વર્ષે પણ યુનિટી ફાઉન્ડેશન ચેરમેન અને ભાજપ પ્રદેશ ઉપાધ્યક્ષ ભરતભાઈ બોઘરા અને ગુજરાત બિલ્ડર એસો.ના ચેરમેન પરેશભાઈ ગજેરાના માર્ગદર્શન હેઠળ નવરાત્રી મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. સમાજ એકતાથી રાષ્ટ્રીય એકતાના સંકલ્પ સાથે આયોજિત આ કાર્યક્રમમાં પ્રાચીન ગરબી અને અર્વાચીન દાંડિયારાસનું અનોખું મિશ્રણ જોવા મળશે, જે સમગ્ર ગુજરાતમાં એક અનોખી પહેલ છે. આ આયોજન રાજકોટના નવરાત્રી પ્રેમીઓ માટે એક અવિસ્મરણીય અનુભવ બની રહેશે.

અબતકની શુભેચ્છા મુલાકાતે આવેલા આયોજકો ફાઉન્ડેશનના પ્રમુખ હરેશભાઈ કાનાણી, ઉ.પ્રમુખ વિજય તોગડીયા, જીજ્ઞેશ કિયાડા, નૈમિષ પટેલ, ધીરુભાઈ આસોદરિયા, ચંદુભાઈ કાપડિયા, વિપુલ પટેલ, રસિકભાઈ સોરઠીયા, અમિતભાઈ વેકરીયાએ કાર્યક્રમ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે યુનિટી ફાઉન્ડેશન છેલ્લા ત્રણ વર્ષથી હિન્દુ સંસ્કૃતિના જતન અને સંરક્ષણ માટે વિવિધ સમાજ ઉપયોગી પ્રવૃત્તિઓ કરી રહ્યું છે. જેમાં



પ્રાચીન ગરબી, વૈદિક હોળી, જરૂરિયાતમંદ દીકરીઓના સમૂહ લગ્ન, યોગ દિવસ અને મેડિકલ સેવાઓનો સમાવેશ થાય છે. આ પ્રવૃત્તિઓમાં સમાજના અગ્રણીઓ જેવા કે ડોકટરો, વકીલો, એન્જિનિયરો, ઉદ્યોગપતિઓ અને રાજકીય આગેવાનોનો સહયોગ મળે છે.

આ ભવ્ય નવરાત્રી મહોત્સવ શહેરની મધ્યમાં, નાનામવાના સત્યસાઈ રોડ પર આવેલા આલાપ હેરિટેજની બાજુના ગાર્ડનમાં યોજાશે. તારીખ ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૫ થી ૦૧ ઓક્ટોબર, ૨૦૨૫ દરમિયાન યોજાનારા આ કાર્યક્રમમાં સાંજે ૮ થી ૧૦ વાગ્યા સુધી પ્રાચીન ગરબી અને ત્યારબાદ ૧૦ થી ૧૨ વાગ્યા સુધી અર્વાચીન દાંડિયારાસનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રાચીન ગરબા માટે છેલ્લા એક મહિનાથી નિષ્ણાંત કોરિયોગ્રાફર દ્વારા અંદાજે ૨૨૧ બાળાઓને ટ્રેનિંગ આપવામાં આવી રહી છે.

આયોજકો દ્વારા ખેલૈયાઓ માટે શ્રેષ્ઠ સિંગર, ઓર્કેસ્ટ્રા, સાઉન્ડ સિસ્ટમ અને ઉત્તમ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની વ્યવસ્થા કરવામાં આવી છે. સમગ્ર પરિવાર એક જ સ્થળે નવરાત્રીની મજા માણી શકે તે માટે ખાસ ધ્યાન રાખવામાં આવ્યું છે. આ કાર્યક્રમ માટે પાસની કિંમત ખૂબ જ વ્યાજબી રાખવામાં આવી છે અને તેમાંથી મળતી રકમનો ઉપયોગ આગામી સમૂહ લગ્ન માટે કરવામાં આવશે. લોકોની સુરક્ષા અને સલામતી માટે યુનિટી ફાઉન્ડેશન દ્વારા વિશાળ ગ્રાઉન્ડ, બાઉન્સર્સ, સિક્યોરિટી સિસ્ટમ અને સીસીટીવી કેમેરા જેવી સુવિધાઓ પૂરી પાડવામાં આવી છે.

આ ભવ્ય આયોજન દ્વારા જે રકમ એકત્ર થશે તેનો ઉપયોગ ૧૧ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ આયોજિત જરૂરિયાતમંદ, માતા-પિતા વિહોણી, આર્મીમેન અને દિવ્યાંગ દીકરીઓના સમૂહ લગ્ન માટે કરવામાં આવશે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે યુનિટી ફાઉન્ડેશનના ટ્રસ્ટીઓ સહિતની સમગ્ર ટીમ સખત મહેનત કરી રહી છે.

# વાતાવરણમાં કાર્બન ડાયોકસાઈડના વધતા પ્રમાણને અટકાવવું હવે ખૂબ જ અનિવાર્ય: ડો. ત્રિમાબેન ઠાકુર

## વી.વી.પી. કોલેજમાં ભવિષ્યને સશક્ત બનાવવા રિન્યુએબલ એનર્જી દ્વારા વિશ્વ વિકાસ વિષયે યોજાયો સેમિનાર




વાતાવરણમાં આવેલ બદલાવને આજે દરેક વ્યકિત અનુભવી શકે છે. ડો. ત્રિમા ઠાકુરે વધુમાં જણાવેલ કે વી.વી.પી. ની ઘણી જગ્યાએ (અનુ. આઠમા પાને)

**અબતક, રાજકોટ**

રાજકોટની જાણીતી વી.વી.પી. એન્જી. કોલેજમાં ભવિષ્યને શસકત બનાવવા રિન્યુએબલ એનર્જી દ્વારા વૈશ્વિક વિકાસ વિષયે સફળ રીતે સેમીનાર યોજાયો હતો.

આ સેમીનારમા મુખ્ય વકતા ડો. ત્રિમાબેન ઠાકુરે જણાવેલ કે વાતાવરણમાં કાર્બન ડાયોકસાઈડ CO2x નું પ્રમાણ વધતું અટકાવવું તે અનિવાર્ય જરૂરિયાત છે. આ બાબત વિવિધ પેરામિટર વિદ્યાર્થીઓ સામે રજૂ કરેલ. વિકસીત દેશો વિકાસશીલ દેશો વગેરેમાં નાગરીકો કેટલી વીજળીનો ઉપયોગ કરે છે. તથા ભારતમાં પ્રદુષણ થવા પાછળના કયા કયા સેકટરનો કેટલો હિસ્સો છે. આના માટે રિન્યુએબલ એનર્જી કઈ રીતે ઉપયોગી થઈ શકે તથા રિન્યુએબલ એનર્જીમાં ખાસ ઉપયોગી એવા બે ઈંધણ હાઈડ્રોજન તથા પરમાણું પ્રોજેકટ જેના દ્વારા ઉત્પન્ન થતિ ઉર્જા નહિવત CO2x ઉત્પન્ન કરતી હોઈ છે. હાલ ભારતના નાગરિકો વિજળીની ઉપયોગીતા ૧૨૦૦ કીલો વોટ છે. જયારે વિકસીત રાષ્ટ્રોની ઉપયોગીતા ૧૪૦૦૦ કીલો વોટ છે. ભારતમા આટલી ઓછી હોવા છતા આપણે જોઈ છીએ કે ગરમી, વરસાદ અને



# સ્થાનકવાસી જૈન પ્રતિક્રમણ યોજના મંડળ દ્વારા તપસ્વીઓનું કરાયું સન્માન

## ૧૧૦ પ્રતિક્રમણ કરાવનાર, ૧૧ તપસ્વીઓને અપાયા રોકડ પુરસ્કાર



**અબતક, રાજકોટ**

રાજકોટમાં ૫૩ વર્ષથી કાર્યરત સ્થાનકવાસી જૈન પ્રતિક્રમણ યોજના મંડળના આદ્ય સ્થાપક સ્વ. મુળવંતભાઈ દોમડીયા દ્વારા કંડારાયેલી કેડી મુજબ મંડળ દ્વારા પ્રતિક્રમણ કરાવનારા અને તપસ્વીઓનો સન્માન સમારોહ યોજાયો હતો.

રાજકોટના રમેશભાઈ દોમડીયા દ્વારા જણાવવામાં આવ્યું છે કે

સ્થાનકવાસી જૈન પ્રતિક્રમણ યોજના મંડળ છેલ્લા ૫૩ વર્ષથી કાર્યરત છે. ૧૧૦ થી વધુ ભાઈઓ બહેનો દવારા પર્યુષણ પર્વનાં આઠેય દિવસ દરમ્યાન ૮૪ થી વધુ સ્થળોએ પ્રતિક્રમણ કરાવવામાં આવેલ. પૂર્ણ પ્રતિક્રમણ કરાવનારને રૂપિયા ૨૫૦૦/- નો પુરસ્કાર તથા માંગલિક સુધી પ્રતિક્રમણ કરાવનારને રૂપિયા ૧૫૦૦/- નો પુરસ્કાર અર્પણ કરવામાં આવ્યો તેમજ આઠથી વધુ ઉપવાસની તપસ્યા કરનાર ૧૧ થી વધુ તપસ્વીઓને રૂપિયા ૫૦૦/- નો પુરસ્કાર અર્પણ કરવામાં આવ્યો તેમજ આવતા વર્ષે ૨૧ વર્ષ સુધી ઉંમરના નવા ભાઈઓ બહેનો દ્વારા સ્થાનકવાસી જૈન પ્રતિક્રમણ કંઠસ્થ કરીને આપવામાં આવશે તેમને રૂપિયા ૧૧૦૦૦/- નો પુરસ્કાર આપવામાં આવશે તે જનસેવા ટ્રસ્ટના પ્રમુખ અજયભાઈ વખારિયાએ જનસેવા ટ્રસ્ટને લગતી માહિતી આપી હતી. રક્ષિતભાઈ મહેતા એ જૈન સ્તવનો ગાયા હતા. સમગ્ર કાર્યક્રમ ને સફળ બનાવવા માટે રમેશભાઈ દોમડીયા, વીજયભાઈ વોરા, મયુરભાઈ મહેતા, જયેશભાઈ મહેતા, સેજલભાઈ કોઠારી, હીમાંશુભાઈ પારેખ, ભરતભાઈ કોઠારી, પ્રદીપભાઈ પારેખ, અતુલભાઈ ખજુરીયા, ધર્માંગભાઈ શાહ એ જહેમત ઉઠાવેલ હતી.

# રેલ કર્મચારીઓના બાળકોની નિબંધ લેખન સ્પર્ધાના વિજેતાઓને ઈનામોથી નવાજીયા



## સ્પર્ધકોને અનેક વિધ ઉપહારો અપાયા: બાળકોમાં ભારે ઉલ્લાસ છવાયો

**અબતક, રાજકોટ**

રાજકોટ રેલવે કર્મચારીઓના બાળકોના જ્ઞાન કૌશલ્ય અને આત્મ વિશ્વાસમાં વધારો થાય તે માટે નિબંધ - લેખન સ્પર્ધાના વિજેતાઓને ઈનામોની નવાજયામાં આવ્યા હતા.

પશ્ચિમ રેલ્વે મહિલા કલ્યાણ સંસ્થા રાજકોટ ડિવિઝન દ્વારા તા. ૧૪ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ રેલ કર્મચારીઓના બાળકો માટે નિબંધ લેખન સ્પર્ધાનું સફળ આયોજન કરવામાં આવ્યું, જેમાં કુલ ૩૨ બાળકો ઉત્સાહપૂર્વક જોડાયા. રાજકોટ ડિવિઝન રેલ પ્રબંધક ગિરિરાજ કુમાર મીનાની પ્રેરક હાજરીમાં, સંસ્થાની સચિવ આર્યાએ આ સ્પર્ધાનો પ્રારંભ કરાવ્યો હતો અને ડિવિઝન રેલ પ્રબંધકે બાળકોને શુભેચ્છા પાઠવી હતી.

સ્પર્ધામાં બાળકોને તેમની વય મુજબ રસપ્રદ વિષયો આપવામાં આવ્યા હતા, મારી મનપસંદ વાનગી, મારા દાદા-દાદીના ઘરે એક મજેદાર દિવસ, મારો મનપસંદ ભારતીય તહેવાર, શું એ.આઈ. ભવિષ્ય માટે ખતરો બનશે કે લાભદાયક થશે વગેરે. આ આયોજન રવિવારની રજાના દિવસે કલ્યાણ નિરીક્ષક ડિવિઝન દ્વારા કરવામાં આવ્યું.

બધા ભાગ લેનાર બાળકોને લેખન કીટ (પેન, પેન્સિલ, શાર્પનર, રબર અને સ્કેલ) આપવામાં આવી અને રિફ્રેશમેન્ટ પણ આપવામાં આવ્યું. આ સ્પર્ધાનો હેતુ બાળકોની ભાષા, વિચારશક્તિ અને સર્જનાત્મકતાને પ્રોત્સાહન આપવાનો છે, જેથી તેમનો આત્મવિશ્વાસ વધે, જ્ઞાનમાં વૃદ્ધિ થાય અને તેઓ પોતાની પ્રતિભાને નીખારીને વ્યકિતત્વ વિકાસ તરફ આગળ વધી શકે.

# વગડ ચોકથી ટીલાળા ચોક સુધી સીસીરોડના કામનું ખાતમુહુર્ત કરતા મંત્રી ભાનુબેન બાબરિયા



રાજકોટ શહેર ભાજપ મહામંત્રી વિરેન્દ્રસિંહ ઝાલા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનિષભાઈ રાડીયા, પૂર્વ મેયર ડો.પ્રદિપ ડવ, કોર્પોરેટર રણજીતભાઈ સાગઠીયા, વિનોદભાઈ સોરઠીયા, મગનભાઈ સોરઠીયા, ભારતીબેન પાડલીયા, (અનુ. આઠમા પાને)



**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા વોર્ડ નં.૧૧માં આવેલ વગડ ચોકથી ટીલાળા ચોક સુધી રૂ.૬.૭૪ કરોડના ખર્ચે સી.સી.રોડ કરવાના કામનું ખાતમુહૂર્ત સામાજિક ન્યાય અને અધિકારીતા, મહિલા અને બાળ કલ્યાણ વિકાસ વિભાગ-ગુજરાત સરકારના ભાનુબેન બાબરીયાના હસ્તે કરવામાં આવ્યું હતુ.

આ ખાતમુહૂર્ત કાર્યક્રમમાં મંત્રી ભાનુબેન બાબરીયા, મેયર નયનાબેન પેઢડીયા, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, પૂર્વ ધારાસભ્ય લાખાભાઈ સાગઠીયા, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડો.માધવ દવે,

# વૈજ્ઞાનિક જે.જે. રાવલની યુરેનસના ઉપગ્રહોની આગાહી સાચી પડી: નાસાએ કરી પૃષ્ટિ

## લોક વિજ્ઞાન કેન્દ્ર ખાતે સેમિનાર યોજાયો: બિગ બેગ એસ્ટ્રોનોમી કલબમાં જોડાવવા અનુરોધ

**અબતક, રાજકોટ**

**રિપોર્ટર:-** અરૂણ દવે

**કેમેરામેન:-** હર્ષ ઝીંઝુવાડીયા





શહેરમાં લોક વિજ્ઞાન કેન્દ્ર ખાતે વિદ્યાર્થીઓ વિજ્ઞાન પરત્વે ઊંડો રસ લે અને વિવિધ સંશોધન બાબતે ઈનોવેશન કરે તેવા હેતુથી નિયમિત વિવિધ આયોજન થાય છે, જેમાં ડાયરેકટર ડો. આર.જે. ભાયાણી અને એસ્ટ્રોનોમીના તજજ્ઞ નિલેશ રાણાના માર્ગદર્શનમાં રસ ધરાવતા માટે કાર્યક્રમો યોજાય છે.પ્રોફેસર પી.સી. વૈદ્ય એ સ્ટ્રોનોમિકસ એન્ડ એસ્ટ્રોફિઝિકલ રિચર્સ સેન્ટર દ્વારા દેશના વિશ્વ વિખ્યાત ખગોળશાસ્ત્રી ડો. જે.જે. રાવલનો સેમિનાર યોજવામાં આવેલ હતો. જેમાં મોટી સંખ્યામાં રસ ધરાવતા લોકો હાજર રહ્યા હતા. વિવિધ પ્રશ્નોના આધારો વાળા જવાબ પણ અપાયા હતા.

જે.જે. રાવલના થોડા વર્ષો પહેલા પ્રકાશિત થયેલ એક રિચર્સ પેપરમાં યુરેનસ ગ્રહથી ચોકકસ અંતરે એકથી વધારે ઉપગ્રહ આવેલા હોય તેવી આગાહી ગણીતની મદદથી કરેલ હતી, જેની હાલમાં જ નાસાએ પૃષ્ટિ કરી છે. આવી વિવિધ સિધ્ધી આપણા જે.જે. રાવલે મેળવીને દુનિયામાં ભારતનું નામ રોશન કરેલ છે.

ભૂતકાળમાં પણ ડોકટર રાવલે યુરેનસ અને નેટપ્ચ્યુનના વલયો તેમજ ઉગરો વિશે જે જે આગાહી કરી હતી તે નાસાના પાયોનીયર અને વોયેજર મિશને સચોટ રીતે સાબિત કરી હતી.

### વિદ્યાર્થીઓ વિજ્ઞાનમાં વધુ રસ લેતા થાય તે જરૂરી: નિલેશ રાણા (એસ્ટ્રોનોમી કલબ)



વિજ્ઞાન કેન્દ્ર ખાતે વિદ્યાર્થીઓ અને વિજ્ઞાનમાં રસ ધરાવતા માટે વિવિધ કાર્યક્રમો નિ:શુલ્ક યોજવામાં આવે છે. ‘અબતક’ સાથેની વાતચીતમાં કલબના નિલેશભાઈ રાણાએ જણાવેલ કે છાત્રો વિજ્ઞાનમાં સંશોધન બાબતે સક્રિય રસ લે અને ખગોળ શાસ્ત્રના જ્ઞાન સાથે વિવિધ ગ્રહો દુરબીનની મદદથી નિહાળે તે જરુરી છે.

આપણાં બ્રહ્માંડના ભવિષ્ય વિષયક અને ખગોળીયા જ્ઞાન વિશેના આ સેમીનારનું સંચાલન ડો. અનામિક શાહે સંભાવેલ હતું. સમગ્ર આયોજન વ્યવસ્થા નિયમક ડો. આર.જે. ભાયાણી અને સંસ્થાના બે નવા રિસર્ચ સેન્ટર વિષયક માહીતી ટ્રસ્ટી કિશોરભાઈ હેમાણીએ આપી હતી.

પંચનાથ પ્લોટના મકાનમાં થયેલી ચોરીનો ભેદ ઉકેલાયો

# વૃદ્ધ પૂજા અર્ચના કરતા રહ્યા અને પૂર્વ ઘરઘાટી આણી ટોળકી પોણા કરોડની મત્તા ઉઠાવી ગઈ’તી

## દોઢ મહિનાનું પ્લાનિંગ અને બે કલાક સુધી ઘરમાં છુપાયા બાદ ચોરીને અંજામ આપ્યો’તો : રૂ. ૭૪.૨૨ લાખનો મુદ્દામાલ કબ્જે, ત્રિપુટી જેલ હવાલે

**અબતક, રાજકોટ**

શહેરના પંચનાથ પ્લોટમાં રહેતા અને એપેક્ષ એડ એજન્સી ચલાવતાં વેપારીના ઘરમાંથી ૬૭ લાખની ચોરીના ગુનાનો ભેદ એ.ડિવિઝન પોલીસે ઉકેલી નાખી વેપારીને ત્યાં અગાઉ ઘરઘાટી તરીકે કામ કરી ચૂકેલા પૂર્વ રાજસ્થાની નોકર સહિત ત્રણને ઝડપી લઇ કુલ ૭૫ લાખથી વધુનો રોકડ-દાગીનાનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. પૂર્વ નોકર પૈસાની ખેંચમાં આવી જતાં પોતે અગાઉ જ્યાં નોકરી કરી ચુક્યો હતો એ વેપારીના દાદાના રૂમમાં આવેલી તિજોરી, તેની ચાવી ક્યાં હોય છે તે સહિતની વિગતથી વાકેફ હોઈ કાવત્રુ ઘડી બે મિત્રોને સાથે લાવી ચોરી કરી ગયો હતો. પૂર્વ નોકરને મોજ શોખ માટે પૈસાની જરૂર હોવાથી કાવત્રુ ઘડી અંજામ આપ્યો હતો. રાતે ત્રણ વાગ્યે ઘરમાં ઘુસી જ્યાં તિજોરી-કબાટ છે ત્યાં બે કલાક છુપાઈ રહ્યો હતો. બાદમાં આ રૂમમાંથી દાદા નીચે પૂજા કરવા જતાં ચોરી કરી લીધી હતી. હાલ ત્રણેય આરોપીઓને જેલ હવાલે કરી દેવાયા છે.

બનાવ અંગે ડીસીપી રાકેશ દેસાઈએ વિગતો આપી જણાવ્યું હતું કે, આ ગુનામાં ત્રણ આરોપી ગોપલકુમાર ભગવતી મીણા (ઉ.વ. ૧૯, ધંધો ઘરકામ તથા ફોટોગ્રાફી રહે. બદાવલી ગામ, સેલમ્બુર, રાજસ્થાન), જગદીશકુમાર દેવીલાલ મીણા (ઉ.વ ૨૨ ધંધો હોટલમા વેઈટર શિવરજની અમદાવાદ, રહે. બદાવલી ગામ રાજસ્થાન) અને મુકેશકુમાર ભેરાજી મીવ્રા (ઉ.વ ૧૯ ધંધા ફોટોગ્રાફી રહે. રાજપુરા રાજસ્થાન) ને પકડી લઈ રોકડા



રૂ. ૯.૯૦ લાખ તથા સોના ચાંદીના દાગીના મળી કુલ રૂ. ૭૪,૨૨,૫૦૦ નો મુદ્દામાલ કબ્જે કરાયો છે. વધુમાં જણાવ્યું હતું કે, ચોરીનો ગુનો ડિટેક્ટ કરવા અલગ અલગ ટીમો કામે લગાડાઈ હતી તે દરમિયાન એ.ડિવિઝન પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ કનુભાઈ બસીયા, સાગરભાઈ માવદીયા, કરણભાઈ વિરસોડીયા અને કોન્સ્ટેબલ ધર્મેશભાઈ ખાંડેખાને ચોક્કસ બાતમી મળી હતી કે, વેપારીના ઘરમાંથી આરોપીએ ચોરી કરી મુદ્દામાલ લઈને પેતાના વતન રાજસ્થાન જવા નિકળેલ છે. જેથી એક ટીમને તાત્કાલીક રવાના કરતા ટીમ દ્વારા આરોપીઓને ચોરી કરેલા તમામ મુદ્દામાલ સાથે પકડી ઘરફોડ ચોરીનો અનડીટેક્ટ ગુન્હો ડીટેક્ટ કરવામાં આવેલ છે.ત્રણ આરોપી પૈકી ગોપાલકુમાર અગાઉ ફરિયાદીના ઘરમાં નોકર તરીકે કામ કરી ચુકેલો હોઈ તે અહીં રૂપિયા દાગીના ક્યાં હોય છે, ક્યાં રૂમમાં શું છે તેનાથી વાકેફ હતો. તેણે આ ઘરમાં ચોરી કરવા બે મિત્રો જગદીશ અને મુકેશને સાથે લઈ તેને કહ્યું હતું કે, જે રોકડ મળે એ તમારા અને દાગીના મળે એ મારા આ રીતે પ્લાન ઘડી અમદાવાદ આવી પોતાના મોબાઈલ ટ્રેસ ન થાય તે માટે અમદાવાદમાં જ ફોન રાખી દઈ ત્રણેય રાજકોટ આવ્યા હતાં.

મુખ્ય સુત્રધાર ગોપાલ રાતે ત્રણ વાગ્યે ફરિયાદી વેપારીના દાદાના રૂમમાં પહોંચી ગયો હતો. તે આ દાદાની સેવા ચાકરીની નોકરી કરી આ રૂમમાં જ રહેતો હતો. તેને ખબર હતી કે તિજોરી લોક કરીને ચાવી અંદર ટીંગાડેલા કોટના ખિસ્સામાં રાખવામાં આવે છે. તે બે કલાક રૂમમાં છુપાઈ રહ્યા બાદ સવારમાં દાદા નીચે પૂજા કરવા જતાં જ ગોપાલે તાળા ખોલી રોકડ-દાગીના ઉસેડી પોટલુ બનાવી નીચે ઉભેલા અન્ય શખ્સોને આપી દીધુ હતું. તે જ્યાંથી ઘુસ્યો હતો એ જ વંડી ઠેકી નીકળી ગયો હતો.ત્રણેય ગ્રીનલેન્ડ

### એ ડિવિઝન પીઆઈ બી વી બોરીસાગર અને પીએસઆઈ એસ એમ રાણા ટીમની કાબિલેદાદ કામગીરી

ચોકડીથી બસમાં બેસી વતન જતાં રહ્યા હતાં. નક્કી થયા મુજબ જ ગોપાલે તમામ રોકડ સાથેના બે મિત્રોને આપી દીધી હતી અને દાગીના પોતે રાખ્યા હતાં. ચોરીની રકમમાંથી ત્રણેયએ મોજશોખ કરી હતી, મંદિરોમાં પ્રસાદ પણ ધરાવ્યો હતો. દાગીના-રોકડનો નીકાલ કરે એ પહેલા એ-ડિવીઝન પોલીસ પહોંચી ગઈ હતી અને ત્રણેયને રૂ. ૭૪,૨૨,૫૦૦ ની કિંમતની રોકડ અને દાગીના સાથે પકડી લીધા હતાં.

ઘરફોડ ચોરીના ગુનાને ડિટેક્ટ કરવાં પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, એડી. સીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી રાકેશ દેસાઈના માર્ગદર્શન હેઠળ પીઆઇ બી.વી.બોરીસાગર, પીએસઆઈ એસ.એમ.રાણા, એએસઆઈ બી.વી.ગોહિલ તથા એમ.એસ.મકવાણા તેમજ હેડ કોન્સ્ટેબલ પ્રવીણભાઈ સોનારા, કનુભાઈ બસીયા, કલ્પેશભાઈ બોરીયા, મહેશભાઈ ચાવડા, કરણભાઈ વિરસોડીયા, સાગરભાઈ માવદીયા, ધારાભાઈ વાનરીયા, કોન્સ્ટેબલ ભાવીનભાઈ ગઢવી, ધર્મેશભાઈ ખાંડેખા અને તેજશભાઈ ડેરની ટીમે આ કામગીરી કરી હતી. ત્રણેય તસ્કરોને હાલ જેલ હવાલે કરાયા હતા.

# તારે અમારી સોસાયટીમાં આવવું નહિ કહી યુવાનના માથામાં છરી ઝીંકી દેવાઈ

## ત્રણ માસ પૂર્વે શેરીમાં વાહન રાખવા બાબતે ઝગડો થયાંનો ખાર રાખી છરીનો ઘા ઝીંકી ઢોકવા વડે માર મરાયો

### ડખ્ખો ટાળવા પોતાનું મકાન છોડી યુવાન પરિવાર સાથે અન્ય સ્થળે ભાડેથી રહેવા ચાલ્યો ગયો’તો : ઘરવખરીની વસ્તુઓ લેવા જતાં ત્રિપુટી તૂટી પડી, આજીડેમ પોલીસમાં ગુનો

**અબતક, રાજકોટ**

શહેરના કોઠારીયા સોલવન્ટ વિસ્તારમાં તારે અમારી સોસાયટીમાં આવવું નહિ કહી ત્રિપુટીએ યુવાન પર હુમલો કર્યો હતો. ત્રણ માસ પૂર્વે શેરીમાં વાહન પાર્ક કરવા મામલે ઝગડો થયાં બાદ યુવાન તેનું મકાન ભાડે ચડાવી અન્ય સ્થળે ભાડેથી રહેવા ચાલ્યો ગયો હતો. દરમિયાન ગઈકાલે ઘરવખરીની વસ્તુઓ લેવા જતાં ત્રણ શખ્સોએ માથાના ભાગે છરી હુલાવી ધોકા વડે માર માર્યો હતો. જે અંગે આજીડેમ પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો.

મૂળ અમરેલી જિલ્લાના ધારી તાલુકાના મોણવેલ ગામના વતની અને હાલ રાજકોટના કોઠારીયા રોડ પર શ્યામ પાર્કમાં રહેતા ૧૮ વર્ષીય યુવાન દર્શનભાઈ છગનભાઈ મકવાણાએ આજીડેમ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે રમઝાન, સાહીલ અને પ્રવીણનું નામ આપતાં જણાવ્યું હતું કે, હું હાલ મારા પરિવાર સાથે ભાડાના મકાનમાં રહું છું તથા અમારે કોઠારીયા સોલવન્ટ ગુજરાત હાઉસિંગ બોર્ડના ક્વાર્ટરમાં ઘરનું મકાન છે. વધુમાં યુવાને જણાવ્યું હતું કે, ગઈ તા.૧૪/૦૯/૨૦૨૫ ના રાત્રિના આઠ વાગ્યે હું મારા ભાડાના મકાનથી કોઠારીયા સોલવન્ટમાં આવેલ મકાનમાં ઘરવખરીની ચીજ વસ્તુ લેવા ગયેલ હતો. ત્યારે ત્યાં બાજુમાં રહેતો રમજાન તથા શાહીલે તારે અહીં અમારી સોસાયટીમાં આવવાનું જ નહીં તેમ કહી ગાળો આપી હતી. મે ગાળો આપવાની ના પાડતા રમજાને તેની પાસે રહેલ છરી મને માથાના ભાગે મારી દીધેલ હતી. જયારે સાહિલે મને ઢીકાપાટુનો માર માર્યો હતો. દરમિયાનપ્રવીણ તેના હાથમાં લાકડાનો ધોકો લઈને ધસી આવેલ હતો અને મને હાથના ભાગે ધોકા વડે મારવા લાગેલ હતો. જેના લીધે મને ડાબા હાથની કોણીના ભાગે મુંઢ ઈજા થયેલ હતી. બાદ મારથી બચવા હું ત્યાંથી ભાગી ગયો હતો અને બાદ મારા ભાઈ સંજયને મેં કોલ કરી બનાવની જાણ કરી હતી. જેથી મારો ભાઈ સંજય મારી પાસે આવેલ અને ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી સારવાર અર્થે મને સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો. યુવાને હોસ્પિટલના બિછાનેથી નોંધાવેલી ફરિયાદમાં બનાવનું કારણ જણાવતા કહ્યું હતું કે, ત્રણેક માસ પહેલા કોઠારીયા સોલવન્ટમાં અમારા ઘરના મકાનમાં રહેતા હતા. ત્યારે ગાડી પાર્ક કરવા બાબતે રમજાન સાથે બોલાચાલી થયેલ હતી. બાદ અમે તે ઘર બંધ કરી ભાડે રહેવા ગયેલ હતા. જે બાબતનો ખાર રાખી આ હુમલો કરવામાં આવ્યો હતો. બનાવને પગલે આજીડેમ પોલીસની ટીમે હુમલા સહીતની કલમો હેઠળ ગુનો નોંધી ત્રિપુટીની શોધખોળ હાથ ધરી હતી.

# ગોંડલ રોડ પર બાઈક જોઈને ચલાવવાનું કહેતાં એસટી કંડકટર પર હુમલો

## પી.ડી.માલવીયા કોલેજ નજીક તલાટી મંત્રીની પરીક્ષા આપી રોડ પર ઉભા યુવાનના પગ વચ્ચે બાઈક ઘુસાડી દઈ ભાવિન જરીયા નામના શખ્સે બેફામ ફટકાર્યો

### બોલ બોલ કરીશ તો તને અહીંયા જ મારી નાંખીશ કહીં ધમકી : માલવીયાનગર પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી કાયદાના પાઠ શીખવ્યા

**અબતક, રાજકોટ**

શહેરમાં તદ્દન નજીવી બાબતે હુમલાથી માંડી હત્યા સુધીના બનાવો છાસવારે સામે આવતા હોય છે ત્યારે આવો વધુ એક બનાવ સામે આવ્યો છે. જેમાં પી.ડી.માલવીયા કોલેજ પાસે તલાટી કમ મંત્રીની પરીક્ષા આપી રોડ પર ઉભેલ એસટી કંડકટર પર લુખ્ખાએ હુમલો કર્યો હતો. બાઈક જોઈને ચલાવવાનું કહેતાં એસટી કંડકટર પર હુમલો કરનાર ભાવિન જરીયા નામના શખ્સની પોલીસે ધરપકડ કરી કાયદાનું ભાન કરાવ્યું હતું.

મામલામાં વઢવાણના ખેરાડી ગામે રહેતાં મહેન્દ્રભાઈ મનુભાઈ મોરી (ઉ.વ.૨૭) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે રાજકોટના ભાવિન જરીયા નામના શખ્સનું નામ આપતાં માલવીયાનગર પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી.વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ સુરેન્દ્રનગર ડેપોમાં કંડકટર તરીકે ફરજ બજાવે છે. ગઈકાલે તેને રામનગરમાં આવેલ સરોજની નાયડુ ગર્લ્સ હાઈસ્કુલમાં તલાટી ક્મ મંત્રીની પરીક્ષા આપવા આવેલ હતો. તે પરીક્ષા પૂર્ણ કરી સ્કૂલેથી ચાલીને આવતો હતો અને પીડીએમ કોલેજના ખૂણે પહોંચી ત્યાં ઉભો હતો. ત્યારે એક બાઈક ચાલક પોતાનું બાઈક ચલાવી ઘસી આવી તેમના બંને પગ વચ્ચે આવવા દીધેલ હતું. જેથી તેને કહેલ કે, ધ્યાનથી ચલાવો પરંતુ તે બાઈક ઉપરથી ઉતરી સીધા જ ઢોર મારવા લાગેલ હતો. જેથી ફરીયાદીએ તેને રોકવાનો પ્રતિકાર કરેલ પરંતુ તે માનેલ નહીં અને ઢોર માર મારવા લાગેલ હતો. તેમજ હાથ પકડીને એકદમ વાળી દીધેલ હતો. આરોપીએ ફરીથી યુવાનનું ટીશર્ટ પકડીને માર મારવા લાગેલ હતો. જેથી તેને કહેલ કે, મારો કાંઈ વાંક નથી, એક તો હું તમને સમજાવું છું અને તમે મને મારો છો કહેતાં આરોપીએ કહેલ કે, બોલ બોલ કરમા નહિતર તને અહીંયા જ મારી નાંખીશ અને તને કહેલ કે, મારું નામ ભાવિન ઝરીયા છે, તારે જે થાય તે મારું કરી લેજે તેમ કહી વધુ માર મારેલ હતો. તે દરમિયાન ત્યાં હાજર લોકોએ તેમને છોડાવેલ હતા. બાદમાં આરોપી ભાવિન ઝરિયા ત્યાંથી પોતાનું બાઈક લઈ ભાગી ગયેલ હતો.બાદમાં ફરીયાદીએ પોલીસમાં ફોન કરતા પોલીસની ગાડી આવી ગયેલ અને ભાવિન ઝરીયાને પકડી પોલીસ તેમની સાથે લઈ ગયેલા હતી. યુવાનને ઈજા પહોંચેલ હોય જેથી તેમને ૧૦૮ મારફત સારવારમાં સીવીલ હોસ્પિટલ બાદ ખાનગી હોસ્પિટલમાં ખસેડેલ હતો. બનાવવા અંગેની ફરિયાદ પરથી માલવીયાનગર પોલીસે ગુનો નોંધી આરોપી ભાવિન ઝરીયાની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# તારી દુકાનનું દૂધ પીવાથી મારો ભાણેજ બિમાર પડ્યો કહી ભગવતીપરાના સુપર માર્કેટમાં તોડફોડ

### સુખસાગર સોસાયટીમાં આવેલ શ્રી માતેશ્વરી સુપર માર્કેટમાં ધસી જઈ બેલડીએ લોખંડના સળીયાથી કાઉન્ટરનો કાચ ફોડી પથ્થરમારો કર્યો: બી ડિવિઝન પોલીસ મથકમાં ગુનો

**અબતક, રાજકોટ**

શહેરના ભગવતીપરા વિસ્તારમાં આવેલ શ્રી માતેશ્વરી સુપર માર્કેટમાં અજાણ્યાં શખ્સે લોખંડના સળીયાથી દુકાનના કાઉન્ટરનો કાચ ફોડી નાંખી પથ્થરમારો કર્યો હતો. બનાવ અંગે બી. ડિવિઝન પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો. બનાવ અંગે ભગવતીપરામાં સુખસાગર શેરી નં.૬, અંબીકા પાર્ક સોસાયટીમાં શ્રી માતેશ્વરી સુપર માર્કેટ નામની દુકાનમાં રહેતાં મુળ રાજસ્થાનના વતની મહાવીરસિંહ તગતસિંહ રાઠોડ (ઉ.વ.૨૪) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે બે અજાણ્યાં શખ્સોના નામ આપતાં બી. ડિવિઝન પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તે શ્રી માતેશ્વરી સુપર માર્કેટ નામની દુકાન ચલાવે છે અને તેમાં જ રહે છે. તે



ભગવતીપરામાં રહેતાં આ દુકાનના માલિક રહિમખાન ઉર્ફે અનિશભાઈ રસિદખાન પઠાણ સાથે પાર્ટનરશીપમા દુકાન ચલાવે છે.ગઈ તા. ૧૨ ના રાત્રીના આશરે અગીયારેક વાગ્યાની આસપાસ તે અને ભાણીયો ગોવિંદકુમાર મીણા બંને દુકાન ખાતે હાજર હતા ત્યારે એક અજાણ્યો શખ્સ ઈલેક્ટ્રીક એકટીવા લઈને આવેલ જેમને માથાના ભાગે ટોપી પહેરેલ હતી. તે દુકાને આવીને કહેવા લાગેલ કે, બે દીવસ પહેલા હું તારી દુકાનેથી દુધની થેલી લઈ ગયેલ હતો, જે દુધ પીવાના લીધે મારો ભાણેજ માંદો પડેલ છે, તેમ કહેતા તેને કહેલ કે, તમારો ભાણેજ કયા માંદો પડયો અને કયા દવાખાને સારવારમાં છે મને જણાવો હું તમારી મદદ કરવા તૈયાર છું.દરમિયાન તે એકદમ ઉશ્કેરાઈને તેની સાથે લાવેલ લોખંડના સળીયાથી દુકાનના કાઉન્ટર પર ત્રણ-ચાર ઘા કરીને કાચનું કાઉન્ટર તોડી નાખેલ હતું.ઉપરાંત તેના એકટીવા પાસે જઈને તેની સાથે એક પથ્થરો ભરેલ ડોલ લઈને આવેલ હતો જેમાથી છૂટા પથ્થરના દુકાનમાં ઘા કરી મારી દુકાનના કાચ તથા માલસામાનને નુકશાન પહોંચાડેલ અને ધમકી આપવા લાગેલ કે, ત્રણ દિવસમાં તારી દુકાન બંધ કરાવી દઈશ તેમ કહી તે તરત તેનું એકટીવા લઈને ભાગી ગયેલ હતો. જે બાદ યુવાને ૧૧૨ નંબર પર કોલ કરી પોલીસની ગાડી બોલાવેલ હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી બી. ડિવિઝન પોલીસે ગુનો નોંધી આરોપીને પકડવા તજવીજ આદરી હતી.

# ઢેબર કોલોનીમાં એક વર્ષ પૂર્વે આપેલા ઠપકાનો ખાર રાખી વારૈયા બંધુઓ પર હુમલો

### યુવાનના સંબંધીઓનો ફેસબુકમાં મુકવા મામલે અગાઉ ટકોર કર્યા બાદ રૈયાધારની ત્રિપુટી ધોકા વડે તૂટી પડી : ભક્તિનગર પોલીસ મથકમાં ગુનો

**અબતક, રાજકોટ**

શહેરના ઢેબર કોલોની પાસે દેવીપૂજક બંધુ પર રૈયાધારમાં રહેતા ત્રણ ભાઈઓએ ધોકા વડે હુમલો કરી માર મારતા બંનેને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. આરોપીએ યુવાનના સંબંધીનો ફોટો ફેસબુકમાં મૂક્યો હોય તે બાબતે વડીલોની હાજરીમાં ઠપકો આપતા હુમલો કરાયો હતો. જે અંગે ભકિતનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી.

મામલામાં સાગરભાઈ કનુભાઈ વારૈયા(ઉ.વ ૩૦ રહે. રાધેશ્યામ ગૌશાળા પાસે ચુનાની ભટ્ટી પાસે મનુભાઈની કરીયાણાની દુકાન પાસે, ૧૫૦ ફૂટ રીંગ રોડ રાજકોટ, મુળ. નવાગામ તા.સાંતલપુર જી.પાટણ) દ્વારા ભકિતનગર પોલીસ મથકમાં નોંધવવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે પ્રેમજી બાબુભાઈ, વિનોદ બાબુભાઈ અને પ્રહલાદ બાબુભાઈના નામ આપ્યા છે. યુવાને ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત તા. ૧૨/૦૯/૨૦૨૫ ના સવારના આશરે દશેક વાગ્યે તે તથા તેની પત્ની ગંગા તથા નાનો ભાઈ નવીનભાઈ તથા પિતા કનુભાઈ બધા યુવાનના નાના ભાઈ ગણપતના ફુવાજી સસરા મેરુભાઈ ગુજરી ગયા હોય તેનુ પાણીઢોળ હોય જેથી બધા રાજકોટના ઢેબર કોલોનીમાં તેમના ઘરે ગયા હતા. ત્યાથી વિધિ પુરી કરી સાંજના આશરે છએક વાગ્યે ઘરે જવા માટે નીકળ્યા હતાં. ત્યારે રસ્તામાં મોટાબાપુ દેવશીભાઈના વેવાઈ બાબુભાઈના દિકરા પ્રેમજી, વિનોદ અને પ્રહલાદ જે બધા રૈયાધાર રાધેશ્યામ ગૌશાળા પાસે રહે છે આ બધા પણ ત્યા આવ્યા હતાં. અગાઉ આશરે એકાદ વર્ષ પહેલા પ્રેમજીએ ફેસબુકમાં ફરિયાદીના પિતાના કાકા કલ્યાણભાઈના ફોટા મુકેલ હોય જે બાબતે અમારા ગામડે વડીલોએ ભેગા થયાં હતા અને ઠપકો આપ્યો હોય જે બાબતનો ખાર રાખી કહ્યું હતું કે, તમે અમને સમાજમા માણસો ભેગા કરીને કેમ હેરાન કરો છો તેમ કહી ગાળો આપવા લાગ્યો હતો. ગાળો આપવાની ના પાડતા પ્રેમજી, વિનોદ અને પ્રહલાદ એકદમ ઉશ્કેરાઈ ગયા હતાં અને મને તથા મારા ભાઈ નવીનને ઢીકાપાટુનો માર મારવા લાગ્યા હતા. તેવામાં પ્રેમજીએ પોતાના હાથમાં રહેલ લાકડાના ધોકાથી યુવાનને માથામા પાછળના ભાગે એક ઘા મારી દીધો હતો. દેકારો થતા માણસો ભેગા થઈ જતા આ લોકો ત્યાથી નાસી ગયા હતાં. બાદમાં યુવાન તથા તેના ભાઈને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. બનાવ અંગે યુવાનની ફરિયાદ પરથી ભકિતનગર પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.


**જાહેર નોટીસ**

પરચૂરણ અરજી નં.૪૨૧/૨૦૨૫
શ્રી વલ્લભભાઈ જીવાભાઈ ગોરાસવા
રહે.કંઘેવાળીયા તા.વિંછીયા
જિ.રાજકોટ ..........અરજદાર

**વિરૂધ્ધ**

સબ રજીસ્ટ્રારશ્રી
જન્મ અને મરણ નોંધણી અધિકારી અને
તલાટી-કમ-મંત્રી,કંઘેવાળીયા
તા.વિંછીયા ..........સામાવાળા

**વિષયઃ જન્મની નોંધ કરવા હુકમ કરવા બાબત.**

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોકત અરજદારના પુત્રીશ્રી આશાબેન વલ્લભભાઈ ગોરાસવાનો જન્મ તા.૦૧-૦૧-૨૦૦૮ના રોજ વિંછીયા તાલુકાના કંઘેવાળીયા ગામે થતાં તેના જન્મની નોંધ જે તે સમય સામાવાળાના જન્મ રજીસ્ટરે થઈ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહુ હુકમ થવા સામે જે કોઈને વાંધો તકરાર હોય તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ મુદત તા.૨૯/૦૯/૨૦૨૫ના રોજ બપોરેના ૩:૦૦ કલાકે હાજર રહેવુ. તેમજ અરજદારશ્રીએ દૈનિક પત્રમાં જાહેર પ્રસિધ્ધી કરાવી દૈનિક પેપરની નકલ સાથે હાજર રહેવું. કસુર થયે સદરહું કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૯/૦૮/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપી.

કોર્ટનો સિક્કો — સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, જસદણ



**જાહેર નોટીસ**

પરચૂરણ અરજી નં.૦૨/૨૦૨૫
શ્રીરાજુબેન શામળાભાઈ રગીયા
રહે. અમરાપુર, તા. વિછીયા,
જિ.રાજકોટ ..........અરજદાર

**વિરૂધ્ધ**

સબ રજીસ્ટ્રારશ્રી
જન્મ અને મરણ નોંધણી અધિકારી અને
તલાટી-કમ-મંત્રીશ્રી,અમરાપુર
તા વિછીયા ..........સામાવાળા

**વિષયઃ જન્મની નોંધ કરવા હુકમ કરવા બાબત**

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોક્ત અરજદારશ્રીના પુત્ર ધનાભાઈ શામળાભાઈ રગીયાનો જન્મતા. ૧૫/૦૬/૧૯૮૧ના રોજ વિછીયા તાલુકાના અમરાપુર ગામે થતાં તેમના જન્મની નોંધ જે તે સમય સામાવાળાના જન્મ રજીસ્ટરે થઈ શકેલ ન હોય જેથી તેમના જન્મ નોધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો તકરાર હોય તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ મુક્ત તા. ૨૪/૦૯/૨૦૨૫ના રોજ બપોરેના ૩:૦૦ કલાકે હાજર રહેવું તેમજ અરજદારશ્રીએ દૈનિક પત્રમાં જાહેર પ્રસિદ્ધ કરાવી દૈનિક પેપરની નકલ સાથે હાજર એવું, કસુર થયે સદરહુ કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી

આજ તા.૧૨/૦૯/૨૦૨૫ના રોજ મારી સહીં તથા કોર્ટનો સિકકો કરી આપી.

કોર્ટનો સિક્કો — સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, જસદણ



**જાહેર નોટીસ**

પરચૂરણ અરજી નં.૪૨૦/૨૦૨૫
શ્રી હામાભાઈ ભીખાભાઈ હાડગરડા
રહે.કંઘેવાળીયા તા.વિંછીયા
જિ.રાજકોટ ..........અરજદાર

**વિરૂધ્ધ**

સબ રજીસ્ટ્રારશ્રી
જન્મ અને મરણ નોંધણી અધિકારી અને
તલાટી-કમ-મંત્રી,કંઘેવાળીયા
તા.વિંછીયા ..........સામાવાળા

**વિષયઃ જન્મની નોંધ કરવા હુકમ કરવા બાબત.**

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોકત અરજદારના પુત્રીશ્રી મધુબેન હામાભાઈ હાડગરડાનો જન્મ તા.૨૫-૦૨-૧૯૯૭ના રોજ વિંછીયા તાલુકાના કંઘેવાળીયા ગામે થતાં તેના જન્મની નોંધ જે તે સમય સામાવાળાના જન્મ રજીસ્ટરે થઈ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો તકરાર હોય તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ મુદત તા.૨૯/૦૯/૨૦૨૫ના રોજ બપોરેના ૩:૦૦ કલાકે હાજર રહેવુ. તેમજ અરજદારશ્રીએ દૈનિક પત્રમાં જાહેર પ્રસિધ્ધી કરાવી દૈનિક પેપરની નકલ સાથે હાજર રહેવું. કસુર થયે સદરહુ કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૯/૦૮/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપી.

કોર્ટનો સિક્કો — સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, જસદણ



**-: જાહેર નોટીસ :-**

બી. એન્ડ ડી. રજી નં.૧૬૧/૨૦૨૫
શ્રી સમા જરીનાબેન જહીરભાઈ વા/ઓ શેખ સલીમભાઈ
રહે.હાથીયાધાર પોલીસ લાઈન સામે,તા.પાલીતાણા ..........અપીલવાળા

-: વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રાર અને
ચીફ ઓફિસરશ્રી,
નગરપાલીકા કચેરી-પાલીતાણા ..........સામાવાળા

**વિષયઃ-બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટની કલમ-૧૩(૩)બી અન્વયે જન્મ અંગેની નોંધણી કરવા બાબત**

આથી લાગતા વળગતા તમામને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે આ કામના અરજદારશ્રી સમા જરીનાબેન જહીરભાઈ વા/ઓ શેખ સલીમભાઈના નાની બહેન સમા શયદાબાનુ જહીરભાઈનો જન્મ તા.૧૨/૦૩/૧૯૯૩ના રોજ પાલીતાણા ખાતે થયેલ હોઈ અરજદારશ્રી ના નાની બહેનના જન્મ અંગેની નોંધણી કરવાની રહી ગયેલ છે, જન્મ અંગેના દાખલાની જરૂરીયાત થતા હાલ અરજી દાખલ કરેલ છે. અરજદારશ્રીએ તેમના નાની બહેનના જન્મ અંગેની નોંધ જન્મ-મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફિસરશ્રી નગરપાલીકા પાલીતાણા નાં જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધણી કરવા સબબ આ કોર્ટમાં અરજી કરેલ છે.

આ અરજી સામે કોઈને વાંધો, તકરાર કે હરકત સરખુ હોય તો તેમણે સદર નોટીસ વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ સુધીમાં નાયબ કલેકટર કચેરી, પાલીતાણા ખાતે બિનચુક હાજર રહેવું તેમ કરવામાં કસુર થયે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

સ્થળઃ- પાલીતાણા
તારીખઃ- ૧૨-૯-૨૦૨૫
કોર્ટનો સિક્કો — સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ, પાલીતાણા



**-: જાહેર નોટીસ :-**

બી. એન્ડ ડી. રજી નં.૧૬૦/૨૦૨૫
શ્રી ગોહિલ વકતુબેન કનુભા
રહે.સર્વોદય સોસાયટી પાછળ,નાવડીયાની વાડી તા.પાલીતાણા ..........અપીલવાળા

-: વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રાર અને
ચીફ ઓફિસરશ્રી,
નગરપાલીકા કચેરી-પાલીતાણા ..........સામાવાળા

**વિષયઃ-બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટની કલમ-૧૩(૩)બી અન્વયે જન્મ અંગેની નોંધણી કરવા બાબત**

આથી લાગતા વળગતા તમામને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે આ કામના અરજદારશ્રી ગોહિલ વકતુબેન કનુભાના પુત્ર ગોહિલ અજીતસિંહ કનુભાનો જન્મ તા.૧૯/૦૧/૧૯૮૩ના રોજ પાલીતાણા ખાતે થયેલ હોઈ અરજદારશ્રી ના પુત્રના જન્મ અંગેની નોંધણી કરવાની રહી ગયેલ છે. જન્મ અંગેના દાખલાની જરૂરીયાત થતા હાલ અરજી દાખલ કરેલ છે. અરજદારશ્રીએ તેમના પુત્રના જન્મ અંગેની નોંધ જન્મ-મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફિસરશ્રી નગરપાલીકા પાલીતાણા નાં જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધણી કરવા સબબ આ કોર્ટમાં અરજી કરેલ છે.

આ અરજી સામે કોઈને વાંધો, તકરાર કે હરકત સરખુ હોય તો તેમણે સદર નોટીસ વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ સુધીમાં નાયબ કલેકટર કચેરી, પાલીતાણા ખાતે બિનચુક હાજર રહેવુ તેમ કરવામાં કસુર થયે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

સ્થળઃ- પાલીતાણા
તારીખઃ- ૧૨-૦૯-૨૦૨૫
કોર્ટનો સિક્કો — સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ, પાલીતાણા



**-: જાહેર નોટીસ :-**

બી. એન્ડ ડી. રજી નં.૧૬૪/૨૦૨૫
શ્રી કાળીબેન લાભુભાઈ ડોડીયા
રહે બાપા સીતારામની મઢી.
ગૌશાળા પાસે વાલ્મીકીવાસ.તા પાલીતાણા ..........અપીલવાળા

-: વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રાર અને
ચીફ ઓફિસરશ્રી નગરપાલીકા પાલીતાણા
તા. પાલીતાણા જી. ભાવનગર ..........સામાવાળા

**વિષયઃ-બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટની કલમ-૧૩(૩)બી અન્વયે મરણ અંગેની નોંધણી કરવા બાબત**

આથી લાગતા વળગતા તમામને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે આ કામના અરજદારશ્રી કાળીબેન લાભુભાઈ ડોડીયાના દેરાણી ગવુબેન રમેશભાઈ ડોડીયાનું અવસાન તા. ૦૫/૦૫/૧૯૮૫ના રોજ પાલીતાણા ખાતે થયેલ હોઈ અરજદારશ્રી ના દેરાણીના અવસાન અંગેની નોંધણી કરવાની રહી ગયેલ છે. અવસાન અંગેના દાખલાની જરૂરીયાત થતા હાલ અરજી દાખલ કરેલ છે અરજદારશ્રીએ તેમના દેરાણીના અવસાન અંગેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફિસરશ્રી નગરપાલીકા પાલીતાણા ના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધણી કરવા સબબ આ કોર્ટમાં અરજી કરેલ છે

આ અરજી સામે કોઈને વાંધો તકરાર કે હરકત સરખું હોય તો તેમણે સદર નોટીસ વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ સુધીમાં નાયબ કલેકટર કચેરી, પાલીતાણા ખાતે બિનચૂક હાજર રહેવું તેમ કરવામાં કસુર થયે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

સ્થળઃ- પાલીતાણા
તારીખઃ- ૯-૯-૨૦૨૫
કોર્ટનો સિક્કો — સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ, પાલીતાણા

## તંત્રી લેખ

# હિન્દી કોઈ ભાષાની વિરોધી નથી પણ મિત્ર છે

હિન્દુસ્તાએ હિન્દી ભાષાનો વિરોધ થાય તે યોગ્ય નથી કારણ કે, હિન્દી અન્ય ભાષાની વિરોધી પણ મિત્ર છે તે સમજાવું જોઈએ.ગુજરાતમાં ગુજરાતી અને હિન્દીનું સહઅસ્તિત્વ રહ્યું છે, જેના પરિણામે ગુજરાતી બાળકોની પહોંચ રાષ્ટ્રીય સ્તરે ઘણી વધી છે.હિન્દી બોલચાલ અને વહીવટની સાથે વિજ્ઞાન, ટેકનોલોજી અને ન્યાયની ભાષા પણ હોવી જોઈએ.દરેક નાગરિક માતૃભાષાને મહત્વ આપે અને રાજભાષાને સહયોગ આપે તે જરૂરી છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ભાષા અને સંસ્કૃતિની કડી બનાવીને એક ભારત શ્રેષ્ઠ ભારતનું નિર્માણ કર્યુ છે.ગુજરાતની ભૂમિ અલગ અલગ ભાષાઓ અને વિવિધ સંસ્કૃતિઓના સંગમ-સમન્વયથી વિકસિત ભારતમાં વિકસિત ગુજરાતથી યોગદાન આપે છે.

ગુજરાતમાં શરૂઆતથી જ દયાનંદ સરસ્વતી, મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઈ પટેલ, કનૈયાલાલ મુનશી, ઉમાશંકર જોશી અને અન્ય ઘણા વિદ્વાનોએ હિન્દી ભાષાને સ્વીકારી તેનો પ્રચાર પણ કર્યો છે. આ દૂરંદેશી નેતાઓએ ભારતીય ભાષાઓને એકબીજા સાથે વાતચીત કરવા અને દરેક રાજ્યમાં હિન્દીને પ્રોત્સાહન આપવા માટે આગ્રહ કર્યો હતો. ગુજરાતમાં ગુજરાતી અને હિન્દીનું સહઅસ્તિત્વ રહ્યું છે, જેના પરિણામે ગુજરાતી બાળકોની પહોંચ રાષ્ટ્રીય સ્તરે ઘણી વધી છે. ભાષામાં આપવામાં આવે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

શિવાજી મહારાજે સ્વરાજની લડાઈ દરમિયાન ત્રણ મુદ્દા પર ભાર મૂક્યો હતો-સ્વરાજ, સ્વધર્મ અને સ્વભાષા. આ ત્રણેય બાબતો એકબીજા સાથે જોડાયેલી અને દેશના સ્વાભિમાન સાથે સંબંધિત છે. મહાત્મા ગાંધી ગુજરાત રાજ્ય સાહિત્ય પરિષદના પ્રમુખ હતા અને તેમણે ગુજરાતી શબ્દકોશના નિર્માણમાં પણ ઘણું યોગદાન આપ્યું હતું. તેઓ જાણતા હતા કે જ્યાં સુધી ભાષા મજબૂત ન હોય ત્યાં સુધી કોઈ પણ સમાજ દુનિયા સામે માથું ઊંચું રાખીને ટકી શકતો નથી. આ ઉપરાંત ડિજિટલ 'હિન્દી શબ્દ સિંધુ' વિશે તેમણે જણાવ્યું કે, આ શબ્દકોશમાં અંદાજે ૭ લાખ જેટલા શબ્દોનો સમાવેશ થયો છે. જે વર્ષ ૨૦૨૯ સુધીમાં વિશ્વની બધી ભાષાઓમાંનો સૌથી મોટો શબ્દકોશ બનશે.

દેશનો દરેક નાગરિક માતૃભાષાને મહત્વ આપે અને રાજભાષાને સહયોગ આપે. સંસ્કૃત ભાષાએ આપણને જ્ઞાનની ગંગા આપી છે, તો હિન્દી ભાષા એ તે જ્ઞાનને દરેક ઘર સુધી પહોંચાડ્યું છે. જ્યારે આપણી સ્થાનિક ભાષાઓએ તે જ્ઞાનને દરેક વ્યક્તિ સુધી પહોંચાડ્યું છે. વડાપ્રધાને વિવિધ ટેકનોલોજીના માધ્યમથી સ્થાનિક ભાષાઓને મજબૂત બનાવવાનું સુંદર કામ કર્યું છે, જેના ભાગરૂપે ગૃહ મંત્રાલયમાં ભારતીય ભાષા વિભાગની રચના કરવામાં આવી છે. જે ફક્ત સત્તાવાર ભાષાઓ જ નહીં પરંતુ દેશની તમામ ભારતીય ભાષાઓને સુદ્રઢ કરવાનું કામ કરે છે. દેશના લગભગ ૫૩૯ શહેરોમાં તેમજ લંડન, સિંગાપોર અને દુબઈની જેમ વિદેશોમાં પણ સત્તાવાર ભાષા સમિતિની રચના કરવામાં આવી છે.

હિન્દીનું સન્માન એ અન્ય ભારતીય ભાષાઓના ગૌરવનું પણ સન્માન છે. ગુજરાતની ભૂમિ અલગ અલગ ભાષાઓ અને સંસ્કૃતિનો સંગમ છે અને તેના સહઅસ્તિત્વ સાથે ગુજરાત વિકસિત ભારતમાં યોગદાન આપવા પ્રતિબદ્ધ છે. તેમણે હિન્દી સહિતની બધી ભાષાઓની શક્તિ જોડીને ભારતને આત્મિનર્ભર, વિકસિત અને સુસંસ્કૃત રાષ્ટ્ર બનાવવાનો સંકલ્પ લેવા જોઈએ.ભારતની પ્રાદેશિક ભાષાઓ સાથે સંકલન કરીને હિન્દી ભાષા તેનો પ્રસાર વધારી રહી છે. આમ છતાં ભારતના યુવા વૈજ્ઞાનિકો તેમના સંશોધનો, તકનીકી ઉપકરણોના આવિષ્કારો હિન્દી ભાષામાં રજૂ કરશે ત્યારે જ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે હિન્દીની યાત્રા આગળ વધશે.

# ગ્રેટર ચેમ્બર દ્વારા એમ.એસ.એમ.ઈ. એકમો માટે વેપારની તકો વધારવા બુધવારે એક્ઝિબિશન

## રેલવે સાથે મેટલ, એન્જિનિયરિંગ, પ્લાસ્ટીક સેનેટરી, વિવિધ જણસો પુરી પાડવા રજીસ્ટેશન સહિતનું માર્ગદર્શન અપાશે

**અબતક, રાજકોટ**

અત્રેથી આપણા સૌરાષ્ટ્રના એમ.એસ.એમ.ઇ. ઉદ્યોગોને સતત તેજી-મંદીનો સામનો કરવાનો રહેતો હોય છે. તેવા સમયે વેપાર ઉદ્યોગની એકમાત્ર રજીસ્ટર્ડ એવી સંસ્થા કે જેને આવા નાના અને મધ્યમ કદના ઔદ્યોગીક એકમોનું હિત હૈયે વળગેલ છે. તેવી ગ્રેટર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા આવા એકમોને પડતી તકલીફો, સમસ્યાઓ અને થનારી મુશ્કેલીઓમાંથી રસ્તો કાઢીને તેમના ઉત્થાનની પ્રવૃતિઓમાં હરહંમેશ સક્રીયતા દાખવવામાં જ પોતાનો એકમાત્ર ઉદ્દેશ છે.

બુધવારના રોજ સવારે ૧૦ થી ૧, જગજીવનરામ સીનીયર રેલ્વે ઈન્સ્ટીટયુટ, રેલ્વે કોલોની, કોઠી કંપાઉન્ડ, રેલ્વે સ્ટેશન રોડ, રાજકોટ ખાતે ''રેલ્વે સાથે વેપાર ઉદ્યોગની તકો, પ્રોડકટ ડિસ્પ્લે અને એકઝીબીશન તથા વેન્ડર રજીસ્ટ્રેશન - માર્ગદર્શન'' નો ઉમદા કાર્યક્રમ થવા જઈ રહેલ છે. જેમાં વેસ્ટર્ન રેલ્વેની ડિવીઝન ઓફીસના સાથ સહકાર આપણી સંસ્થાને મળવા જઈ રહેલ છે. જેમાં મુખ્ય મહેમાન પદે કે. કે. ચોબે-એ.ડી.આર.એમ. રાજકોટ ડિવીઝન વેસ્ટર્ન રેલ્વે, જે. એચ. ડામોર, સીનીયર ડી.એમ.એમ. રાજકોટ ડિવીઝન વેસ્ટર્ન રેલ્વે ખાસ ઉપસ્થિત રહીને ભાગ લેનાર દરેકને વેસ્ટર્ન રેલ્વે સાથેના વેપાર વ્યવહાર કરવાની યોજના અંગે માહિતગાર કરશે. તદઉપરાંત અતિથી વિશેષ તરીકે અરવિંદભાઈ પટેલ - ગુજરાત ફોજીર્ગ કંપની, વિનેશભાઈ પટેલ - ઓરબીટ બેરીંગ, મનેષભાઈ મદેકા - રોલેક્ષ રીંગ, અમૃતલાલ ભારદીયા - રવિ ટેકનોફોર્જ પોતાના બહોળા કાર્યક્ષેત્રના અનુભવો આપણી સૌ સાથે વહેચશે.

આ કાર્યક્રમમાં સંસ્થા દ્વારા એમએસએમઈના એકમોને ભારતીય રેલ્વે સાથે સીધો વેપાર વ્યવહાર કરીને પોતાની પ્રોડકટસ જેવી કે મેટલ, એન્જીનીયરીંગ, પ્લાસ્ટીક, સેનેટરીની વિવિધ જણશો કેવી રીતે પુરી પાડવી? તેના માટે આઈઆરઈ.પી.એસ. અને જીઈએમ. ઉપર રજીસ્ટ્રેશન કેવી રીતે કરવું? તેની સરળ ભાષામાં સમજણ આપવામાં આવશે. તેમજ સેમીનારના સ્થળ ઉપર જ આ રજીસ્ટ્રેશનનો પ્રેકટીકલ ડેમો પણ આપવામાં આવશે.

આ સેમીનારમાં વેસ્ટર્ન રેલ્વે દ્વારા ખરીદવામાં આવતી વિવિધ પ્રોડકટસનું ડીસ્પ્લે પણ ત્યાં જ કરવામાં આવશે તથા તેના ટેકનીકલ સ્પેસીફીકેશન વેસ્ટર્ન રેલ્વે દ્વારા આપવામાં આવશે.

કાર્યક્રમને સફળ બનાવવા માટે રાજેશ માંકડ - ચીફ ઓફીસર ઓફ સુપ્રીન્ટેડન્ટ જહેમત ઉઠાવી રહેલ છે. તદઉપરાંત ગ્રેટર ચેમ્બરના પદાધિકારીઓ તથા કારોબારી સભ્યો સતત નિરીક્ષણ કરી રહેલ છે. આ સાથે રાજકોટ-સૌરાષ્ટ્રના વિવિધ વેપારી મંડળો અને એસોસીએશનો જેવા કે, રાજકોટ એન્જીનીયરીંગ એસોસીએશન, શાપર વેરાવળ ઈન્ડસ્ટ્રીયલ એસોસીએશન, મેટોડા જી.આઈ.ડી.સી. એસોસીએશન, લઘુ ઉદ્યોગ ભારતી, રાજકોટ મશીન ટુલ્સ મેન્યુ. એસોસીએશન, સૌરાષ્ટ્ર પ્લાસ્ટીક મેન્યુ. એસોસીએશન, ઈન્ડીયન ઈન્સ્ટીટયુટ ઓફ ફાઉન્ડ્રી, આજી જી.આઈ.ડી.સી. ઈન્ડ. એસોસીએશન, ખીરસરા જી.આઈ.ડી.સી. એસોસીએશન, રાજકોટ પ્લાસ્ટીક એસોસીએશન, રાજકોટ હાર્ડવેર મેન્યુ. એસો., હડમતાળા ઈન્ડ. એસો., કુવાડવા ઈન્ડ. એસો., ખાંભા ઈન્ડ. એસો. વગેરે સાથે રહીને ખભેખભો મિલાવીને આ કાર્યક્રમને સફળ બનાવવા માટે દિવસ રાત એક કરી રહેલ છે.

આ કાર્યક્રમ તદન નિશુલ્ક છે. પરંતુ પ્રિ-રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે. જે માટે મો. નં. ૯૦૮૧૭૦૯૪૧૦ પર અથવા નોંધણી કરાવી આપવી તેવું જણાવવામાં આવેલ છે.

# મોદી સ્કુલ આયોજીત રકતદાન કેમ્પમાં એકત્રિત થયેલું ૨૩૦ બોટલ રક્ત સિવિલ-એઈમ્સ હોસ્પિટલને અર્પણ



## શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશન અને દર્શન યુનિ.ના સહયોગથી કાલે રકતદાન કેમ્પ

**અબતક, રાજકોટ**

રાજકોટ સિવિલ હોસ્પિટલના તથા એઈમ્સના જરૂરીયાતમંદ દર્દીઓનાં લાભાર્થે શ્રીમદ રામચંદ્ર ફાઉન્ડેશનના સહયોગથી શનિવારે મોદી સ્કુલની ત્રણ શાખા મોદી સ્કુલ, પી.વી. મોદી સ્કુલ તેમજ વિ.જે. મોદી સ્કુલમાં ૩૬માં મહારકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ.

મોદી સ્કુલના ચેરમેન ડો. રશ્મિકાંત મોદીની પ્રેરણાથી આ રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવતું હોય છે.

આ યોજાયેલ મહારકતદાન કેમ્પમાં રાજકોટ સિવિલ હોસ્પિટલના લાભાર્થે ૧૯૫ બ્લડની બોટલ્સ અને એઈમ્સના દર્દીઓના લાભાર્થે ૩૬ બ્લડની બોટલ્સ આમ કુલ ૨૩૦ બોટલ્સ અર્પણ કરવામાં આવેલ છે.

અંગદાન કરવા માટે શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણી નં. ૯૪૨૮૨ ૦૦૬૬૦ સંપર્ક કરવા જણાવ્યું હતુ.

# નવદુર્ગા એજયુ.એન્ડ ચેરી. ટ્રસ્ટ દ્વારા શનિવારે વેલકમ નવરાત્રિ

**અબતક, રાજકોટ**

નવદુર્ગા એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ૨૦ સપ્ટે. ૨૦૨૫ શનિવારના રોજ સોજીત્રાનગર મેઈનરોડ ખાતે આવેલી ન્યુ એરા સ્કુલમાં વેલકમ નવરાત્રી રાસોત્સવ ૨૦૨૫નું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં ખેલૈયાઓનો ઉત્સાહ વધારવા માટે ખેલ કુદ ક્ષેત્રે વિશિષ્ટ પ્રતિભા ધરાવનાર દિવ્યાંગ બહેનો દ્વારા રાસ રજૂ કરવામા આવશે. કાર્યક્રમને સફળ બનાવવા માટે વી.ઓ.કાચા, માયાબેન ચુડાસમા, રીંકલબેન માણેક, આરતીબેન ઠકરાર સહિત સમગ્ર વેલકમ નવરાત્રી આયોજક ટીમ દ્વારા જાહેર જનતાને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. ઉત્સુક ખેલૈયાઓને પાસ બુક કરવા મો. [illegible] પર સંપર્ક કરવા જણાવાયું છે.



# અનુસૂચિત જાતિ સમાજ આયોજીત 'દલિત સ્વાભિમાન સંમેલન'માં અનેક ઠરાવો પસાર

## પત્રકાર પરિસદમાં અગ્રણીઓએ માંગણી ન સંતોષાય તો 'મહાપંચાયત'ની ચીમકી આપી

**અબતક, રાજકોટ**

અનુસૂચિત જાતિ સમાજ દ્વારા 'દલિત સ્વાભિમાન સંમેલન'નું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ડો. બાબાસાહેબ આંબેડકરના પૌત્ર ભીમરાવ યશવંતરાવ આંબેડકર અને દિલ્હી સરકારના પૂર્વ કેબિનેટ મંત્રી રાજેન્દ્રપાલ ગૌતમ સહિત અનેક અગ્રણી નેતાઓ અને સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. સંમેલન બાદ આયોજકો દ્વારા યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં તેમણે કાર્યક્રમની સફળતા અને ભવિષ્યની રણનીતિ વિશે માહિતી આપી હતી.



તસવીરઃ શૈલેષ વાડોલિયા

પ્રેસ કોન્ફરન્સમાં આયોજકોએ જણાવ્યું હતું કે, આ સંમેલનમાં દલિત સમાજના હક્કો અને અધિકારો માટે અનેક મહત્વપૂર્ણ ઠરાવો પસાર કરવામાં આવ્યા છે. જેમાં દલિતોને ફાળવેલી ખેતીની જમીન ભૂમાફિયાઓને પધરાવવાના કિસ્સામાં જવાબદાર અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરવાની માંગણી મુખ્ય હતી. આ ઉપરાંત, નાના મોવા વિસ્તારમાં પી.પી.પી. યોજનામાં થયેલા આર્થિક ગોટાળાની વિગતવાર તપાસ કરી જવાબદારોને સજા મળે તેવી પણ માંગણી ઉઠાવવામાં આવી હતી.

અન્ય મહત્વના ઠરાવોમાં સફાઈ કામદારોની તાત્કાલિક કાયમી ભરતી, મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ડો. બાબાસાહેબ આંબેડકરનું તૈલચિત્ર વહેલાસર સ્થાપિત કરવું, અને અનામત પ્લોટો પર શૈક્ષણિક સંસ્થાઓને આપવામાં આવેલ વિતરણ રદ કરીને તે પ્લોટો પરત લેવા જેવી માંગણીઓનો પણ સમાવેશ થાય છે. આયોજકોએ જણાવ્યું કે આ માંગણીઓ સરકાર સુધી પહોંચાડવામાં આવશે.

કાર્યક્રમમાં ઉપસ્થિત પૂર્વ ધારાસભ્ય સિદ્ધાર્થ પરમાર, આરએમસી વિરોધપક્ષના નેતા વશરામભાઈ સાગઠિયા અને અન્ય આગેવાનોએ માહિતી આપી હતી કે આ મુદ્દે તા. ૧ એપ્રિલ, ૨૦૨૫ સુધી સૌરાષ્ટ્રના દરેક જિલ્લામાં મિટિંગ, સભા અને રેલીઓ દ્વારા જાગૃતિ અભિયાન ચલાવવામાં આવશે. તેમણે ચીમકી ઉચ્ચારી કે જો ત્યાં સુધી સરકાર દ્વારા તેમની માંગણીઓ સ્વીકારવામાં નહીં આવે, તો તા. ૧૮મી એપ્રિલના રોજ અનુસૂચિત જાતિ, આદિવાસી અને ઓબીસી વર્ગના રાષ્ટ્રીય નેતાઓની ઉપસ્થિતિમાં એક મહાપંચાયતનું આયોજન કરવામાં આવશે, જેમાં રાજ્યભરમાંથી મોટી સંખ્યામાં વંચિત નાગરિકો જોડાશે.

# જનસેવા ટ્રસ્ટ બાપા સીતારામ ગૌ સેવા મંડળનાં સમીર કામદારનો જન્મદિવસ



શ્રી જનસેવા ટ્રસ્ટ, બાપા સીતારામ ગૌ સેવા મંડળ, સમર્પણ યંગ ગ્રુપ તથા જીવદયા ગ્રુપના કમીટી મેમ્બર તથા જીવદયા કાર્યકર સમીરભાઈ કામદારનો આજરોજ તા.૧૫/ ૦૯/૨૫નાં રોજ તેમનો જન્મદિવસ છે. તેઓ સોના-ચાંદીના વ્યવસાય સાથે જૈન ધર્મનું સૂત્ર ''અહીંસા પરમો ધર્મ''ને સાકાર કરવામાં હરહંમેશ તત્પર રહે છે. છેલ્લા ૧.૫ મહિનાથી સતત દરરોજ બાપા સીતારામ ગૌ સેવા મંડળ ટ્રસ્ટના માધ્યમથી દાતાઓના સહકારથી લગભગ ૪૫ જેટલી ગૌશાળાઓમાં અંદાજે ૬૦૦૦ મણ જેટલો ઘાસચારો અર્પણ કરવામાં તેઓ નિમિત બન્યા છે. શ્રી જનસેવા ટ્રસ્ટ દ્વારા ગરીબ દર્દીઓને નાત જાતનાં ભેદભાવ વગર મેડીકલને લગતી સહાયતા પૂરી પાડવામાં આવી રહી છે. તેમાં તેઓ પોતાની સેવા આપી પરમાર્થનું કાર્ય કરવામાં અગ્રેસર રહે છે. બ્લડ ડોનેશન કેમ્પ, ઝુંપડપટ્ટીઓમાં અનાજનું વિતરણ તેમજ બ્લડ ડોનેશનને લગતા સેવાનાં ભગીરથ કાર્યો પણ કરવામાં આવી રહ્યા છે. આ શુભદીને તેમનાં મિત્રવર્તુળ તથા વડીલવર્ગ તરફથી સમીરભાઈ કામદારને મોબાઈલ નંબર ૯૮૨૪૨૮૧૮૩૬ ઉપર શુભેચ્છાવર્ષા થઈ રહી છે.

# રાજકોટ મહાજન પાંજરાપોળના ટ્રસ્ટી મુકેશભાઈ બાટવીયાનો જન્મદિવસ



રાજકોટના જીવદયા પ્રેમી, જાણીતા જવેલર્સ અને જૈન શ્રેઠી મુકેશભાઈ બાટવીયાનો આજે તેમના જન્મ દિવસ છે. મુકેશભાઈ બાટવીયા એ જ્યારથી ૧૨૭ વર્ષ જૂની અને સૌથી મોટી રાજકોટ મહાજન પાંજરાપોળ ની ધૂરા સંભાળી છે ત્યારથી મહાજન પાંજરાપોળ માં એક પછી એક નવા આયોજન થઈ રહયા છે. મુકેશભાઈ બાટવીયાના માતા મીનાક્ષીબા ધર્મપરાયણ અને ખુબજ દ્રઢ તપસ્વી છે તેમના સંસ્કારનો વારસો તેમના લોહીમાં છે. જે અબોલ જીવો માટે આશીર્વાદ રૂપ છે.

આજરોજ સામજીક અગ્રણી મુકેશભાઈ બાટવીયાનાં મોબાઈલ નંબર ઉપર તેમનાં મિત્રવર્તુળ, તથા અગ્રણીઓ દ્વારા ૯૮૨૪૪૩૯૩૩૯ પર શુભેચ્છા આપવામાં આવી રહી છે.

# રાજકોટ એઈમ્સના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર તરીકે ડો. એલ. એન. દોરૈરાજનની નિમણુંક

**અબતક, રાજકોટ**



એઈમ્સ રાજકોટમાં નવા એક્ઝિક્યુટિવ ડિરેક્ટર તરીકે કેન્દ્ર સરકાર દ્વારા ડો.એલ.એન. દોરૈરાજનની નિમણુંક કરવામાં આવી છે.

હાલ ડો.એલ.એન. દોરૈરાજન હાલ પુડુચેરીની જવાહરલાલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ પોસ્ટ ગ્રેજ્યુએટ મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ હોસ્પિટલમાં યૂરોલોજી વિભાગમાં પ્રોફેસર અને (હોસ્પિટલ મેડિકલ સુપ્રિડેન્ટ)ની પોસ્ટ પર ફરજ બજાવે છે.તેઓ દર્દીની સંભાળ અને હોસ્પિટલ સેવાઓ માટે તેઓ યુરેથ્રોપ્લાસ્ટીમાં નિષ્ણાત તરીકે માન્યતા પ્રાપ્ત સર્જન છે અને ૧૯૯૯ માં જીપમરમાં જોડાયા હતા.ડો.દોરૈરાજન એક પ્રશંસનીય સર્જન તરીકે જાણીતા છે, જે સ્ટ્રિકચર રોગ માટે યુરેથ્રોપ્લાસ્ટીમાં નિષ્ણાત છે.જાન્યુઆરી ૨૦૨૧ માં, તેમને જીપમરના મેડિકલ સુપ્રિરિન્ટેન્ડન્ટ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. ડો. એલ.એન. દોરૈરાજન ટૂંક સમયમાં રાજકોટ આવી ચાર્જ સંભાળશે.

# નુતન યુગના નાયક નરેન્દ્ર મોદી @75 શિર્ષકે કાલે કાયદા અંગે યોજાશે પરિસંવાદ

## મોદી સરકાર દ્વારા બંધારણીય-કાયદાઓ અંગે લેવાયેલા ઐતિહાસીક નિર્ણયો અંગે થશે પ્રબુધ્ધ ચર્ચા

**અબતક, રાજકોટ**

રાજકોટમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસની પૂર્વ સંધ્યાએ નુતન યુગના નાયક નરેન્દ્ર મોદી @75 શીર્ષક અંતર્ગત મોદી સરકાર દ્વારા લેવાયેલ બંધારણ અને કાયદાને લગતા ઐતિહાસિક નિર્ણયો સંદર્ભમાં મહત્વનો સંવાદ આયોજિત કરવામાં આવ્યો છે. પરિવર્તનશીલ નેતૃત્વ અને સુશાસનના વિષય અંતર્ગત નરેન્દ્ર મોદીજીના વડપણ હેઠળની સરકારે ૨૦૧૪ થી અત્યાર સુધી કાનૂની અને બંધારણના ક્ષેત્રમાં કરેલા મહત્વના નિર્ણયોને આવરી લઈ અને સૌરાષ્ટ્ર ગુજરાતના અગ્રણી કાયદાશાસ્ત્રીઓ, બંધારણના અભ્યાસુઓ, કાયદા વિદ્યાશાખાના પ્રાધ્યાપકો, સંશોધકો, વિદ્યાર્થીઓને નિમંત્રિત કરી અને આ સંવાદનું આયોજન કરવામાં આવ્યું છે. આવતીકાલે લીગલ રિસર્ચ ફાઉન્ડેશન અને એચ.એન. શુક્લ ઈન્સ્ટિટયૂટ ઓફ લીગલ સ્ટડીઝ સંયુકત ઉપક્રમે આ સંવાદનું આયોજન કરવામાં આવ્યું છે.

તારીખ ૧૬ મી સપ્ટેમ્બર, ૨૦૨૫, બપોરે ૩:૦૦ વાગ્યે, મેનેજમેન્ટ બિલ્ડીંગ, ૩-વૈશાલી નગર ખાતે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કાયદા ભવન, માનવ અધિકાર ભવન, સમાજ કાર્ય ભવન તેમજ રાજકોટ સ્થિત લો કોલેજોને પણ નિમંત્રિત કરવામાં આવનાર છે. આ સંવાદના કાર્યક્રમમાં લેવાયેલા ઐતિહાસિક નિર્ણયો, તેની બંધારણીય ભૂમિકા ઉપરાંત તેની અસરો સહિતના આયામો આવરી લેવામાં આવશે.

# વિસનગરઃ સાંકળચંદ યુનિવર્સિટી દ્વારા વિશ્વ પ્રાથમિક સારવાર દિવસની ઉજવણી



**અબતક, રાજકોટ**

સાંકળચંદ પટેલયુનિવર્સિટીના નૂતન કોલેજ ઑફ નર્સિંગ દ્વારા બી.એસી. નર્સિંગના ૪ સેમેસ્ટરનાવિદ્યાર્થીઓએ ''વિશ્વ પ્રાથમિક સારવાર દિવસ'' પ્રાથમિક સારવાર અંગે નાટક દ્વારા જાગૃતિ ફેલાવવાનો પ્રયાસ. વિસનગર ખાતે શનિવારે આરોગ્ય શિક્ષણઆપીને સમજાવ્યું હતું. તેમાં ઈમરજન્સી વોર્ડ ના દર્દી અને સંબંધીઓને પૂરતી સમજણ પડે એવી રીતે પ્રદર્શનદ્વારા માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં અતિથિ વિષેશ મેડિકલ સુપ્રિટેન્ડેન્ટ અને નર્સિંગ સુપ્રિટેન્ડેન્ટ તથા ઈમરજન્સી વોર્ડ ના હેડ, સિસ્ટર તેમજ અન્ય સ્ટાફ હાજર રહ્યાં હતાં, આ ઉપરાંત પણ નૂતન કોલેજ ઑફ નર્સિંગના સ્વાસ્થ્ય આરોગ્ય વિભાગના ફેકલ્ટી, હર્ષભરી જોશી આસિસ્ટન્ટ પ્રોફેસર અને પ્રાચીજંસારી નર્સિંગ ટ્યુટર ઉપસ્થિત રહ્યાં હતાં. જે બદલ સાંકળચંદ યુનિવર્સિટીના પ્રમુખ પ્રકાશભાઈ પટેલ, પ્રોવોસ્ટ ડો. પી.એમ. ઉદાણી, નૂતન કોલેજ ઑફ નર્સિંગના પ્રિન્સિપાલ ડો. શિવાસુબ્રમણ્યતેમજ તમામ ફેકલ્ટીએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યાં હતાં.

## સ્વસ્થ ગુજરાત મેદસ્વિતા મુકત અભિયાન

# વડાપ્રધાનના જન્મ દિવસ નિમિતે બુધવારે ત્રણ સ્થળે ઓબેસીટી ફ્રી કેમ્પ

**અબતક, રાજકોટ**

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૭૫મા જન્મદિવસ નિમિત્તે સમગ્ર રાજ્યમાં 'સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતામુક્ત ગુજરાત' અભિયાન અંતર્ગત તા. ૧૭ સપ્ટેમ્બરથી તા. ૧૬ ઓક્ટોબર, ૨૦૨૫ દરમિયાન લોકોમાં સ્થૂળતા દૂર કરવા માટે ૭૫ સ્થળોએ ૩૦ દિવસીય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેનો આશય યોગાસનો, પ્રાણાયામ અને યોગ્ય આહાર થકી મેદસ્વિતાને દૂર કરવાનો છે. જેના ભાગરૂપે રાજકોટમાં ત્રણ સ્થળોએ રીઝલ્ટ ઓરીએન્ટેડ ઓબેસિટી-ફ્રી કેમ્પ યોજાનારા છે. રાજકોટ શહેરમાં વિરાણી બહેરા-મૂંગા શાળા (ઢેબર રોડ), ઈન્ડોર સ્ટેડિયમ (રામધણ નજીક, મવડી) અને મલ્ટી એક્ટીવિટી સેન્ટર (મહિલા જીમ, નાના મૌવા સર્કલ) ખાતે સવારે ૦૬-૩૦ કલાકથી સવારે ૦૮ કલાક દરમિયાન ઓબેસિટી-ફ્રી કેમ્પ યોજાશે.

આ કેમ્પમાં જોડાવા માટે https://forms.gle/JpEzUTWATiWsMP6y6 લિંક પર રજિસ્ટ્રેશન કરવાનું રહેશે.

# વૃદ્ધોને વાતોમાં વળગાવી લૂંટ આચરતી મદારી ગેંગની બેલડી દબોચાઇ

## વેગનઆર કારમાં ધસી આવેલી ગુજરાતી અને હિન્દી ભાષી શખ્સોની ટોળકીએ બે વૃદ્ધોને લૂંટી લીધા'તા

### જંકશન ચોકી પાસે વોકિંગ પર નીકળેલા વૃધ્ધને આજીડેમ ચોકડીનો રસ્તો પૂછી અને અયોધ્યા ચોક પાસે નિવૃત ક્લાર્કને અટકાવી રોકડ, ઘડિયાળ, દાગીના અને મોબાઈલની લૂંટ ચલાવી'તી

**અબતક, રાજકોટ**

શહેરમાં વૃદ્ધોને વાતોમાં વળગાવી લૂંટ આચરતી મદારી ગેંગના બે શખ્સોને ક્રાઈમ બ્રાન્ચની ટીમે સકંજામાં લઈ મુદ્દામાલ રીકવર કરવાં તજવીજ હાથ ધરી છે. જેમાં એક વાંકાનેર અને દેહગામનો શખ્સ હોવાનું સામે આવ્યું છે. જ્યારે અન્ય બે શખ્સોની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

સમગ્ર બનાવ પર એક નજર કરવામાં આવે તો અયોધ્યા ચોક પાસે આવેલ ડાયમંડ પાર્કમાં રહેતા પ્રફુલભાઈ નટવરલાલ વસાણી (ઉ.વ.૬૩) આજે સવારે આઠેક વાગ્યાની આસપાસ વોકિંગ કરવા માટે નીકળ્યા હતા ત્યારે ઘરથી થોડે આગળ પહોંચતા જ એક સફેદ કલરની નંબર પ્લેટ વગરની વેગન આર કાર તેમની પાસે આવીને ઊભી રહેલ હતી.

જે કારમાં સાધુ જેવા લાગતા ત્રણ શખ્સો બેસેલા હતા. જેઓએ પ્રફુલભાઈને અટકાવીને હિન્દી ભાષામાં વાત કરતા પૂછ્યું હતું કે, હમ લોગ પ્રયાગરાજ કી ઓર સે આ રહે હે, ઓર હમે નજદીક મે કહી પે આશ્રમ હો તો વહા વિશ્રામ કરના હૈ, જેથી પ્રફુલભાઈ જણાવ્યું હતું કે, અહીં આશ્રમ તો નથી પણ માધાપર ચોકડી નજીક જામનગર રોડ પર એક ગૌશાળા આવેલ છે, પરંતુ તે સાધુ જેવા લાગતા શખ્સોએ કહ્યું હતું કે, હમે તો આશ્રમ પે હી જાના હૈ, જે વાતચીત દરમિયાન સાધુઓએ તેમનો ખરાબ ઈરાદો પાર પાડવા પ્રફુલભાઈ સાથે થોડી અંગત વાતો ચાલુ કરી હતી.

દરમિયાન કહ્યું હતું કે, તુમ અચ્છે આદમી લગતે હો, તુમે સંતાનમે એક બેટા હૈ, જેથી પ્રફુલભાઈ ચકિત થઈ ગયા હતા. કેમ કે તેમને સંતાનમાં એક પુત્ર છે. જેથી તેઓ તેમની વાતમાં આવી ગયા હતા. જે બાદ સાધુએ કહ્યું કે, લો એ પાંચસો રૂપિયે રખો ઓર ગયા કો ચારા ડાલ દેના ઔર જો બચ્ચે પૈસે તુમ્હારે પાસ રખના ક્યુ કી તુમ બહોત હી ભાગ્યશાળી વ્યક્તિ હો. જેથી પ્રફુલભાઈ તેની વાતમાં આવી ગયા હતા.

જે બાદ સાધુએ તેમની પાસે પ્રથમ ઘડિયાળ બાદમાં મોબાઈલ માંગતા તેઓએ ઘડિયાળ અને મોબાઈલ આપી હતી. જેમાં સાધુઓએ તેમને પહેરે સોનાનો ચેન અને વીંટી જોવા માટે માંગ્યા હતા. જે પણ પ્રફુલભાઈ આપતા તેઓએ તે દાગીના પોતાના હાથમાં આવતા જ આરોપીઓએ પોતાની ગાડી ભગાડી મૂકી હતી જે બાદ પ્રફુલભાઈ તુરંત જ ગાંધીગ્રામ પોલીસ મથકે પહોંચી બનાવની જાણ કરી હતી.

ઉપરાંત જાણવા મળેલ વિગત મુજબ, ભોગ બનનાર વૃધ્ધ એસપી કચેરીમાં ક્લાર્ક તરીકે નોકરી કરતાં અને છેલ્લે તેઓ એસપીના પીએ તરીકે નિવૃત થયાં હતાં.

તેમજ બીજો બનાવ જંકશન પોલીસ ચોકી પાસે આવેલ ઓમ સુઝુકીના શોરૂમ પાસે બન્યો હતો. જેમાં રેલનગરમાં આવેલ શિવમ પાર્ક શેરી નંબર પાંચમાં રહેતા પ્રીતમદાસ લાલચંદ ઘઘાડી (ઉ.વ.૬૨) આજે વહેલી સવારે ૭:૩૦ વાગ્યાની આસપાસ પોતે વોકિંગમાં નીકળ્યા હતા ત્યારે તેઓ જંકશન પોલીસ ચોકી પાસે પહોંચતા જ એક સફેદ કલરની નંબર પ્લેટ વગરની વેગન આર કાર તેમની પાસે આવીને ઊભી રહી હતી.

જેમાં બેસેલ ત્રણ હિન્દી ભાષી શખ્સોએ તેમને આજીડેમ ચોકડી કઈ તરફ આવી હોવાનું પૂછ્યું હતું. જે અંગે વૃદ્ધે તેમને સરનામું બતાવ્યું હતું. જે બાદ તે કારમાં રહેલ શખ્સોએ તેમને પ્રથમ રૂ.૫૦૦ આપી તુમ બહુત બડે ભાગ્યશાલી વ્યક્તિ હો ઉસકા ગાય કો ચારા ડાલ દેના કહી ફસાવ્યા હતા. અને બાદમાં તેમને પહેરેલ ચાર ગ્રામની વીંટી જોવા માટે માંગી હતી. જે બાદ વૃધે તે વીંટી આરોપીઓને આપતા જ તે શખ્સો વીંટી લઈ નાસી છૂટ્યા હતા.

બનાવ અંગે ગાંધીગ્રામ અને પ્ર. નગર પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ હતી. જે અંગે ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા અને એસીપી ક્રાઈમ ભરત બસીયાની માર્ગદર્શન હેઠળ ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ એમ.આર.ગોંડલીયા, એમ.એલ ડામોર અને ચિરાગ જાદવની રાહબરીમાં પીએસઆઈ શક્તિસિંહ ચુડાસમા ટીમ સાથે તપાસ કરી રહ્યા હતા

ત્યારે મળેલ ચોક્કસ બાતમીના આધારે મદારી ગેંગના બે સાગરીતોને પકડી પાડ્યા હતા. જેમાં એક શખ્સ વાંકાનેરનો અને બીજો દેહગામનો હોવાનું સામે આવ્યું છે. આરોપીઓ પાસેથી લૂંટ કરેલ મુદ્દામાલ કબજે કરવા તજવીજ હાથ ધરાઈ છે તેમજ આ ગુનામાં અન્ય બે શખ્સો પણ હોવાનું સામે આવતા તેની શોધખોળ યથાવત રખાય છે.

### ક્રાઈમ બ્રાન્ચની ટીમે વાંકાનેર અને દહેગામના શખ્સોને સકંજામાં લઈ મુદ્દામાલ રિકવર કરવાં તજવીજ આદરી : વધુ બેની શોધખોળ

# રાજ્યના ૪૨૮ દિવ્યાંગ ઉમેદવારો મુખ્ય શિક્ષક બનવા માટે રવિવારે પરીક્ષા આપશે

## પરીક્ષાની હોલટિકિટ ઓનલાઈન મૂકાઈ: ચાર જિલ્લાઓમાં પાંચ પરીક્ષા સેન્ટર પર પરીક્ષાનું આયોજન

**અબતક, રાજકોટ**

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ૨૧ સપ્ટેમ્બરના રોજ દિવ્યાંગ વ્યક્તિઓની ખાસ ભરતી ઝુંબેશ અંતર્ગત મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટી લેવામાં આવનાર છે. આ પરીક્ષા માટેની હોલટિકિટ ઓનલાઈન અપલોડ કરી દેવામાં આવી છે, જેથી ઉમેદવારો પરીક્ષાના દિવસ સુધી હોલટિકિટ ડાઉનલોડ કરી શકશે. પરીક્ષા માટે સમગ્ર રાજ્યમાંથી ૪૨૮ ઉમેદવારો નોંધાયા છે. જેમની પરીક્ષા રાજ્યના ચાર જિલ્લામાં પાંચ સેન્ટર પર લેવામાં આવશે. અમદાવાદ શહેરમાં બે સેન્ટર પર મળી કુલ ૨૦૦ ઉમેદવારો પરીક્ષા આપશે.

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ૧૧ જૂન, ૨૦૨૫ના રોજ જાહેરનામુ બહાર પાડી પ્રાથમિક શાળાઓમાં સીધી ભરતીથી મુખ્ય શિક્ષક તરીકે નિમણુંક મેળવવા માટેની લાયકાત ધરાવતા દિવ્યાંગ ઉમેદવારો માટેની ખાસ ભરતી ઝુંબેશ અંતર્ગત મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના માટે ઉમેદવારો પાસેથી ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવી હતી.પરીક્ષા બપોરના ૧ વાગ્યાથી ૩ વાગ્યા દરમિયાન લેવાશે. પરીક્ષા માટે રાજ્યના ચાર જિલ્લાઓ પસંદ કરવામાં આવ્યા છે, જેમાં અમદાવાદ શહેર ઉપરાંત વડોદરા, રાજકોટ અને સુરત જિલ્લા ખાતે પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પરીક્ષા માટેની હોલટીકીટ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા વેબસાઈટ પર અપલોડ કરી દેવામાં આવી છે. જેથી ઉમેદવારો પરીક્ષાના દિવસ સુધી વેબસાઈટ પરથી હોલટિકિટ ડાઉનલોડ કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. પરીક્ષા પુર્ણ થયા બાદ વહેલી તકે પરિણામ જાહેર કરવાની કાર્યવાહી હાથ ધરાશે.

# સુપ્રીમ કોર્ટે અંબાણી પરિવારના વનતારાને આપી ક્લિન ચિટ: તમામ આરોપોને ફગાવ્યા

## એસઆઈટીની તપાસમાં પ્રાણીસંગ્રહાલય તરીકે ચલાવવા, પ્રાણીઓને સારી સ્થિતિમાં ન રાખવા સહિતના આરોપો પાયાવિહોણા સાબિત થયા

**અબતક રાજકોટ**

અંબાણી પરિવારના ગુજરાતના જામનગરમાં આવેલા વનતારા વાઈલ્ડલાઈફ ફેસિલીટી પર લાગેલા ગંભીર આરોપો અંગે સુપ્રીમ કોર્ટે ક્લિન ચિટ આપી છે, જેનાથી આ વિવાદનો અંત આવ્યો છે. અગાઉ કોર્ટે આ મામલે તપાસ કરવા માટે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી)નું ગઠન કર્યું હતું, જેણે પોતાનો વિસ્તૃત રિપોર્ટ ૧૨મી સપ્ટેમ્બરના રોજ સુપ્રીમ કોર્ટને સોંપ્યો હતો. કોર્ટે આ રિપોર્ટનો અભ્યાસ કર્યા બાદ વનતારાને નિર્દોષ જાહેર કર્યું છે.

વાઈલ્ડલાઈફ એક્ટિવિસ્ટો દ્વારા લાંબા સમયથી એવા આરોપ લગાવવામાં આવી રહ્યા હતા કે વનતારામાં વન્યજીવ સંરક્ષણ કાયદાઓનું ઉલ્લંઘન થઈ રહ્યું છે. આ ઉપરાંત, વનતારાને ખાનગી પ્રાણીસંગ્રહાલય તરીકે ચલાવવા, પ્રાણીઓને સારી સ્થિતિમાં ન રાખવા અને નાણાકીય અનિયમિતતાઓ જેવા આરોપો પણ મૂકવામાં આવ્યા હતા. જોકે, એસઆઈટીની તપાસમાં આ તમામ આરોપો પાયાવિહોણા સાબિત થયા છે.

સુપ્રીમ કોર્ટના ચુકાદા અનુસાર, એસઆઈટી વનતારામાં કોઈ કાયદાકીય ઉલ્લંઘન કે નાણાકીય ગેરરીતિ મળી નથી. રિપોર્ટમાં જણાવ્યા મુજબ, વનતારાએ પ્રાણીસંગ્રહાલય ચલાવવા માટેના તમામ નિયમોનું પાલન કર્યું છે. અહીં લાવવામાં આવેલા પ્રાણીઓને કાયદા મુજબ અધિકૃત કરવામાં આવ્યા છે અને તેમની દેખભાળ પણ આંતરરાષ્ટ્રીય ધોરણો અનુસાર કરવામાં આવી રહી છે. કોર્ટે સ્પષ્ટ કર્યું કે વનતારાનું સંચાલન કાયદેસર રીતે માન્ય છે.

વનતારા, જે ગ્રીન્સ ઝૂલોજિકલ રેસ્ક્યુ એન્ડ રિહેબિલિટેશન સેન્ટરના નામથી રજિસ્ટર્ડ છે, તે હવે કાયદાકીય રીતે નિર્દોષ જાહેર થયું છે. સુપ્રીમ કોર્ટના આ ચુકાદાથી અંબાણી પરિવાર અને વનતારા માટે એક મોટી રાહત આવી છે, અને પ્રાણી સંરક્ષણના ક્ષેત્રમાં તેમના પ્રયાસોને કાનૂની માન્યતા મળી છે.

# ડિપ્લોમા પ્રવેશનો આજે છેલ્લો દિવસ સરકારી કોલેજોમાં ૧૮૬૩ બેઠકો ખાલી

**અબતક, રાજકોટ**

ધો.૧૦ પછી ડિપ્લોમા ઈજનેરીમાં પ્રવેશ માટે ૧૫મી સપ્ટેમ્બરે છેલ્લો દિવસ છે ત્યારે સરકારી ડિપ્લોમા કોલેજની કુલ ૨૨૨૧૩ બેઠકો પૈકી તાજેતરમાં કરાયેલા ઓફલાઈન રાઉન્ડમાં ૩૦૦ વિદ્યાર્થી પૈકી ૨૩૮ વિદ્યાર્થીએ પ્રવેશ લેતા ૧૮૬૩ બેઠકો ખાલી પડી છે. આ સાથે જ આવતીકાલે ડિગ્રી ઈજનેરી, એમબીએ-એમસીએ સહિતની કોલેજોમાં પણ પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ જાહેર કરી દેવામાં આવશે.સરકારી ડિપ્લોમા ઈજનેરી કોલેજોમાં ૨૨૨૧૩ બેઠકો પૈકી ઓનલાઈન રાઉન્ડ પૂરા કર્યા બાદ ૨૩૦૦થી વધારે બેઠકો ખાલી પડી હતી. નિયમ પ્રમાણે પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરવાની સમયમર્યાદા ૧૫ ઓગસ્ટના બદલે ૧૫મી સપ્ટેમ્બર કરાયા બાદ પ્રવેશ સમિતિ દ્વારા વધુ એક ઓફલાઈન રાઉન્ડ કરાયો હતો. ઓનલાઈન રાઉન્ડ બાદ ખાલી પડેલી ૨૨૨૧૩ બેઠકો માટે ઓફલાઈન રાઉન્ડ માટે અરજીઓ મગાવવામાં આવી હતી. અંદાજે ૩૦૦ વિદ્યાર્થીઓએ ઓફલાઈન માટે અરજી કરી હતી. જેમાંથી ૨૩૮ વિદ્યાર્થીઓએ પ્રવેશ લેતા હાલની સ્થિતિમાં ૧૮૬૩ બેઠકો ખાલી પડી છે. જોકે, ગત વર્ષની સરખામણીમાં બે હજાર બેઠકો વધારે ભરાઈ છે. હાલ ખાલી પડેલી બેઠકો હવે જાન્યુઆરીમાં થનારી બીજા તબક્કાની એટલે કે બીજી વખતની પ્રવેશ પ્રક્રિયામાં વિદ્યાર્થીઓને ઓફર કરવામાં આવશે. ચાલુ વર્ષથી ડિપ્લોમા-ડિગ્રી ઈજનેરીમાં વર્ષમાં બે વખત પ્રવેશ પ્રક્રિયા કરવાની જાહેરાત કરવામાં આવી છે. હાલમાં ખાલી પડેલી બેઠકો પૈકી જે કોર્સમાં ૩૦ કરતાં વધારે બેઠકો ખાલી હશે તે વિદ્યાર્થીઓને પ્રવેશ માટે ઓફર કરવામાં આવશે. હાલમાં કમ્પ્યૂટર, આઈટી બ્રાન્ચમાં સરકારી કોલેજોની તમામ બેઠકો ફુલ થઈ ગઈ છે. ટેક્સટાઈલ્સ, મિકેનિકલ, ઈલેક્ટ્રિક જેવી બ્રાન્ચોમાં બેઠકો ખાલી પડી છે. કાઉન્સિલના નિયમ પ્રમાણે આવતીકાલે ૧૫મી સપ્ટેમ્બર પ્રવેશ ફાળવવાનો છેલ્લો દિવસે છે. આવતીકાલ સુધી સ્વનિર્ભર કોલેજો પણ ખાલી પડેલી બેઠકો પર વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવી શકશે.

### શહેર અને તમામ તાલુકા મથકે યોજાયેલી લોક અદાલતમાં

# અકસ્માત વળતરના ૩૧૫ કેસોમાં રૂ. ૨૨.૫૧ કરોડનું વળતર મંજૂર

## ૧૪,૭૪૧ પેન્ડિંગ અને ૫૬,૭૮૫ પ્રિ-લીટીગેશન કેસ મળી કુલ-૭૧,૫૨૬ કેસનો નિકાલ થયો

**અબતક, રાજકોટ**

રાજકોટ સહિત જિલ્લાની તમામ કોર્ટ ખાતે ગત શનિવારે યોજાયેલી લોક અદાલતમાં કુલ ૭૧,૫૨૬ કેસોનો નિકાલ થયેલ છે. જ્યારે અકસ્માત વળતરના ૩૧૫ કેસોમાં કુલ રૂ. ૨૨.૫૧ કરોડનું વળતર, તેમજ ચેક રિટર્ન અંગેના ૨૨૬૨ કેસોમાં રૂ. ૧૨.૭૧ કરોડ ચૂકવવાનું સમાધાન થયું હતું.

કેન્દ્રીય અને રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળો અને ગુજરાત હાઈકોર્ટના માર્ગદર્શન હેઠળ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળની દેખરેખ હેઠળ ચેરમેન પ્રિન્સિપાલ જજ જે. આર. શાહના દોરવણીમાં રાજકોટ જિલ્લાની તમામ અદાલતોમાં કચ્છ શનિવારે યોજાયેલી મેગા લોક અદાલતને ખૂબ જ સફળતા મળી હતી. જેમાંથી મોટર અકસ્માત વળતરના ૩૧૫ કેસોનો સમાધાન રાહે નિકાલ કરવામાં આવેલો હતો. જેમાં ૨૨.૫૧ કરોડ જેટલી રકમનું સમાધાન થયેલ, ચેક રિટર્નના કુલ ૨,૨૬૨ કેસોનો સમાધાન રાહે નિકાલ થતા રૂ. ૧૨.૭૧ કરોડની રકમનું સમાધાન થયેલ, તેમજ લગ્ન વિષયક તકરાર અંગેના ૧૦૨ કેસોમાં સમાધાન રાહે નિકાલ થયેલ. તમામ કેસો મળી લોક અદાલતમાં ૩,૫૫૮, સ્પેશ્યલ સીટીંગમાં ૧૧,૧૮૩ મળી કુલ-૧૪,૭૪૧ પેન્ડિંગ કેસો તથા ૫૬,૭૮૫ પ્રિ-લીટીગેશન કેસો મળી આ લોક અદાલતમાં કુલ-૭૧,૫૨૬ કેસોનો નિકાલ થયેલ છે. જેથી ભવિષ્યમાં યોજાનાર લોક અદાલતોમાં પક્ષકારોને સક્રિય ભાગ લેવા રાજકોટ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા અનુરોધ કરાયો છે.

### મોટી ટાંકી ચોકમાં આવેલી એનો થાઈ સ્પામાં દરોડો

# ગુગલ પ્રોફાઈલ પરની કમેન્ટે મસાજના ઓઠા તળે ધમધમતા કુટણખાનાનો પર્દાફાશ કર્યો

### સ્પા માલિક, સંચાલક અને રિસેપ્શનિષ્ટની રૂ. ૪૯,૬૦૦ ના મુદ્દામાલ સાથે ધરપકડ

### મેઘાલય અને સિક્કિમથી રૂપલલનાઓ બોલાવી બે વર્ષથી લોહીનો વેપાર કરાતો'તો : નવ યુવતી અને સાત રંગીન મિજાજી મળી આવ્યા


### એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટના પીઆઈ ભાર્ગવસિંહ ઝણકાટ ટીમનો દરોડો


**અબતક, રાજકોટ**

શહેરમાં સ્પાના નામે મસાજના ઓઠા તળે ધમધમતા વધુ એક કુટણખાનાનો પર્દાફાશ થયો છે. મોટી ટાંકી ચોકમાં આવેલ એનો થાઈ સ્પામાં એએચટીયુ શાખાની ટીમે દરોડો પાડી ત્રણ શખ્સોની ધરપકડ કરી હતી. જયારે સ્પામાંથી સિક્કિમ અને નાગાલેન્ડની નવ યુવતીઓ અને સાત ગ્રાહકો મળી આવતા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

સ્પાના નામે ચાલતા સેક્સ રેકેટનું દુષણ નાબૂદ કરવા પોલીસની ટીમો ટેક્નિકલ સોર્સના આધારે તપાસ કરી રહી હતી. દરમિયાન એનો થાઈ સ્પાની ગુગલ પ્રોફાઈલમાં એક્સ્ટ્રા સર્વિસ અને તેના ઉઘરાણા અંગે કરવામાં આવેલી કમેન્ટ્સ ધ્યાને આવ્યા બાદ એએચટીયુની ટીમે વિગતોની ખરાઈ કરી દરોડો પાડ્યો હતો તેવું પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું.

દરોડાની પ્રાત વિગત અનુસાર શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયા, ડીસીપી ક્રાઈમ જગદીશ અને એસીપી ક્રાઈમ બી બી બસિયા દ્વારા શહેરી વિસ્તારમાં ઈમોરલ ટ્રાફિક એક્ટ હેઠળ જરૂરી તપાસ કરવા તેમજ આ પ્રકારની પ્રવૃત્તિઓને અટકાવવા સૂચના આપવામાં આવી હતી. જે સૂચના અનુસંધાને પ્ર.નગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ મોટી ટાંકી ચોક ખાતે પ્રતિભા કોમ્પલેક્ષ સ્થિત એનો થાઈ સ્પાના સંચાલક દ્વારા રૂપ લલનાઓ રાખી મસાજના ઓઠા




તળે બહારથી ગ્રાહકો બોલાવી દેહ વ્યાપારનો ગોરખધંધો ચલાવવામાં આવે છે તેવી માહિતી એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ(એએચટીયુ)ને મળી હતી.

જેથી આ વિગતોને વેરીફાઈ કરાવવા એએચટીયુની ટીમ દ્વારા ડમી ગ્રાહકને જરૂરી સૂચના આપી સ્પામાં મોકલી વિગતોની ખરાઈ કરવામાં આવી હતી. જે વિગતો સાચી ઠરતા એએચટીયુની ટીમ દ્વારા એનો થઈ સ્પામાં દરોડો પાડવામાં આવ્યો હતો. જ્યાંથી એએચટીયુની ટીમે રિસેપ્શનિષ્ટ શિવનાથસિંહ રામભજનસિંહ ભદોરીયા, સ્પા સંચાલક પ્રવીણ રમેશભાઈ વોરા (રહે આંબેડકર નગર-૧, ૮૦ ફુટ રોડ, રાજકોટ) અને સ્પા માલિક નરેન્દ્રસિંહ ભૂપતસિંહ રાઠોડ (ઉવ ૪૦ રહે. એરપોર્ટ રોડ, મારુતિનગર શેરી નંબર-૫, રાજકોટ)ની ધરપકડ કરી હતી. જ્યારે સ્પામાં દરોડો પાડતા નાગાલેન્ડની છ અને સિક્કીની ત્રણ મળી કુલ નવ યુવતીઓ જ્યારે સાત ગ્રાહકો પણ ઝડપાયા હતા.

એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ યુનિટમાંથી મળતી વિગત અનુસાર છેલ્લા બે વર્ષથી એનો થાઈ સ્પામાં મસાજના ઓઠા તળે હાઈ પ્રોફાઈલ કુટણખાનું ધમધમી રહ્યું હતું. જેમાં ગ્રાહક પાસેથી રૂ.૪૧૦૦ મેળવી તેમાંથી રૂ.૩૧૦૦ રૂપલલનાઓને આપતા હતા. જ્યારે અન્ય રૂ. ૧૦૦૦ પોતે રાખી લેતા હતા. ઉપરાંત એન્ટ્રી ફી તરીકે રૂ. ૧૫૦૦ અલગથી ઉઘરાવવામાં આવતા હતા. આમ પોતાના આર્થિક લાભ માટે બહારથી સ્ત્રીઓને બોલાવી દેહ વ્યાપારનો ગોરખધંધો કરવામાં આવતો હતો. પોલીસે રૂ. ૧૪,૬૦૦ રોકડા અને તથા ત્રણ મોબાઈલ મળી કુલ રૂ. ૪૯,૬૦૦ ના મુદ્દામાલ સાથે ત્રિપુટીની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસ સૂત્રોમાંથી પ્રાપ્ત વિગત અનુસાર હાલ શહેરમાં સ્પાના ઓઠા તળે ધમધમતા કુટણખાનાના બનાવો છાશવારે સામે આવતા હોય છે. ત્યારે એએચટીઓની ટીમે તમામ સ્પાની ટેક્નિકલ સોર્સના આધારે તપાસ શરૂ કરી હતી. દરમિયાન ગુગલ સર્ચ એન્જીનમાં એનો થાઈ સ્પાની પ્રોફાઈલમાં એક્સ્ટ્રા સર્વિસના નામે ઉઘરાવવામાં આવતા રૂપિયા અંગેની માહિતી આપતી ઢગલાબન્ધ કમેન્ટ્સ મળી આવતા એએચટીયુની ટીમે આ વિગતોની ખરાઈ કરાવતા સ્પાના ઓઠા તળે હાઈ પ્રોફાઈલ કુટણખાનું ધમધમતું હોય તે વિગત સાચી હોવાનું સામે આવતા દરોડો પાડવામાં આવ્યો હતો. આ કામગીરીમાં એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ યુનિટના પીઆઇ ભાર્ગવસિંહ ઝણકાટ, પીએસઆઈ એ કે ગોસ્વામી, હેડ કોન્સ્ટેબલ હરસુખભાઈ વાછાણી, મહંમદ આરીફ અન્સારી, કોન્સ્ટેબલ હસમુખભાઈ બાલધા, ભૂમિકાબેન ઠાકર મહેશ પ્રસાદ, મહિલા લોકરક્ષક જ્યોતિબેન બાબરીયા અને ડ્રાઈવર સૂર્યકાંતભાઈ રોકાયા હતા.

### ગ્રાહક પાસેથી 'એક્સ્ટ્રા' સર્વિસના નામે ૪૧૦૦ ઉઘરાવી રૂપજીવીનીઓને ૩૧૦૦ આપતાં અને હજાર રૂપિયા પોતે રાખી લેતાં'તા : એન્ટ્રી ફી તરીકે ૧૫૦૦ અલગથી ઉઘરાવતા

# નખત્રાણાના નાના કાદિયા ગામે પુત્રોએ માતાને મોતને ઘાટ ઉતારી

## આડા સંબંધોના વહેમમાં પુત્રોએ આ ઘાતકી હત્યાને અંજામ આપ્યો

**અબતક, ભુજ**

કચ્છના નખત્રાણા તાલુકાના નાના કાદિયા ગામની વાડી વિસ્તારમાં પુત્રોએ જ તેમની માતા હેમલતાબેન ડાયાલાલ પારાધી (જાગરિયા) (ઉ.વ. ૪૦)ની હત્યા નીપજાવી હોવાનો બનાવ બહાર આવતાં ભારે ચકચાર પ્રસરી છે. આડા સંબંધોના વહેમમાં પુત્રોએ આ ઘાતકી હત્યાને અંજામ આપ્યો હતો. પોલીસ પ્રાપ્ત વિગત મુજબ પુત્રો અશોક ડાયાલાલ પારાધી જાગરિયા અને કાયદાના સંઘર્ષમાં આવેલા સગીર પુત્ર સહિત બે શખ્સ નીતુભા માધુભા જાડેજાની વાડીમાં ગત મધરાત્રિના ૧૨.૩૦ વાગ્યાના અરસામાં હત્યાના આ બનાવને અંજામ આપ્યો હતો. ભોગ બનનાર હેમલતાબેનના પિતા દાનાભાઈ ખીમાભાઈ જાગરિયાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે તેણી રાત્રિના ૧૨.૩૦ વાગ્યે કોઈ સાથે ફોન ઉપર વાત કરતાં હતાં. આ દરમ્યાન બંને આરોપીની માતાને કોઈ સાથે આડા સંબંધ હોવાની શંકા ગઈ હતી અને આક્રોશમાં આવી ગયા હતા. આરોપીઓએ પણ માતાની પાછળ-પાછળ જઈને તેણીને પકડી હતી અને ગળું દબાવી દઈ મોતને ઘાટ ઉતારી દીધી હતી. પુત્રોએ ગળું દબાવવાનો પ્રયાસ કર્યો, ત્યારે નાકના ભાગે પણ તેણીને ઈજાઓ પહોંચી હતી. બનાવ બહાર આવતાં ગામમાં ભારે ચકચાર પ્રસરી હતી. વાડીના માલિક નીતુભા જાડેજા સવારે છ વાગ્યે વાડીએ આવ્યા ત્યારે બંને આરોપીઓએ માતાની હત્યા નીપજાવી હોવાની કબૂલાત આપી હતી. વાડી માલિકે ભોગ બનનારના પિતાને જાણ કરી બનાવ અંગે જાણ કરી હતી. બંને આરોપીએ કુટુંબીજનો સામે આપેલી કેફિયત મુજબ ભોગ બનનાર હેમલતાબેન છેલ્લા કેટલાક સમયથી તેમને અને તેમના પિતા સાથે વાતચીત પણ ન કરતા હતા અને જમવાનું પણ બનાવતા ન હતા. અવાર નવાર કોઈની સાથે મોબાઈલ ફોન ઉપર વાત કરતા હતા. આરોપી પુત્રોએ સમજાવવા છતાંય માન્યા ન હોવાની કેફિયત પુત્રોએ આપી હતી. આ મામલે નખત્રાણા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. બનાવની જાણ થતાં પી.આઈ. મકવાણા અને અન્ય પોલીસ સ્ટાફે ઘટનાસ્થળે જઈને તપાસ આદરી હતી. પુત્રોના હાથે માતાની હત્યા નીપજાવાઈ હોવાની ઘટનાથી અરેરાટી ફેલાઈ

# વંથલી નજીક પાણી પુરવઠાની જીપની અડફેટે પદયાત્રીનું મોત

## નાબર ઈજનેર અને ડ્રાઈવર નશાની હાલતમાં નાશી છુટતા ગ્રામજનોએ ઝડપી પાડી પોલીસને સોંપ્યા

**અબ તક દર્શન જોશી, જુનાગઢ**

વંથલીના અણીયારા નજીક કુતિયાણાના પાણી પુરવઠા વિભાગના ડેપ્યુટી એન્જિનિયર અને ડ્રાઈવર એ નશામાં ચુર બની, સરકારી વાહન દ્વારા અકસ્માત સર્જતા લુશાળાના એક આશાસ્પદ યુવાનનું કરુણ મોત નીપજ્યું હતું. જ્યારે એક વ્યક્તિને ઈજા થતા પરંતુ ગ્રામજનો એ ખોરાસા પાસે આ જીપને દબોચી લઈ, પોલીસને સોંપી હતી અને પોલીસે તપાસ કરતા ગાડીમાંથી બિયર અને ટીન મળી આવ્યા હતા.

જુનાગઢ જિલ્લાના વંથલી તાલુકાના લુશાળા ગામના સુભાષ કનુભાઈ ડાંગર (ઉ.વ. ૨૪) પોતાના ચારેક મિત્રો સાથે સતાધાર જવા માટે પગપાળા ચાલીને ઘરેથી નીકળ્યા હતા. અને અણીયારા ગામ નજીક પહોંચતા ગવર્મેન્ટ ઓફ ગુજરાત લખેલી સફેદ કલરની જીપ નંબર જીજે -૨૫ -યુ -૮૨૨૯ પૂરપાટ ઝડપે તાલાળા મેંદરડા તરફથી આવી હતી અને પગપાળા જઈ રહેલી યુવાનોને અડફેટે લઈ જીપ ચાલક નાશી છૂટ્યો હતો. ત્યારે આ અકસ્માતની ગ્રામજનોને જાણ થતા, ગ્રામજનો એ લુશાળા નજીક જીપને પકડી પાડી પોલીસને જાણ કરી હતી. ગાડીમાંથી બિયરના પાંચ ટીન મળી આવ્યા હતા. તે સાથે કુતિયાણા પાણી પુરવઠાના ડેપ્યુટી એન્જિનિયર અને ડ્રાઈવર પણ નશાની હાલતમાં મળી આવતા બંનેને હસ્તગત કરવામાં આવ્યા હતા.દરમિયાન લુશાળાના ગ્રામજનો અકસ્માત સ્થળે પહોંચ્યા હતા અને અકસ્માતમાં સુભાષ કાનાભાઈ ડાંગર તથા અન્ય એક યુવક ગંભીર રીતે ઘવાતા જૂનાગઢ સારવાર માટે લવાયા હતા, ત્યાં ફરજ પરના તબીબે સુભાષ કાનાભાઈ ડાંગરને મરણ ગયાનું જાહેર કર્યુ હતું. નશામાં ચુર થઈ અકસ્માત સર્જનાર કુતિયાણા પાણી પુરવઠાના ડેપ્યુટી એન્જિનિયર ગોવિંદ લક્ષ્મણભાઈ પાતર અને ડ્રાઈવર રાહુલ ચંદુભાઈ પાદર સામે કડક કાર્યવાહીની માંગ કરતા,વંથલી પીઆઈ ચૌધરીએ આ ઘટનામાં કડક કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી.

# જામનગર સ્ટેશન પર ફૂટ ઓવર બ્રિજ ગુરૂવારે બંધ રહેશે

**અબતક, રાજકોટ**

જામનગર સ્ટેશન પરિસરમાં આવેલ ફૂટ ઓવર બ્રિજ (રાજકોટ છેડો) ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૫ થી જાહેર ઉપયોગ માટે બંધ રહેશે. આ નિર્ણય હાલના ફૂટ ઓવર બ્રિજના સ્થાને ૧૨ મીટર પહોળા નવા ફૂટ ઓવર બ્રિજના નિર્માણ કાર્ય કરવા માટે લેવામાં આવ્યો છે.

આ સમયગાળા દરમિયાન મુસાફરો બીજા ફૂટ ઓવર બ્રિજ (દ્વારકા છેડો) નો ઉપયોગ કરી શકશે.

# શહેરના ભાગોળે કાળમુખા ટ્રકે વૃદ્ધનો ભોગ લીધો

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરના રાજમાર્ગો પર કાળનો ધામા હોય તેમ તાજેતરમાં મોરબી રોડ પર ડમ્પર હડફેટે માસુમ બાળકના મોતની શાહી હજુ સુકાઈ નથી ત્યાં જ આજે સવારે સુમારે માધાપર ચોકડી પાસે રાહદારી વૃદ્ધને ટ્રકે ઠોકરે ચડાવી મોત નિપજ્યાના બનાવ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં નોંધાયો છે. પરિવારમાં અરેરાટી મચી જવા પામી છે પ્રાપ્ત વિગત મુજબ આજે સવારે ૯/૩૦ ના સુમારે માધાપર ચોકડી પાસેથી પગપાળે પસાર થઈ રહેલા જીતુભાઈ મજીઠીયા ૭૦ ટ્રક નંબર યૂપી ૮૧ સી,ટી ૯૦૦૮ એ પાછળથી હડફેટે લેતા જીતુભાઈ ગંભીર ઈજાગ્રસ્ત થઈ ઘટના સ્થળે ઢળી પડ્યા હતા, અકસ્માત સ્થળે રાહદારી લોકોએ ૧૦૮ ને બોલાવતા ડોકટરોએ જીતુભાઈ મજીઠીયા ને તપાસી મૃત જાહેર કર્યા હતા. આ અંગે ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન રાહુલભાઈ બારૈયા એ તપાસ હાથ ધરી છે

# 'લાઈફ બ્લડ સેન્ટર'ના સ્થાપક ચંદ્રકાન્તભાઈ કોટિચા અરિહંત શરણ પામ્યા



રાજકોટ નિવાસી, સૌરાષ્ટ્રની સૌપ્રથમ બ્લડ બેન્ક 'લાઈફ બ્લડ સેન્ટર'ના સ્થાપક ચંદ્રકાન્તભાઈ હરસુખલાલ કોટિચા (ઉંમર ૮૧) ૧૩ સપ્ટેમ્બર ૨૦૨૫, શનિવારના રોજ અરિહંત શરણ પામેલ છે. તેમનું જીવન સાદગી, સેવાભાવ અને સ્નેહથી ભરપૂર હતું. સમાજસેવા, ખાસ કરીને રક્તદાનના ક્ષેત્રે તેમનું યોગદાન અમૂલ્ય છે. તેઓ તેમના પરિવાર, મિત્રો અને શુભચિંતકો માટે એક વટવૃક્ષ સમાન હતા, જેમણે અનેક લોકોના જીવનમાં ઉજાસ પાથર્યો હતો. સૌરાષ્ટ્રમાં રક્તદાન ક્ષેત્રે તેમનો ફાળો અમૂલ્ય હતો. રાજકોટ વોલિન્ટરી બ્લડ બેન્કથી તેમના જન જાગૃતિ અભિયાનની શરૂઆત કરી હતી. લોકોને રક્તદાન કરવા પ્રેરણા મળે એ માટે તેઓ ગામે ગામ જઈને રક્તદાન જાગૃતિ કેમ્પો કરતા. આ સાથે અધ્યતન સાધનો સાથે સેવા આપવાનો હમેશા તેમનો પ્રયાસ હતો. તેમના હસમુખા અને મળતાવડા સ્વભાવને કારણે તેઓ સીકે ના હુલામણા નામ થી ઓળખાતા.

### પ્રથમ પાનાનું ચાલુ
### તાપમાન ૧૦.૮૦ કરોડ ડીગ્રીએ

સુધી ટકી રહે છે અને આ લાઈન્સને વિકૃત કરે છે. સોલર ફ્લેર્સથી ઉપગ્રહો, અવકાશયાત્રીઓ અને વૈશ્વિક સંચાર વ્યવસ્થાઓને જોખમ હોવાથી, આ અભ્યાસ અવકાશ હવામાનના જોખમોને વધુ સારી રીતે આગાહી કરવા અને ઘટાડવા માટે સ્ટોર્મ મોડેલોને અપડેટ કરવાનું મહત્વ દર્શાવે છે.

સોલર ફ્લેર્સ એ સૂરજની સપાટી પરથી થતા વિશાળ ઊર્જા વિસ્ફોટો છે, જે તીવ્ર કિરણોત્સર્ગ અને ઉચ્ચ-ઊર્જાવાળા કણોના પ્રવાહને અવકાશમાં મુક્ત કરે છે. અગાઉ વૈજ્ઞાનિકો માનતા હતા કે આ ઘટનાઓ કણોને લગભગ ૧.૮ કરોડ ડિગ્રી ફેરનહીટ (૧ કરોડ ડિગ્રી સેલ્સિયસ) સુધી ગરમ કરે છે. જોકે, નવા અભ્યાસથી ખબર પડી છે કે આ ફ્લેર્સમાંના આયન્સ અગાઉ વિચારેલા કરતાં છ ગણા વધુ ગરમ થઈ શકે છે, જે સૌર પ્રવૃત્તિ, ચુંબકીય ક્ષેત્રની ક્રિયાપ્રતિક્રિયાઓ અને અવકાશ હવામાનને ચલાવતી પ્રક્રિયાઓ વિશેની અમારી સમજને બદલી નાખે છે, જે પૃથ્વીના ટેકનોલોજીકલ માળખા પર અસર કરી શકે છે.

યુનિવર્સિટી ઓફ સેન્ટ એન્ડ્રુઝના એલેક્ઝાન્ડર રસેલ અને તેમની ટીમ દ્વારા નેતૃત્વ લેવાયેલા આ અભ્યાસમાં જણાવાયું છે કે ફ્લેર્સ દરમિયાન આયન્સ અને ઈલેક્ટ્રોન્સ અલગ-અલગ વર્તન કરે છે. જ્યાં ઈલેક્ટ્રોન્સ ૧.૮-૨.૭ કરોડ ડિગ્રી ફેરનહીટ (૧-૧.૫ કરોડ ડિગ્રી સેલ્સિયસ) સુધી ગરમ થાય છે, ત્યાં આયન્સ ૧૦.૮ કરોડ ડિગ્રી ફેરનહીટ (૬ કરોડ ડિગ્રી સેલ્સિયસ)થી વધુ તાપમાને પહોંચે છે. આ આત્યંતિક તાપમાનનું અસંતુલન સૌર પ્લાઝમાના વિસ્ફોટક સ્થિતિમાં વર્તન વિશેની લાંબા સમયથી ચાલતી ધારણાઓને પડકારે છે.

અભ્યાસનું સૌથી મહત્વનું યોગદાન એ ફ્લેરના અવલોકનોમાં જોવા મળતી વિશાળ સ્પેક્ટ્રલ લાઈન્સના રહસ્યનું નિરાકરણ છે. જ્યારે વૈજ્ઞાનિકો ટેલિસ્કોપ દ્વારા સોલર ફ્લેર્સનો અભ્યાસ કરે છે, ત્યારે તેઓ તાપમાન અને વર્તન નક્કી કરવા માટે તત્વોના સ્પેક્ટ્રલ ફિંગરપ્રિન્ટ્સનું વિશ્લેષણ કરે છે. જોકે, આ લાઈન્સ હંમેશા અપેક્ષા કરતાં વધુ પહોળી દેખાતી હતી. નવા તારણો સૂચવે છે કે અતિશય ગરમ આયન્સ એટલી ઝડપથી ગતિ કરે છે કે તેઓ આ સ્પેક્ટ્રલ લાઈન્સને વિકૃત કરે છે. કારણ કે આયન્સ અને ઈલેક્ટ્રોન્સ ગરમીનું આદાન-પ્રદાન કરવામાં થોડી મિનિટો લે છે, આ ગરમ આયન્સ ફ્લેર ડેટામાં જોવા મળતી અસામાન્ય પહોળાઈ પેદા કરવા માટે પૂરતા સમય સુધી ટકી રહે છે. આ શોધ સૌર અવલોકનોને વધુ ચોક્કસ રીતે અર્થઘટન કરવાની અમારી ક્ષમતાને વધારે છે.

આ શોધ અવકાશ હવામાનની આગાહી માટે મહત્વની અસરો ધરાવે છે, જે આધુનિક ટેકનોલોજી અને અવકાશ સંશોધન માટે નિર્ણાયક ક્ષેત્ર છે. હાલના મોડેલો ઘણીવાર ફ્લેરમાંના તમામ કણો માટે એક જ તાપમાન ધારે છે, જે વાસ્તવિક ઊર્જાને ઓછો અંદાજી શકે છે. જો આયન્સ ખરેખર અપેક્ષા કરતાં વધુ ગરમી ધરાવે છે, તો મોડેલોએ બહુ-તાપમાન અભિગમ અપનાવવો જોઈએ, જેમાં આયન્સ અને ઈલેક્ટ્રોન્સને અલગ-અલગ ગણવામાં આવે. આ ફેરફાર આગાહીઓની ચોકસાઈને નોંધપાત્ર રીતે સુધારી શકે છે, જે ઉપગ્રહ સંચાલકો, એરલાઈન્સ અને અવકાશયાત્રીઓને ખતરનાક સૌર તોફાનોની વધુ વિશ્વસનીય ચેતવણીઓ આપી શકે છે.

### રિઝર્વ બેન્ક

કારણ કે કામચલાઉ પરિબળોની અસર ઘટશે અને ટેરિફની અસર વધુ સ્પષ્ટ થશે. તેમણે નાણાકીય વર્ષ ૨૦૨૬ના ક્વાર્ટર ૩માં ૨૫ બેઝિઝ પોઈન્ટના એક વધુ દર ઘટાડાની અપેક્ષા વ્યક્ત કરી. એએનઝેડના અર્થશાસ્ત્રી ધિરજ નિમે જણાવ્યું કે, ફુગાવામાં ઘટાડાના જોખમોને કારણે ઓક્ટોબર-ડિસેમ્બરમાં રેપો રેટમાં ઘટાડાની શક્યતા છે, જોકે મજબૂત જીડીપી આંકડા બાદ બજારે આ શક્યતાને નકારી કાઢી હતી. આમ, ફુગાવો નીચો રહેવા છતાં, મજબૂત આર્થિક વૃદ્ધિ અને જીએસટી ઘટાડાની અસરને ધ્યાનમાં રાખીને આરબીઆઈ નજીકના સમયમાં વ્યાજદર યથાવત રાખે તેવી શક્યતા વધુ લાગે છે.

### હાઈકોર્ટ

કારણે આ મામલો હાઈકોર્ટ સુધી પહોંચ્યો છે.

ગુજરાત હાઈકોર્ટે આ મુદ્દે ગંભીરતાથી ધ્યાન આપ્યું છે અને રાજ્ય સરકાર તેમજ પ્રવેશ પ્રક્રિયા સાથે સંકળાયેલા અધિકારીઓને નોટિસ જારી કરીને આ રૂપાંતરણની પ્રક્રિયા અંગે સ્પષ્ટતા માંગી છે. કોર્ટે આ પ્રક્રિયા કયા નિયમો હેઠળ કરવામાં આવી છે અને તેની પાછળનું તર્કસંગત કારણ શું છે, તેની વિગતો માંગી છે. આ ઉપરાંત, કોર્ટે આ મામલે આગળની સુનાવણી માટે તારીખ નક્કી કરી છે, જેમાં તમામ પક્ષકારોને પોતાનો પક્ષ રજૂ કરવાની તક આપવામાં આવશે.

ગુજરાત હાઈકોર્ટની આ નોટિસ એક મહત્વપૂર્ણ પગલું છે, જે રાજ્યમાં મેડિકલ પ્રવેશ પ્રક્રિયાની પારદર્શિતા અને નિષ્પક્ષતા સુનિશ્ચિત કરવાના ઉદ્દેશ્યને દર્શાવે છે. આ મામલાની આગળની સુનાવણી પર તમામ હિતધારકોની નજર રહેશે, કારણ કે આ નિર્ણય ભવિષ્યમાં પીજી મેડિકલ પ્રવેશની નીતિઓને આકાર આપી શકે છે.

### પૂર્વ માહિતી કમિશનર

કરી છે. તેમણે જણાવ્યું કે તેમણે દિલ્હી પોલીસનો પણ સંપર્ક કરીને અગ્રણી એપ્લિકેશનો, ઓટીટી પ્લેટફોર્મ અને સોશિયલ મીડિયા સામે ફરિયાદ કરી હતી. જ્યારે પોલીસે તેમની ફરિયાદ નોંધી ન હતી, ત્યારે તેઓએ ન્યાયતંત્રનો સહારો લીધો હતો, જેના પરિણામે પોલીસ વિભાગને નોટિસ મોકલવામાં આવી હતી. માહુરકરે પોર્નોગ્રાફી દર્શાવતી ઓનલાઈન એપ્લિકેશનો પર પ્રતિબંધ મૂકવાના કેન્દ્ર સરકારના નિર્ણયને પણ સમર્થન આપ્યું. આ પગલાં રાષ્ટ્રનિર્માણ માટે અત્યંત મહત્વપૂર્ણ છે.

વધુમાં, માહુરકરે જણાવ્યું કે ભારતીય સાંસ્કૃતિક મૂલ્યોને પ્રોત્સાહન આપવા માટે તેમણે ગુજરાત સરકાર સાથે સહયોગ કર્યો છે, જેના અંતર્ગત યુવાનોને 'સંસ્કૃતિક યોદ્ધા પુરસ્કાર' એનાયત કરવામાં આવશે. આ પ્રકારના પ્રયાસો વિકસિત ભારત ૨૦૪૭ ના વડાપ્રધાન મોદીના વિઝનને સાકાર કરવા માટે જરૂરી છે. માહુરકર એક અનુભવી પત્રકાર અને રાજકીય વિશ્લેષક છે, જેમણે વડાપ્રધાન મોદી અને વિનાયક સાવરકર પર પુસ્તકો પણ લખ્યા છે, જે આ મુદ્દા પ્રત્યેની તેમની ગંભીરતા દર્શાવે છે. આ પહેલ સમાજમાં જાગૃતિ લાવવા અને ઓનલાઈન કન્ટેન્ટના દૂષણને રોકવામાં મદદરૂપ થશે.

### ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદકો

પીએલઆઈ યોજના ભારતના 'આત્મનિર્ભર ભારત' અભિયાનનો એક મહત્વપૂર્ણ ભાગ છે. આ યોજના દ્વારા સરકાર સ્થાનિક ઉત્પાદનને વેગ આપવા અને વૈશ્વિક સપ્લાય ચેઈનમાં ભારતનું સ્થાન મજબૂત કરવા માટે પ્રતિબદ્ધ છે. ઉદ્યોગો માટે આ એક સુવર્ણ તક છે કે તેઓ આ યોજનાનો લાભ લઈને પોતાના વ્યવસાયને વિસ્તારે અને દેશના આર્થિક વિકાસમાં યોગદાન આપે.

### (ચોથા પાનાનું ચાલુ)
### ડો. ત્રિમાબેન ઠાકુર...

એસડીજી (સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ) ની માહિતી આધારીત પોસ્ટર લગાવેલ છે જે ખૂબ આનંદની વાત છે. ભારત હાલ NET2070 પર કામ કરી રહ્યું છે, આ માટે સતત એનર્જી એફીશિયનસીને વધારવા માટેના અનેક પ્રયાસો ચાલી રહયા છે. અને આ બાબતે બ્યુરો ઓફ એનર્જી એ ફીસીયન્ટી ખૂબ કામ કરી રહયુ છે. તથા આવનાર સમયમાં એનર્જી સેકટરમાં નોકરી માટેની વિપુલ તકો જોવા મળશે. ભારતે m NET.0 પાથ વે નકિક કરી લીધો છે. જે અંતર્ગત સોલાર, ઈલેકટ્રીક વાહનો વગેરે આ બાબતના એડવાન્સમેન્ટ આપણે જોઈ શકીએ છીએ.

આ પ્રસંગે વિશેષ ઉપસ્થિત ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ એ વિદ્યાર્થીઓને સંબોધતા જણાવેલ સૌની યોજના દ્વારા રાજકોટમાં પાણીના પ્રશ્નને મહદ અંશે પૂર્ણ કરી શકાયો છે આ પણ રિન્યુએબલ એનર્જીનું ઉદાહરણ કહી શકીયે. વિદ્યાર્થીઓએ રીન્યુએબલ એનર્જીર્ના ઉપયોગ તરફ આગળ વધવુ જોઈએ.

ધર્મેશભાઈ મહિડા દ્વારા કંપની ALTAVOLT બનાવેલ Live product નો Demo વિદ્યાર્થી સમક્ષ રજુ કરેલ. જેમાં તેમને પાણીમાંથી વિજળી ઉત્પન્ન કરેલ અને પાણીમાંથી ઈલેકટ્રીસીટી (પાવર) તથા ક્ષશદ્ય મોબાઈલ ચાર્જ કરી વિદ્યાર્થીઓને બતાવેલ.

મુખ્ય મહેમાન તરીકે પ્રવિણજી રામદાસ - જોઈન્ટ ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી-વિજ્ઞાન ભારતી, પ્રસાદજી - સંગઠન મંત્રી, ડો. ત્રિમા ઠાકુર ડાયરેકટર જનરલ એન.પી.ટી.આઈ., જીજ્ઞેશભાઈ બોરીસાગર- સચીવ વિજ્ઞાન ગુર્જરી, ડો. નિકેશભાઈ શાહ- સંયોજક વિજ્ઞાન ગુર્જરી, પ્રદીપભાઈ જોશી-સહ સંયોજક વિજ્ઞાન ગુર્જરી હાજર રહેલ હતા.

કાર્યક્રમને સફળ બનાવા માટે પ્રીન્સીપાલ ડો. પિયુષભાઈ વણઝારાના માર્ગદર્શન હેઠળ મિકેનીકલ વિભાગના વડા ડો. નિરવભાઈ મણીઆર, કેમીકલ વિભાગના વડા ડો. વ્યોમેશભાઈ પરસાણા, પ્રો. અમિતભાઈ પાઠક, કેમિકલ વિભાગનાં ડો. સુશીલ કોરગાંવકર, રીટાબેન વાછાણી તથા સ્ટાફ મિત્રો વગેરે એ ભારે જહેમત ઉઠાવી હતી.

કાર્યક્રમની સફળતા માટે ટ્રસ્ટીઓ કૌશિકભાઈ શુકલ, ડો. સંજીવભાઈ ઓઝા, હર્ષલભાઈ મણીઆર, ડો. નરેન્દ્રભાઈ દવે તથા ડો. નવીનભાઈ શેઠે સર્વેને શુભેચ્છાઓ પાઠવેલ છે.

### વગડ ચોક...

પૂર્વ વિધાનસભા ઈન્ચાર્જ રાજુભાઈ બોરીચા, વોર્ડ નં.૮ પ્રભારી સંજયભાઈ દવે, વોર્ડ નં.૧૩ પ્રભારી પ્રવીણભાઈ પાઘડાર, વોર્ડ પ્રમુખ હિરેનભાઈ મુંગપરા, મહામંત્રી વિનોદભાઈ ઈસોટીયા અને મૂળુભાઈ ઓડેદરા, ફર્નાન્ડીઝભાઈ પાડલીયા, ભાસ્કરભાઈ જસાણી, મૌલિકભાઈ દેલવાડીયા તેમજ બહોળી સંખ્યામાં વિસ્તારવાસીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### પાના નં.૧૧નું ચાલું
### ''નમોત્સવ''

વજુભાઈ વાળા, આર્ષવિદ્યાના મહંત પરમાનંદ સરસ્વતીજી, સાંસદ પરસોતમ રૂપાલા, મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરીયા, પ્રદેશ ઉપાધ્યક્ષ ડોક્ટર ભરત બોઘરા, શહેર ભાજપ પ્રમુખ ડોક્ટર માધવ દવે, મેયર નયનાબેન પેઢડીયા સહિતના રાજકીય સામાજિક આગેવાનો અને શહેરીજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### (૧૨માં પાનાનું ચાલુ)
### પ્રથમ વુમેન વન-ડે

આક્રમક બેટિંગ ચાલુ રાખી હતી. અનુભવી બેટ્સમેન એલિસ પેરી ૩૦ રન બનાવીને રિટાયર્ડ હર્ટ થઈ હતી અને લિચફિલ્ડ ૮૦ બોલમાં ૮૮ રન બનાવીને સ્નેહ રાણાનો શિકાર બની હતી.ઓસ્ટ્રેલિયાએ એકપણ વિકેટ ગુમાવી ન હતી. ભૂતપૂર્વ કેપ્ટન બેથ મૂની અને એનાબેલ સધરલેન્ડે ટીમને વિજય તરફ લઈ ગઈ. બેથ મૂનીએ ૭૪ બોલમાં અણનમ ૭૭ રન, જ્યારે સધરલેન્ડ ૫૧ બોલમાં ૫૪ રન બનાવ્યા બાદ અણનમ રહ્યા હતા. ભારત વતી ક્રાંતિ ગૌર અને સ્નેહ રાણાએ એક-એક વિકેટ લીધી હતી.

### (છેલ્લા પાનાનું ચાલુ)
### અમિત શાહ...

ઓળંગીને ફ્રાન્સ પહોંચ્યા હતા.

કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે, અહીં જે પણ ખેલાડી રમવા આવશે તે પોતાના માટે નહીં પરંતુ તેના દેશ માટે મેડલ જીતવાની આશા સાથે આવશે.

કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું કે, અમદાવાદ દેશની ખેલકૂદ રાજધાની, સ્પોર્ટ્સ કેપિટલ બનશે. અમદાવાદમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમ, સરદાર પટેલ સ્પોર્ટ્સ એન્ક્લેવ, વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ જેવા આધુનિક સંકુલોથી રમત ગમતની પૂરતી સુવિધાઓ વિકસી છે.

કેન્દ્રીય ગૃહ મંત્રીએ ભારપૂર્વક જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની સરકાર આવ્યા પછી દેશના ખેલાડીઓનું ઓલમ્પિક, કોમનવેલ્થ અને વિન્ટર ગેમ્સમાં પર્ફોર્મન્સ વધુ ઉત્કૃષ્ટ બન્યું છે.

તેમણે ઉમેર્યું કે, ૨૦૨૯માં અમદાવાદમાં પોલીસ અને ફાયર વિભાગના જવાનોની આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓ થવાની છે. ૨૦૩૦માં કોમનવેલ્થ ગેમ્સ અમદાવાદમાં રમાય તે માટેની મંજૂરી ટૂંક સમયમાં મળે તેવી સંભાવના છે. અને ૨૦૩૬ માં ઓલમ્પિક પણ અમદાવાદમાં રમાય તે માટે સરકાર કટિબધ્ધ છે.

મંત્રીએ પોતાના મતવિસ્તાર અને પોતાના વોર્ડમાં નિવાસસ્થાનથી નજીક જ અધ્યાધુનિક રમતગમત સંકુલ આકાર પામ્યું છે તેની ખુશી વ્યક્ત કરતા કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીને અહીંની ૨૧ એકર જમીનમાં આ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ બને તેની મંજૂરી માટે વિનંતી કરી હતી. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ વિસ્તારમાં વર્લ્ડ ક્લાસ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ બને તેવા આગ્રહ સાથે મંજૂરી આપી હતી, જે આ અદ્યતન વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સના નિર્માણથી પૂર્ણ થઈ છે.

વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સના લોકાર્પણ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે અમદાવાદ અને ગુજરાતને આજે વિશ્વ કક્ષાના સ્પોર્ટ્સ સંકુલની ભેટ મળી રહી છે. સંવિધાનનું ૭૫મું વર્ષ અને દેશમાં હિન્દી દિવસની ઉજવણીના અવસરે અમદાવાદમાં રૂ.૮૨૫ કરોડના ખર્ચે નિર્માણ પામેલું સંકુલ ગુજરાતને રમતગમત ક્ષેત્રે નવી દિશા આપશે એમ તેમણે ઉમેર્યું હતું.

રમતગમત રાજયમંત્રી હર્ષ સંઘવીએ સૌને આવકાર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે રમતગમત ક્ષેત્રે એક અનમોલ ભેટ સ્વરૂપ આ ભવ્ય અને અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહે ગુજરાત અને દેશને આપ્યું છે.

હર્ષભાઈ સંઘવીએ ઉમેર્યું હતું કે, દેશના ઈતિહાસમાં પહેલી જ વાર એવું બન્યું છે કે કોઈ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સના સત્તાવાર લોકાર્પણ પહેલાં જ તેમાં આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટ યોજાઈ છે. વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં કોમનવેલ્થ વેઈટલિફ્ટિંગ ચેમ્પિયનશિપ સફળતાપૂર્વક આયોજિત થઈ હતી અને આવનારા સમયમાં અહીં એશિયન એક્વેટિક્સ કોમ્પિટિશનનું પણ આયોજન થવાનું છે, જેમાં વિવિધ દેશોના અંદાજે ૧૨૦૦ જેટલા ખેલાડીઓ ભાગ લેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે અમદાવાદમાં નારણપુરા ખાતે નિર્માણ પામેલું વિશ્વ કક્ષાનું સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં એક્વેટિક્સ સ્ટેડિયમ, સ્પોર્ટ્સ સેન્ટર ઓફ એક્સેલન્સ, ઈન્ડોર મલ્ટી સ્પોર્ટ્સ એરેના, કોમ્યુનિટી સ્પોર્ટ્સ સેન્ટર, આઉટડોર કોર્ટ અને ફિટ ઈન્ડિયા ઝોન જેવા વિવિધ વિભાગોમાં અનેકવિધ રમતો, તેના કોચિંગ, પ્રેક્ટિસ, સહિત નાગરિકો અને ખેલાડીઓ માટે સ્પોર્ટ્સ, યોગા અને ફિટનેસ એક્ટિવિટીઝ માટે અનેકવિધ સુવિધાઓ અને અત્યાધુનિક સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી સજ્જ છે.

કેન્દ્રીય ગૃહ મંત્રીએ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સના પ્રાંગણમાં વૃક્ષારોપણ કરીને પર્યાવરણ સંરક્ષણ પ્રત્યે સૌને પ્રોત્સાહિત કર્યા હતા.

### ક્રાઈમ કેપિટલ...

૧૧૦, મારામારીની ૧૪૮, ચોરીની ૩૮૩, જુગારના ૩૩૩ કિસ્સા સામે આવ્યા છે.

ગૃહ વિભાગએ ભ્રષ્ટાચારનું એપીસેન્ટર છે. રાજ્યમાં નશીલા પદાર્થોનો કાળો કારોબાર બેફામ ચાલી રહ્યો છે. ગુંડા અને ગુન્હેગારોને બદલે તંત્ર વિપક્ષના નેતાઓ આગેવાનો પાછળ નજર રાખવામાં વ્યસ્ત છે. રાજ્યમાં હપ્તારાજ વ્યાપક બન્યું છે. બેફામ બનેલા ગુંડા-અસામાજિક તત્વોને કાબુમાં લેવામાં સદંતર નિષ્ફળ ભાજપ સરકાર પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડો.મનીષ દોશીએ જણાવ્યું હતું કે રાજ્યમાં ગુનેગારોમાં પોલીસ તથા શાસન તંત્રનો હવે કોઈ ભય રહ્યો નથી. ખુલ્લેઆમ થઈ રહેલી આવી હિંસક ઘટનાઓ સાબિત કરે છે કે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવામાં સરકાર નિષ્ફળ સાબિત થઈ રહી છે. નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવી એ કોઈપણ સરકારની સર્વોચ્ચ જવાબદારી હોય છે. સામાન્ય નાગરિકોમાં ભયનો માહોલ છે અને ગુનેગારો નિર્ભય બનીને કાયદાની ધજાગરા ઉડાવી રહ્યા છે. બંને હત્યાઓની તાત્કાલિક અને નિષ્પક્ષ તપાસ કરવામાં આવે. આરોપીઓને ઝડપથી પકડી કડકમાં કડક સજા આપવામાં આવે, રાજયભરમાં કાયદો અને વ્યવસ્થાની સમીક્ષા કરીને જરૂરી સુધારા કરવામાં આવે, પોલીસની સક્રિયતા અને કડક કામગીરી દ્વારા નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવામાં આવે કોંગ્રેસ પક્ષ માંગ કરે છે.

### વરસાદ...

પૂર્વ મધ્ય ગુજરાતમાં ૧૧૦.૧૮ ટકા વરસાદ વરસી ગયો છે. નૈઋત્યનું ચોમાસુ હવે વિદાય લેવા ભણી આગળ ધપી રહ્યું છે. રાજસ્થાનથી ચોમાસાની વિદાયનો આરંભ થઈ ચૂકયો છે. આગામી દિવસોમાં હવે ગુજરાત સહિતના રાજયમાંથી ચોમાસુ વિદાય લેશે તે પૂર્વ રાજયમાં આજથી ત્રણ દિવસ હળવાથી મધ્યમ વરસાદની આગાહી આપવામાં આવી છે.

ઉપલેટામાં ભાદરવામાં ભરપુર વરસાદ વરસતા ત્રણ કલાકમાં બે ઈંચ જેવો વરસાદ વરસતા મોટાભાગના પાકોને ફાયદો થશે.

ગઈકાલે બપોર સુધી ગરમી રહ્યા બાદ બપોરે ત્રણ વાગ્યા બાદ વાતાવરણમાં પલ્ટો આવતા પવન સાથે બોરે ૩.૩૦ કલાકે વરસાદનું મંડાણ થયેલ હતું. તે સાંજના ૬.૩૦ કલાક સુધી વરસતા બે ઈંચ જેવા વરસાદ વરસી ગયો હતો તેમજ ગ્રામ્ય વિસ્તારના મેખાટીંબી, વરજાગ જાળીયા, નાગવદર સહીત ગામોમાં પણ એક થી બે ઈંચ જેવા વરસાદ વરસતા ખેતમાં ઉભેલા મગફળી, એરંડા, સોયાબીન સહિતના પાકોને ભરપુર ફાયદો મળશે. શાંતિથી પડેલા વરસાદથી ઉપલેટા પંથકમાં કોઈ જાન હાની નહી થયાનું મામલતદાર નીખીલ મહેતાએ જણાવેલ છે.

રાજુલા બાદ ગઈકાલે બપોરબાદ જાફરાબાદ અને અમરેલી તાલુકામાં મેઘરાજાએ અમી વરસાવી ખેડૂતોને રાજી કર્યા છે, અમરેલીના મોટા ગોખરવાળા, નાના ગોખરવાળા, રાજસ્થળી, લાપાળીયા,દેવળીયા સહિતના વિસ્તારોમાં ધોધમાર વરસાદ પડ્યો હતો જેના પગલે ગામડાઓની મુખ્ય બજારોમાં નદીઓની માફક પાણી વહેતા થયા હતા, વરસાદના ચોથા રાઉન્ડની ખેડૂતો કાગડોળે રાહ જોઈ રહ્યા હતા એવા સમયે વરસાદ આવવાથી કપાસ, મગફળી, બાજરી,જુવાર, મકાઈ,માગ,અડદ જેવા પાકોને ભારે ફાયદો થયો છે.

## દુઃખદ અવસાન

**સદ્‌ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના**

### ઉપાસના ટ્રાવેલ્સવાળા ભરતભાઈ વાળાનું અવસાન



**રાજકોટઃ** મૂળ ગામ બાબરા હાલ રાજકોટ નિવૃત્ત સ્વ. પીએસઆઈ જે.આર. વાળા ના જ્યેષ્ઠ પુત્રનું ભરતભાઈ વાળાનું આજે અવશાન થયેલ છે. સ્વ.ભરતભાઈ વાળા ઉપાસના ટ્રાવેલ્સ વાળા દશરથભાઈ વાળા અને સ્વ. ગૌતમભાઈ વાળા મોટાભાઈ અને નિવૃત્ત મામલતદાર એમ.ડી.માંજરીયાના સાળા તેમજ અમરીશરાજ વાળાના પિતાજી થાય છે. સ્વર્ગસ્થનું બેસણું તા.૧૯ ને શુક્રવારે સાંજે ૪ થી ૬ મોહનભાઈ હોલ કસ્તુર બા રોડ ચૌધરી હાઈસ્કુલ પાસે રાજકોટ ખાતે રાખેલ છે.

### જૈન આગેવાન મનહરભાઈ ગોડાનું અવસાન

**રાજકોટઃ** રાજકોટ નિવાસી સ્વ. કિશોરકાંત ગીરધરલાલ ગોડાના પુત્ર મનહરભાઈ તે નિશાબેનના પતિ, તેજશભાઈ, દિપેશના પિતા, ક્રિશ, મીતના દાદા, સ્વ. પ્રફુલભાઈ, રશ્મિનભાઈ, સ્વ. હર્ષદરાય, સ્વ. રજનીભાઈ, સ્વ. જીતેન્દ્રભાઈ, યોગેશભાઈ, સુશીલભાઈના ભાઈ, સ્વ. ધીરજલાલ લાલજી મહેતા વડીયાવાળાના જમાઈ, રીનાબેન, કીંજલબેનના સસરા, હરેશભાઈ મગનલાલ કોઠારી (જુનાગઢવાળા), ભરતભાઈ મડીયા (બગસરાવાળા)ના વેવાઈનું તા. ૧૪ ના રોજ અવસાન થયેલ (ચક્ષુદાન કરેલ છે.

**રાજકોટઃ** અમૃતલાલ શાંતિલાલ સીમરીયા (જામદેવળીયા વાળા)ના પત્ની સ્વ. લતાબેન અમૃતલાલ સીમરીયા તે મેહુલભાઈ, અંજુબેન, મયુરકુમાર ચોટાઈ, વૈશાલીબેન રાજેશકુમાર વિઠલાણીના માતાનું તા. ૧૪ ના રોજ અવસાન થયેલ છે. તેમનું ઉઠમણું અને પીયર પક્ષની સાદડી તા. ૧૫ ને સોમવારે સાંજે ૪ થી ૫ દરમિયાન પિતૃમોક્ષ મંદિર શેરી નં.૭, ગૌમતનગર, ગાંધીગ્રામ રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** ગુર્જર સુતાર જેતપુરવાળા હાલ રાજકોટ નિવાસી સ્વ. કાંતિભાઈ ઓધવજીભાઈ કરગથરાના પત્ની મંજુલાબેન કાંતિભાઈ કરગથરા (ઉ.વ.૮૨) તે પ્રદીપભાઈ કાંતિભાઈ કરગથરા (ગુર્જર સુતાર જ્ઞાતિ રાજકોટના મંત્રી, ગુર્જર સુતાર સમસ્ત કરગથરા પરિવારના પ્રમુખ), (પી.સી. ઈન્ડસ્ટ્રીઝ રાજકોટ), ચેતનભાઈ કાંતિભાઈ કરગથરા (પી.સી. એન્ટરપ્રાઈઝ)ના માતા, સ્વ. વાઘજીભાઈ સુંદરજીભાઈ ભાલારાના દિકરી, સ્વ. કાશીબેન રણછોડભાઈ જોલાપરા, સ્વ. બેચરભાઈ, ગોપાલભાઈના બહેન, ડો. અમી, ડો. કૃપાલી, હર્ષિત, દીપના દાદીમાંનું તા. ૧૩ ને શનિવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું પ્રાર્થના સભા તા. ૧૫ ને સોમવારે સાંજે ૪ થી ૬ દરમિયાન મેઘાણી રંગભવન, ભકિતનગર સર્કલ, રાજકોટ ખાતે રાખેલ છે. પિયર પક્ષનું બેસણું સાથે રાખેલ છે.

**રાજકોટઃ** સ્વ. પ્રિતિબેન અશ્વીનભાઈ અધ્વર્યુ તે અશ્વિનભાઈ રવિશંકર અધ્વર્યુ (ગોંડલ) ના પત્નિ, પૂર્વી ભૌમિકભાઈ ભટ્ટ, શ્રુતિ રક્ષીતભાઈ બક્ષીના માતાનું તા. ૧૧ ના રોજ અવસાન થયેલ છે. તેમની પ્રાર્થના સભા તા. ૧૫ ને સોમવારે સાંજે ૫ થી ૬ તેમના નિવાસ સ્થાને પંચરત્ન ૧૫ મનહર પ્લોટ રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** મચ્છુ કડિયા સઈ સુતાર જ્ઞાતિના કોઠારીયાવાળા મહેશભાઈ રમણીકભાઈ પરમારના પુત્રવધુ અમીબેન (ઉ.વ.૩૦) તે જીગરભાઈના પત્ની, હિયાનના માતા, ચિંતનભાઈના ભાભી, ધીરુભાઈ જસમતભાઈ મેરના દીકરીનું તા. ૧૪ ને રવિવારના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૧૫ ને સોમવારે સાંજે ૪ થી ૬ દરમિયાન નિવાસ સ્થાને બજરંગવાડી શેરી નં. ૬ ખાતે રાખેલ છે. તથા પિયર પક્ષની સાદડી સાથે રાખેલ છે.

**જસદણ :** દશા મોઢ માંડલીયા વણિક જ્યોતિબેન રસિકલાલ દિવાન (ઉં.વ.૭૬), તે બીપીનભાઈ દિવાનના ભાભી, હિતેનભાઈ, નિલેશભાઈ, દીપેશભાઈ, મિતેશભાઈના માતા, રામુ, શ્યામુના ભાભુનું તા. ૧૪ ના રોજ અવસાન થયું છે. સદગતનું ઉઠમણું તથા પ્રાર્થના સભા તા. ૧૫-૯ ને સોમવારે સાંજે ૫ થી ૬ ગાયત્રી મંદિર જસદણ ખાતે રાખવામાં આવ્યું છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# સહિયર કલબ સિલ્વર જયુબિલી વર્ષમાં ખેલૈયાઓને મોજ કરાવવા તત્પર

## રાસોત્સવની તૈયારીઓને આખરી ઓપ: સુરેન્દ્રસિંહ વાળા સહિતના આયોજકો દ્વારા સતત મોનીટરિંગ

**અબતક,રાજકોટ**

સહિયર કલબ સહિયર આ વર્ષે સિલ્વર જયુબિલી વર્ષ મનાવવા જઈ રહ્યું છે. સહિયરના પ્રોજેકટ હેડ ક્રિષ્નપાલસિંહ વાળા દ્વારા તમામ આયોજકો સાથે રોજના ઉત્સવોની તડામાર તૈયારીઓ કરી રહ્યા છે.

શહેરના રેસકોર્ષ ગ્રાઉન્ડ ખાતે પ્રથમ નોરતે માં ના આગમનને વધાવવા જગતજનની માં ને પાલખીમાં બીરાજીત કરી વાજતે ગાજતે ફુલેકા સામૈયા તથા પુષ્પવૃષ્ટી કરી માંને મંદિરમાં બીરાજીત કરવામાં આવશે.

સહિયરની પરંપરા છે કે રોજ ગરબાનો પ્રારંભ પહેલા



આદ્યશકિત માંની આરતી થાય છે. આ વર્ષ હજારો ખેલૈયાઓ એક સાથે દિવડા લઈ માંની મહાઆરતી કરી શકે તેવું આયોજન કરવામાં આવ્યું છે. સંપૂર્ણ ગ્રાઉન્ડનો શણગાર કરી એક એક કરી સિલ્વર જયુબિલીના આ વર્ષને કેક કટીંગ કરી ઉજવાશે ભવ્યાતિભવ્ય લેઝર શો આકાશને રંગીન બનાવતી ભવ્ય આતશબાજી સહિતના ઉત્સવો ઉજવાશે. સમગ્ર

Sahiyar Club

આયોજન ચેરમેન સુરેન્દ્રસિંહ વાળાના માર્ગદર્શન હેઠળ આયોજકો ચંદુભા પરમાર, કૃષ્ણસિંહ જાડેજા, યશપાલસિંહ જાડેજા, વિજયસિંહ ઝાલા, જયદીપ રેણુકા, પ્રકાશ કણસાગરા, સમ્રાટ ઉદેશી, ધૈર્ય પારેખ, કૃણાલ મણિયાર, પિયુષ રૈયાણી, રવિરાજસિંહ જાડેજા, કરણ આડતીયા, અભિષેક અઢીયા, પ્રતિક જટાણીયા, હિરેન ચંદારાણા, ધવલ નથવાણી, રાજવીરસિંહ ઝાલા, દીપકસિંહ જાડેજા, નિરવ પોપટ, દિવ્યરાજસિંહ જાડેજા, આકાશ કાથરાણી, અનિષ સોની, અભિષેક શુકલા, મામા સરકાર, રૂપેશ દત્તાણી, નરેન્દ્રસિંહ જાડેજા, વજુભાઈ ઠુમ્મર, જતીન આડેસરા, યુવરાજસિંહ ચુડાસમા, શૈલેષ ખખ્ખર, નિલેશ તુરખીયા, ધર્મેશ રામાણી, મીન વેડીયા, મનસુખ ડેડીયા, સુનીલ પટેલ, અહેમદ સાંધ, શૈલેષ પંડયા રવિ આડેસરા, તિર્થરાજસિંહ ગોહિલ, ડો.ઈન્દ્રવિજયસિંહ રાણા જહેમત ઉઠાવી રહ્યા છે.

# વિશ્વ યુવા મહોત્સવ રશીયા ખાતે રાજકોટના યુવાનો ભારતનું પ્રતિનિધિત્વ કરશે

## બુધવારથી પાંચ દિવસીય એસેમ્બલીમાં આશરે ૨૦૦૦ વૈશ્વિક યુવા નેતા એકત્રિત થશે

**અબતક, રાજકોટ**

રશિયાના નિઝની નોવગોરોડ શહેરમાં ૧૭ થી ૨૧ સપ્ટેમ્બર ૨૦૨૫ દરમિયાન વિશ્વ યુવા મહોત્સવ એસેમ્બલી ૨૦૨૫ નું ભવ્ય આયોજન થવા જઈ રહ્યું છે. આ અનોખા આંતરરાષ્ટ્રીય યુવા મહોત્સવમાં વિશ્વના ૧૬૦ થી વધુ દેશોમાંથી શિક્ષણ, વિજ્ઞાન, મીડિયા, કળા, સર્જનાત્મક ઉદ્યોગો, ડિજિટલાઈઝેશન, ઉદ્યોગસાહસિકતા અને આઈ.ટી. સહિતના વિવિધ ક્ષેત્રોના આશરે ૨૦૦૦ વૈશ્વિક યુવા નેતાઓ અને સુપ્રસિદ્ધ વ્યક્તિઓ એકત્રિત થશે.

ભારતમાંથી કુલ ૩૫ પ્રતિભાશાળી યુવાનોની પસંદગી આ કાર્યક્રમ માટે કરવામાં આવી છે, જેમાં રાજકોટના જયદીપ સખીયા પણ સામેલ થયા છે. રાજકોટ અને સમગ્ર ગુજરાત માટે આ એક ગૌરવપૂર્ણ ક્ષણ છે. સાથે સાથે જ રાજકોટમાંથી જ અક્ષય ગેરૈયા, કેવલ જાદવ અને આયુષ કોટેચાની પણ આ વિશેષ કાર્ય ક્રમમાં પસંદગી થવીએ ખુબ જ ગૌરવની વાત છે.

જયદીપ સખીયા જેવા પ્રતિભાશાળી યુવા પ્રતિનિધિઓ સમગ્ર વિશ્વને ભારતના સકારાત્મક દૃષ્ટિ કોણથી પરિચિત તો કરાવશે જ. પણ ભારતની સનાતન સંસ્કૃતી, મેડિટેશન, યોગા, વગેરેનો પણ પરિચય સમગ્ર વિશ્વને કરાવશે. આપણા દેશના આવા પ્રતિભાશાળી યુવાનોને વૈસ્વિક મંચ મળી રહે તે માટે નેશનલ પ્રેપરેટરી કમિટી ઓફ ઈન્ડિયા સતત કાર્ય કરી રહી છે.

# લીંબડી નજીક અજાણ્યા વાહને એક્ટિવાને અડફેટે લેતા બે મિત્રોના મોત

**અબતક, રાજકોટ**

સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી-અમદાવાદ હાઈવે પર પાણશીણા નજીક અજાણ્યા વાહને એક્ટિવાને ટક્કર મારી હતી.જેથી બે મિત્રોના ઘટના સ્થળે જ મોત થયા છે. આશાસ્પદ યુવકોએ જીવ ગુમાવતાં પરિવારજનોમાં શોકનો માહોલ છવાઈ ગયો છે.

અકસ્માત સર્જી વાહન ચાલક ફરાર લીંબડી-અમદાવાદ હાઈવે પર સર્જાયેલા આ ગોઝારા અકસ્માતની ઘટનામાં અજાણ્યો વાહન ચાલક અકસ્માત સર્જી ફરાર થઇ ગયો હતો. આ અકસ્માત એટલો ભયકંર હતો કે, બંને યુવાનોના ચીંથરેચીંથરા ઉડી ગયા હતા. આ અકસ્માતની ઘટનાના પગલે હાઈવે પર ટ્રાફીક જામના દ્રશ્યો પણ સર્જાયા હતા.આ ઘટનાના પગલે લોકોના ટોળેટોળા બનાવના સ્થળે દોડી ગયા હતા. તેમજ મૃતક યુવાનોના પરિવારજનો હોસ્પિટલ ખાતે દોડી ગયા હતા. પરિવારજનોમાં શોકનો માહોલ છવાઈ ગયો છે.બનાવ અંગે લીંબડી પોલીસે તપાસ હાથ ધરી આ અકસ્માતની ઘટનામાં થોળીયારી ગામના ભાર્ગવ મકવાણા અને ભોયકા ગામના પ્રદિપ ચૌહાણનું ઘટના સ્થળે જ સારવાર મળે એ પહેલા જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. આ ઘટનાની જાણ થતાં પાણશિણા પોલીસ તાકીદે ઘટનાસ્થળે પહોંચી બંને યુવાનોની મૃતદેહને પીએમ માટે લીંબડી સરકારી હોસ્પિટલમા ખસેડવામાં આવી હતી. આ બનાવ અંગે લીંબડી પોલીસે તપાસ હાથ ધરી છે.

# જયવેલનાથ યુવા મંચ દ્વારા શુક્રવારે ભવ્ય વેલકમ નવરાત્રિ રાસોત્સવ

## 'અબતક'ની શુભેચ્છા મુલાકાતે આયોજકોએ માહિતી આપી

**અબતક,રાજકોટ**

જય વેલનાથ યુવા મંચ ગુજરાત દ્વારા સમસ્ત કોળી સમાજને સાથે રાખીને સર્વે સમાજના ખેલૈયાઓ માટે વેલકમ નવરાત્રી નિમિતે ભવ્ય રાસોત્સવ તારીખ ૧૯/૯/૨૦૨૫ શુક્રવારે સાંજે ૭.૦૦ યોજાશે.

રાજકોટ નું નંબર વન ગ્રાઉન્ડ નામાંકિત સહિયર રાસોત્સવના ગ્રાઉન્ડમાં રેસકોર્ષ મેદાન રાજકોટ ખાતે શાહી જાજરમાન આયોજન કરવામાં આવ્યુ છે.

અબતકની શુભેચ્છા મુલાકાતે આવેલા સંદીપભાઈ બાબરીયા, દેવાંગભાઈ કુકાવા, મનીષભાઈ રાઠોડ, સાગરભાઈ સુરેલા અને ધવલભાઈ સુરેલાએ જણાવ્યું હતુકે, આ ભવ્ય રાસોત્સવમાં ફિલ્મી કલાકારો, નિર્માતાઓ, ટીક-ટોક સ્ટાર, કોમેડી સ્ટાર, યુ-ટ્યુબર્સ તેમજ નામાંકિત ગાયક કલાકારો સાથે મળીને રાસોત્સવમાં રંગ જમાવશે. તેમજ સૌરાષ્ટ્રના લોકપ્રિય રાજકીય મહાનુભાવો, વિવિધ સમાજના ઉચ્ચ કક્ષાના સરકારી અધિકારીઓ, અલગ-અલગ ક્ષેત્રના ગર્વમેન્ટ કર્મચારીઓ અને ઉદ્યોગપતીઓ, બિલ્ડરો, વેપારીઓ, ડોકટરો, વકિલો, શિક્ષકો, પોલિસ કર્મીઓ ઉપસ્થિત રહેશે. તેમજ સહિયર રાસોત્સવની સમગ્ર ટીમના સથવારે ફોરેનર યુવક-યુવતીઓ આ રાસગરબામાં ભાગ લેશે. પ્રિન્સ-પ્રિન્સેસ વિજેતાને કલર ટીવી તેમજ વેલડ્રેસ વિજેતા ખેલાડીઓને ટ્રોફી અને સરપ્રાઈઝ ગીફ્ટ આપવામાં આવશે. ૭૦૦૦ ખેલૈયાઓ રમી શકે તેવી વિશાળ વ્યવસ્થા, અદ્ભુત સાઉન્ડ સિસ્ટમ, રોયલ ફેમીલી માટે વીઆઈપી વ્યવસ્થા,



સિકયુરીટી ગાર્ડ અને બાઉન્સરનો બંદોબસ્ત. સ્થળ પર તમામ દાંડીયારાસ કલાસીસના ખેલૈયાઓ માટે ટોકન દરે પાસ મળશે. આ ભવ્ય રાસોત્સવને સફળ બનાવવા માટે જય વેલનાથ યુવા મંચના અધ્યક્ષ દેવભાઈ કોરડીયાના નેતૃત્વ હેઠળ મુખ્ય આયોજક ટીમ, સહ આયોજક કમીટી તેમજ સમસ્ત કોળી સમાજના યુવાનો, મહિલાઓ, હોદેદારો જહેમત ઉઠાવી રહયા છે. અગાઉ પાસ મેળવવા માટે ૯૦૩૩૫૧૮૯૦૯ સંપર્ક કરી શકાશે.

# અવસર ગ્રુપ દ્વારા ગુરૂવારે વેલકમ નવરાત્રિનું ધમાકેદાર આયોજન

## 'અબતક' મીડિયાની મુલાકાતે આવેલા આયોજકોએ સમગ્ર માહિતી આપી

**અબતક, રાજકોટ**

અવસર ગ્રુપ છેલ્લા પાંચ વર્ષી સાંસ્કૃતિક વેલકમ નવરાત્રીનું આયોજન કરે છે. ઉત્તમ આયોજન તથા ખાસ કરીને મધ્યમ વર્ગને પોષાય તેવા પાસના દર સાથે ખેલૈયાઓને તમામ વ્યવસ્થા પુરી પાડે છે. રંગીલા રાજકોટના ખેલૈયાઓ ઉત્સાહ સાથે સાંસ્કૃતિક વાતાવરણમાં રમી શકે તેવા વિશાળ ગ્રાઉન્ડમાં આયોજન કરવામાં આવે છે. 'અબતક' ની શુભેચ્છા મુલાકાતે આવેલા આયોજકોએ માહીતી આપતા જણાવ્યું હતું કે, અમારી પ્રાથમીકતા ખેલૈયાઓની સુરક્ષા તથા તમામ વ્યવસ્થા મળી રહે તેની છે. તેમજ મહીલાઓની સુરક્ષા પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે. વિરાણી હાઈસ્કુલ ગ્રાઉન્ડ, ટાગોર રોડ, રાજકોટ ખાતે નવરાત્રીનું આયોજન કરવામાં આવેલ છે. ઉદયભાઈ ધાંધલ,



તસ્વીર: શૈલેષ વાડોલીયા

વિશાલ વસ, જાગૃતિબેન ગોહીલ (ખ્યાતનામ ગાયક કલાકાર) મોન્ટુ મહારાજા (બોલીવુડ સીંગર) લાઈવ પર્ફોમન્સ આપશે.

ભવ્ય પટેલ, સુનિલ પીપળીયા, મોહીત ખુંટ, અર્જુન સગપરીયા દ્વારા સમગ્ર આયોજન કરવામાં આવ્યું છે. બે દિવસના પાસનો દર માત્ર ૧૦૦ રૂપિયા છે.

પાસ માટે મો. નં. ૮૮૬૬૭ ૫૫૬૬૬ પર સંપર્ક કરવા જણાવાયું છે.

૧૬ સપ્ટે. વિશ્વ ઓઝોન દિવસ

# ઓઝોન બચશે તો જીવ સુષ્ટી સલામત રહેશે

## ઓઝોનનું આવરણ નુકશાનકારક કીરણો અટકાવે છે

## ઓઝોનના ગાબડા પડવાનું શરૂ થઈ ચુકયું છે

**અબતક, રાજકોટ**

:: સંકલન ::
મિતલ ખેતાણી

વર્લ્ડ ઓઝોન ડે ઓઝોન સ્તરની જાળવણી અંગેની જાગૃતિ ફેલાવા માટે થાય છે. પૃથ્વીથી લગભગ ૩૦ કિમીની ઊંચાઈએ ઓઝોન ગેસનું એક પાતળું પડ હોય છે, જેને ઓઝોન લેયર કહે છે. ઓઝોનનું આ પડ સૂર્યમાંથી આવતા પારજાંબલી કિરણોત્સર્ગને અવશોષિત કરે છે. જો આ રેડિએશન ધરતી પર સીધું જ પહોંચે તો તે મનુષ્ય સહિત સમગ્ર જીવસૃષ્ટિ માટે અત્યંત નુકસાનકાસક સાબિત થઈ શકે છે. મોટાભાગનાં વૈજ્ઞાનિકોનું માનવું છે કે પૃથ્વી અને સૂર્યની વચ્ચે જો ઓઝોનનું લેયર ન હોય તો આ પૃથ્વી પર જીવનનું અસ્તિત્વ જ સમાપ્ત થઈ જાય. ઓઝોન લેયર વગર ધરતી પરનું જીવન ખુબ જ પ્રભાવિત થાય. પૃથ્વી પર રહેતા લોકો, જીવસૃષ્ટિ અને પ્રાણીઓ તમામનો સર્વનાશ થઈ જાય. આટલું જ નહીં, ઋતુઓ પણ અનિશ્ચિત થઈ શકે જેમકે શિયાળા કરતા ઉનાળો લાંબો થઈ જાય, શિયાળો પણ ગમે ત્યારે આવી જાય, પૃથ્વી પર રહેલી હિમશીલાઓ ઓગળી જાય તો વારંવાર સુનામીની સમસ્યાઓ પણ સર્જાય શકે છે. ઓઝોનનાં લેયરમાં પડેલા હોલ્સને 'ઓઝોન હોલ્સ' કહે છે. વર્ષ ૧૯૮૫માં સૌ પ્રથમ વખત ઓઝોન હોલ્સ અંગે વિશ્વને જાણ થઈ હતી ત્યારપછી સમગ્ર વિશ્વમાં ઓઝોનનાં લેયરમાં પડી રહેલા હોલ્સને બચાવવા માટે વિવિધ સ્તરે પ્રયાસો થઈ રહ્યાં છે. કેમિકલ ફેકટરીઓમાંથી નીકળતો ઝેરી ગેસ, વાહનોનું પ્રદૂષણ સહિત અનેક કારણોનાં લીધે ઓઝોનનું લેયર સતત પાતળું થતું જઈ રહ્યું છે. ઓઝોનનાં સ્તરમાં થઈ રહેલા આ નુકસાનને બચાવવા માટે અનેક દેશોમાં મોટી-મોટી ફેક્ટરીઓને બંધ કરી દેવાઈ છે સાથે જ સમગ્ર વિશ્વમાં સામુહિક રીતે ઓઝોનનું લેયર બચાવવા માટે પ્રયાસો થઈ રહ્યાં છે. ઓઝોન સ્તરમાં ગાબડા પડવાની શરૂઆત થઈ ચુકી છે. તેની પાછળ માણસનું બેપરવાહ વર્તન જ જવાબદાર ગણી શકાય. બિનજરૂરી રીતે ટેકનોલોજીનો વધુ પડતો ઉપયોગ, જુદા જુદા કેમિકલ્સ અને ધુમાડાઓ દ્વારા થતું વાયુ પ્રદુષણ, વારંવાર થતું વૃક્ષ છેદન વગેરેનાં કારણે પરીસ્થિતિ વણસી રહી છે. જો હવે જાગૃતિ રાખવામાં નહી આવે તો પૃથ્વીનો અંત નજીક જ છે.

# રીબડા ગુરૂકુળમાં હરિભકતો કથા રસપાન થકી થયા ભક્તિ રસમાં તરબોળ

## શ્રીમદ સત્સંગ જીવન સાર કથા ભકિતસત્ર સુખરૂપ સંપન્ન

**અબતક,રાજકોટ**

એસજીવીપી ગુરુકુળ રીબડા-રાજકોટ તા. ૧૦/૯ થી ૧૪/૯ એમ પાંચ દિવસ સુધી એસજીવીપી ગુરુકુળ રીબડા- ખાતે ભક્તિ સત્ર-૬ શ્રી મદ સત્સંગી જીવન સાર કથા તથા સંહિતા પારાયણનો પ્રારંભ થયેલ હતો. આ સત્સંગી જીવન સાર કથાના વ્યાસપીઠ ઉપરથી એસજીવીપી ગુરુકુળ રીબડા-રાજકોટના મહંત, કોઠારી શાસ્ત્રી ધર્મવત્સલદાસજી સ્વામી તથા શ્રુતિવલ્લભદાસજી સ્વામી (અમદાવાદ) નાએ પોતાની સંગીતમય આગવી શૈલીમાં કથાનું શ્રવણ કરાવ્યું હતું. કિશારભાઈ દવે, અજયભાઈ રાવલ, કૌશિકભાઈ મહેતા, પંડિતજી ખુશવત



મારાજં(વાવડી) તુષારમારાજ (મવડી) ભૂ-દેવો ધ્વારો આ સંહિતા પારાયણ પાઠનું આયોજન કરેલ હતું. ઉપરોત ભક્તિ સત્ર-૬ ને સફળ બનાવવાં રીબડા ગુરુકુળના મહંત કોઠારી શાસ્ત્રી ધર્મવત્સલદાસની સ્વામી હરિનંદન સ્વામી ઋષિકેશ સ્વામી સ્કુલનાં પિન્સીપાલ જીજ્ઞેશભાઈ ઠકકર કેવલભાઈ તથા કૌશિક મહેતા, એ ભારે જહેમત ઉઠાવી હતી. સંચાલન હરિનંદન સ્વામીએ કરેલ હતુ.

# આકાશવાણી રાજકોટના કાર્યક્રમ અધ્યક્ષ તરીકે ચાર્જ સંભાળતા પ્રેરક વૈદ્ય

**અબતક, રાજકોટ**



આકાશવાણી રાજકોટના કાર્યક્રમ અધ્યક્ષ તરીકે પ્રેરક વૈદ્યએ કાર્યભાર સંભાળ્યો છે. રેડીયો પ્રસારણ ક્ષેત્રે ત્રણ દાયકાથી વધુ સમયનો વિશાળ અનુભવ ધરાવનાર પ્રેરક વૈદ્યની ગણના ઉત્તમ પ્રસારણકર્તા તરીકે કરવામાં આવે છે.

ગુડ મોર્નિંગ ગુજરાત આ સદા ગુંજતાં ગીતો, રેડિયો કરંટ, લોકગીતોનું ભાવવિશ્વ, અજાયબ ગુજરાત, તવારીખ એ જુનાગઢ આયુર્વેદ વિવિધ ક્ષેત્રના કાર્યક્રમોની લોકપ્રિય શ્રેણીઓના લેખન, નિર્માણ અને રજુઆતથી શ્રોતાઓની પ્રસંશા મેળવી છે. પ્રેરક વૈદ્યએ ભુજના કાર્યાલય અધ્યક્ષ અને રાજકોટમાં એડમિનિસ્ટ્રેટિવ ઓફીસરની જવાબદારી સુપેરે નિભાવી છે.

# માતાના મઢે જતા પદયાત્રીકો માટે જનકલ્યાણ ટ્રસ્ટ દ્વારા ભુજ ખાતે બુધવારથી પાંચ દિવસીય સેવા કેમ્પ

**અબતક, રાજકોટ**

જનકલ્યાણ સાર્વજનીક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ભુજમાં તા. ૧૭ થી ૨૧-૯ સુધી પાંચ દિવસ માટે સાતમો પદયાત્રી સેવા કેમ્પનું આયોજન કરેલ છે. આકાશવાણી પરિવાર ભુજ આદિવાસી પ્રગતિ યુવક મંડળ તથા ઝવેરી પરિવારના સહયોગથી આ કેમ્પનું આયોજન કરેલ છે. આ કેમ્પમાં પદયાત્રીઓને નાસ્તો, ફળાહાર, ઠંડુ પાણી, આરામ, મોબાઈલ ચાર્જીંગ વગેરેની સેવા આપવામાં આવશે. તન, મન, ધનથી સહકાર આપવા અપીલ કરવામાં આવે છે. ટ્રસ્ટના ચેરમેન ઉમેશભાઈ મહેતા મો. નં. ૯૭૨૮૫ ૦૬૦૧૧ નો સંપર્ક કરવા યાદીમાં જણાવ્યું હતું.

# ધોરાજીમાં સૌરાષ્ટ્ર ઝોનના માહિતી અધિકારીઓની કાર્ય શિબિરનો પ્રારંભ

**અબતક રાજકોટ**

સૌરાષ્ટ્ર ઝોન (રાજકોટ અને જૂનાગઢ)ની સંયુક્ત કાર્ય શિબિરનો રાજકોટ જિલ્લાના ધોરાજી ખાતે સંયુક્ત માહિતી નિયામક મિતેશ મોડાસિયાના માર્ગદર્શન અને પ્રેરણા હેઠળ પ્રારંભ થયો હતો.

ચોમાસામાં પ્રકૃતિ જ્યારે સોળે કળાએ ખીલી છે, ત્યારે ધોરાજી પાસે આવેલા પાટણવાવ ગામમાં ઓસમ ડુંગરની તળેટીમાં બે દિવસીય કાર્યશાળાનો પ્રારંભ થયો હતો. આ કાર્યશાળામાં સૌરાષ્ટ્ર ઝોનમાં સમાવિષ્ટ જિલ્લા કચેરીઓની કામગીરીની સમીક્ષા સાથે તેમજ સરકારની જનકલ્યાણકારી યોજનાઓની પ્રચાર પ્રસિદ્ધિ વધુ સારી કેવી રીતે કરી શકાય તે અંગેનું ચિંતન કરવામાં



**કાર્યશિબિરમાં આપત્તિ વ્યવસ્થાપન, વહીવટી કુશળતા, યોગ અને પર્વતારોહણ જેવા વિષયો પર મનોમંથન થશે**

આવશે. આપત્તિ વ્યવસ્થાપન સમયે સંપાદકીય કામગીરી, વહીવટી બાબતો અંગેની કુશળતા, મેદસ્વિતા મુક્ત અભિયાન સાથે ઓસમ પર્વતનું આરોહણ અને અવરોહણ, યોગ સહિતના આયામો સાથે સૌરાષ્ટ્ર ઝોનના અધિકારીઓની કાર્યક્ષમતા વધારવા માટેનું મનોમંથન આ બે દિવસીય કાર્યશાળામાં કરવામાં આવનાર છે.

# રાઠોડ કુટુંબના સુરાપુરા ભાયાબાપાનું શ્રાધ્ધ તર્પણ પુજનનો શનિવારે કાર્યક્રમ

**અબતક,રાજકોટ**

રાઠોડ કુંટુંબના સુરાપુરા ભાયાબાપાનું સાનિધ્ય મેધપર ગામ તેમજ રાજકોટ, મોરબી, સુરત, નવસારી, મુંબઈ, પૂના સહિતના શહેર માં વસ્તા રાઠોડ કુંટુબ દ્વારા શ્રાધ્ધ તર્પણ અને પૂજન નું આયોજન કરવામાં આવે છે. રાજકોટ માં વસ્તા રાઠોડ કુંટુંબ દ્વારા ભક્તિ સભર કાર્યક્રમ નું આયોજન ભાદરવા વદ ૧૪ ને શનિવાર તા. ૨૦/૦૯ના રોજ સાંજે ૪:૦૦ કલાકે રાજકોટ શહેરના કોઠારીયા મેઈન રોડ પર આવેલ, રંગીલા હનુમાન મંદિર ૧૪-વિવેકાનંદ નગર, આંબેડકર ભવનની સામે, આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમને લગતી વધુ વિગત માટે રાઠોડ પરિવાર વતી કમિટીના મેમ્બર રાકેશભાઈ (બાબુભાઈ) રાઠોડ મો. ૯૦૯૯૦૧૦૯૬૧ નો સંપર્ક કરી શકો છો.

# બુધવારે પુષ્પ નક્ષત્રમાં પિતૃઓને મોક્ષ ગતિ આવતી ઈન્દિરા એકાદશી

## એકાદશીનું વ્રત કરવાથી પિતૃઓને મોક્ષ ગતિ મળે, વાજપેય યજ્ઞનું ફળ પ્રાપ્ત થાય

**અબતક, રાજકોટ**

:: સંકલન ::
શાસ્ત્રી રાજદીપ જોશી

અગિયારસ ને બુધવાર તા ૧૭ સપ્ટેમ્બર ઈન્દિરા એકાદશી છે આ દિવસે આખો દિવસ તથા રાત્રી પુષ્ય નક્ષત્ર છે જે એકાદશીના વ્રત માટે ઉત્તમ ફળ આપનાર છે

ઈન્દ્રએ આ એકાદશીનુ વ્રત કરી ભગવાન વિષ્ણુને પ્રસન્ન કર્યા હતા. અને પોતાના માતા પિતાનો મોક્ષ થયો હતો તેની યાદ અપાવતી એકાદશી ઈન્દિરા એકાદશી. આ એકાદશીનું વ્રત કરવાથી પિતૃઓને મોક્ષ ગતી મળે છે. અને વાજપેય યજ્ઞ નુ ફળ પ્રાપ્ત થાય છે. મૂળ નામ હતુ ઈન્દ્ર એકાદશી તેમાંથી ઈન્દિરા એકાદશી નામ પડેલ

ભગવાન શ્રી કૃષ્ણ કહે છે સત્યયુગ મા ઈન્દ્રસેન નામના રાજા થઈ ગયા ત્યા એકવાર નારદજી પધારે છે.રાજા નારદજીને પ્રણામ કરી આદર સત્કાર આપે છે અને રાજા નારદજીને પુછે છે પુજાના કેટલા પ્રકાર હોય છે ત્યારે નારદજી કહે છે ત્રણ પ્રકારે પુજા થાય છે એક તો વૈદિક પુજા જે સાત્વિક ગણાય છે જેમાં વ્રત, જપ, તપ વૈદિક પૂજા પાઠ મંત્રચાર સ્ત્રી ચંડીપાઠ આવે છે. બીજો પ્રકાર છે. પૌરાણિક : જે પણ સાત્વીક અને ઉત્તમ છે.

તેમાં સ્તોત્રોના પાઠ કરવા રામાયણ ભગવાન જેવા ગ્રંથોનુ શ્રવણ કરવુ સંત સમાગમ એટલે કે સંતોના આર્શીવાદ લેવા પુજા પાઠ કરવા ત્રીજો પ્રકાર છે તાંત્રિક જે થોડો કઠીન અને ગુરૂમુખી છે જેનો ઉપયોગ યોગ્ય સમયે જ કરી શકાય છે. પરંતુ સચા માર્ગે ચાલવુ એ જ સાચું પુજામાં જે વૈદિક મંત્ર ભણીએ તેમા પરમ તત્વની પહેચાન કરવાની સામગ્રી જ ભરી છે અને નારદજી કહે છે આપણો પુર્વજોના ગુણોનુ ચિંતન શ્રાધ્ધ ગણાય છે.આ જન્મમા કરેલા અશુભકર્મો આગલા જન્મમા નડે જ છે અને પૂર્વજનો ના પાપો તેમના વંશ વારસાને નડે છે.


નારદજી ઈન્દ્રસેન ને કહે છે સંત સમાગમ અને ભાગવત, રામાયણ, નુ પઠન જે પાપના દોષમાંથી બચાવી શકે છે આમ અવી રીતે રાજા ઈન્દ્રસેન ઈન્દિરા એકાદશીનું વ્રત કરી અને પોતાના માતાપિતા ને મોક્ષ ગતિ અપાવે છે

બુધવારે સવારે વહેલા ઉઠી અને નિત્ય કર્મ કરી પહેલા પિતૃઓને પગે લાગવું, ત્યારબાદ પૂજા પાઠ કરી બ્રાહ્મણ ભોજન કરાવવું અને દિવસ દરમ્યાન શાલીગ્રામની પૂજા કરી વિષ્ણુ સહસ્ત્ર નામના પાઠ બોલવા, પીપળે પાણી રેડવું, દિવો કરવો, પ્રદક્ષિણા ફરવી . આમ કરવાથી પિતૃને મોક્ષ ગતી મળે છે અને પિતૃઓ આશીર્વાદ આપે છે .

આ દિવસે સાથે બ્રાહ્મણ ભોજન કરાવી શકાય છે અને તર્પણ પીંડદાન પણ કરાવી શકાય છે . રાત્રીના ૧૨ વાગ્યા સુધીનું જાગરણ કરવું . પુરાણોમાં જણાવ્યા અનુસાર જે આપણને દેવતા આશીર્વાદ આપી શકતા નથી તે પિતૃ આપણને આપી શકે છે.

# કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ પહેલા નોરતે જામકંડોરણાના મહેમાન બને તેવી સંભાવના

## પૂર્વ મંત્રી અને યુવા ધારાસભ્ય જયેશભાઈ રાદડિયાના આમંત્રણનો સ્વીકાર કરી રાજકોટ જિલ્લા બેંકની સામાન્ય સભામાં આપશે હાજરી



**અબતક, રાજકોટ**

પ્રથમ નોરતે જ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહ ફરી એક વખત ગુજરાતની મુલાકાતે આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. આગામી ૨૨મી સપ્ટેમ્બરના રોજ જામકંડોરણા ખાતે રાજકોટ જિલ્લા બેંક સહિત વિવિધ સહકારી સંસ્થાઓની વાર્ષિક સાધારણ સભા યોજાવાની છે. જેમાં હાજરી આપવા માટે અમિતભાઈ આવી રહ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે.

આ અંગે પ્રાપ્ત થતી વધુ વિગત મુજબ રાજ્ય સરકારના પૂર્વ કેબિનેટ મંત્રી અને જેતપુર-જામકંડોરણાના યુવા ધારાસભ્ય જયેશભાઈ રાદડિયા થોડા સમય પહેલા દિલ્હી ખાતે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહને મળ્યા હતા અને તેઓએ રાજકોટ જિલ્લા સહકારી બેંકની વાર્ષિક સાધારણ સભામાં હાજરી આપવા માટે તેઓને આમંત્રણ પાઠવ્યું હતું અને સમય પણ માંગ્યો હતો. વિશ્વસનીય સૂત્રો પાસેથી પ્રાપ્ત થતી વધુ વિગત મુજબ આગામી ૨૨મી સપ્ટેમ્બર એટલે કે પ્રથમ નોરતાએ અમિતભાઈ શાહ રાજકોટ જિલ્લાની મુલાકાતે આવી રહ્યા હોવાનું લગભગ ફાઈનલ થઈ ગયું છે. તેઓ જામકંડોરણા ખાતે યોજાનારી આરડીસી બેંક સહિતની વિવિધ સહકારી સંસ્થાઓની વાર્ષિક સાધારણ સભામાં હાજરી આપશે અને કદાવર ખેડૂત નેતા સ્વ.વિઠ્ઠલભાઈ રાદડિયાની પ્રતિમાનું પણ અનાવરણ કરશે. ભાજપના આગેવાનો, સહકારી ક્ષેત્રના અગ્રણીઓ અને પોલીસ વિભાગ દ્વારા અમિતભાઈ શાહની સોમવારની જામકંડોરણાની મુલાકાતને લઈને તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

'અબતક' સાથેની વાતચિત દરમિયાન આરડીસી બેંકના ચેરમેન અને યુવા ધારાસભ્ય જયેશભાઈ રાદડિયાએ જણાવ્યું હતું કે આગામી ૨૨મીએ આરડીસી બેંકની સાધારણ વાર્ષિક સભા યોજાવાની છે. જેમાં ઉપસ્થિત રહેવા ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહને આમંત્રણ આપવામાં આવ્યું છે. તેઓ આવે તેવી પણ શકયતા જણાઈ રહી છે પરંતુ હજુ સુધી ગૃહ કે સહકાર વિભાગ દ્વારા સત્તાવાર કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો નથી.



# વિવિધ કેસોમાં સુનાવણી: શનિવારે લેન્ડ ગ્રેબિંગ કમિટીની બેઠક

## સમિતિ દ્વારા વિવિધ કેસોના સંદર્ભમાં ૪૦થી વધુ અરજદારોને રૂબરૂ સાંભળવામાં આવશે

**અબતક, રાજકોટ**

રાજકોટ કલેકટરના અધ્યક્ષ સ્થાને લેન્ડ ગ્રેબિંગ સમિતિની બેઠક આગામી તારીખ ૨૦મીનેશનિવારના રોજ મળશે.

આ બેઠકમાં સમિતિ દ્વારા કુલ ૪૦થી વધુ કેસો પર ગહન ચર્ચા કરવામાં આવશે અને ૨૦ લોકોને રૂબરૂ બોલાવવામાં આવ્યા છે. વધુમાં, સમિતિ દ્વારા આ કેસોના સંદર્ભમાં ૨૦ જેટલા અરજદારોને રૂબરૂ સાંભળવામાં આવશે. અરજદારોને તેમની રજૂઆત કરવાનો અને પુરાવા રજૂ કરવાનો મોકો મળશે, જેના આધારે સમિતિ તટસ્થ મૂલ્યાંકન કરી શકશે. આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય જમીન



પચાવી પાડવાના કેસોનો ઝડપી અને યોગ્ય નિકાલ લાવવાનો છે,

જિલ્લા કલેકટર દ્વારા તમામ સંબંધિત અધિકારીઓને બેઠકમાં હાજર રહેવા સૂચના આપવામાં આવી છે. આ બેઠક જિલ્લા કલેકટર પ્રભવ જોશીના અધ્યક્ષ સ્થાને મળશે.બેઠક દરમિયાન બન્ને પક્ષને રૂબરૂ સાંભળવામાં આવશે. આ બેઠકમાં જિલ્લા કલેકટર ઉપરાંત પોલીસ વિભાગના અધિકારીઓ પણ હાજર રહેશે.

# રાજકોટ સહિત રાજ્યના ૨૮૦ બાર એસો.ની ચૂંટણી જાહેર: ૧૯મી ડિસેમ્બરે મતદાન

## તમામ બાર એસો.એ તા.૨૦મી નવેમ્બર સુધીમાં મતદાર યાદીનું લીસ્ટ બાર કાઉન્સીલ ઓફ ગુજરાતમાં મોકલવા આદેશ

**અબતક, રાજકોટ**

રાજકોટ સહિત સમગ્ર ગુજરાતમાં વકીલ મંડળોની દર વર્ષે ચૂંટણી યોજવામાં આવે છે. ત્યારે આગામી ૨૦૨૬-૨૭ની ચૂંટણીના પડઘમ વાગ્યા હોય તેમ બાર કાઉન્સીલ ઓફ ગુજરાત દ્વારા રાજકોટ સહિત રાજ્યના ૨૮૦ બાર એસો.ની ચૂંટણી જાહેર કરવામાં આવી છે. તમામ બાર એસો. આગામી ૨૦ નવેમ્બર સુધીમાં મતદારયાદીનું લીસ્ટ બાર કાઉન્સીલ ઓફ ગુજરાતને મોકલી આપવાનું રહેશે. ત્યાર બાદ ૧૯મી ડિસેમ્બરના રોજ તમામ બાર એસો.ની ચૂંટણી યોજાશે. તેવો બાર એસો.ની બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો છે. બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચેરમેન જે.જે.પટેલ ના અધ્યક્ષપદ હેઠળ મળેલ મીટીંગમા તા. ૧૯/૧૨/૨૦૨૫ ના રોજ ગુજરાતના ૨૮૦ બાર એસોશીએશન ની ચુટણી ફરજીયાત યોજવાની નક્કી કરેલ. અને જેમા તા. ૧૫/૧૧/૨૦૨૫ સુધી વન બાર વન વોટ'' હેઠળ બાર એસોશીએશનના સભ્ય બનનાર જે તે બાર એસોશીએશનમા મતદાન કરી શકશે. અને એ બાર એસોશીએશને તા.૨૦/૧૧/૨૦૨૫ સુધીમા મતદારયાદીનુ લીસ્ટ બાર કાઉનિસલ ઓફ ગુજરાત ને મોકલવાનુ રહેશે.

કોઈપણ ધારાશાસ્ત્રી ''વન બાર વન વોટ'' હેઠળ સભ્ય બનવા માંગતો હોય તેમ છતા તેમને બાર એસોશીએશનના સભ્ય ન બનાવે તો તેવા ધારાશાસ્ત્રીએ બાર કાઉન્સિલ ઓફ ગુજરાતને ''વન બાર વન વોટ'' હેઠળનુ ફોર્મ તેમજ બાર એસોશીએશનના સભ્ય બનવાની અરજી બાર કાઉન્સિલ ઓફ ગુજરાતને મોકલી આપવાની રહેશે.

બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની મીટીંગમા ૫ સભ્યો ની ઈલેકશન કમિટી બનાવવામા આવેલ અને કોઈપણ બાર એસોશીએશનમા ચુંટણીમા ગેરરીતી અથવા ચુંટણી પ્રક્રિયા મા ખામી જણાય તો બાર કાઉન્સિલ ઓફ ગુજરાતને અપીલ કરી શકશે.વધુમા આજની સભામા સુપ્રિમ કોર્ટમા સ્પેશીયલ સીવીલ એપ્લીકેશન ન.૮૧૯/૨૦૨૪ મા ગુજરાતના હાઈકોર્ટ બાર એસોશીએશન તેમજ ૩૪ ડીસ્ટ્રિક્ટ બાર એસોશીએશનની આપેલ આદેશ અનુસાર ટ્રેઝરરની પોસ્ટ મહીલા ધારાશાસ્ત્રી માટે રીઝર્વ રાખવાની રહેશે તેમજ એકઝીકયુટીવ કમીટીમા ૩૦% મહીલા ધારાશાસ્ત્રીઓને સુપ્રીમ કોર્ટ ના ચુકાદા અનુસાર પ્રતિનિધીત્ આપવાનુ રહેશે અને તે મુજબ ઉપરોકત ચુકાદાનું લાગતા-વળગતા બાર એસોશીએશઓએ અક્ષરસહ પાલન કરવાનુ રહેશે. મીટીંગમા જે ધારાશાસ્ત્રીઓએ હજી સુધી ''Bar Council of India Cretificate and Place of Practice (Verification) Rules, ૨૦૧૫'' હેઠલના ફોર્મ ભરેલ નથી તેવા તમામ ધારાશાસ્ત્રીઓને ૩૦ દિવસમા વોટસએપ મેસેજ દ્વારા ફોર્મ ભરવા તેમજ તે સાથે તેમના શૈક્ષણિક અભ્યાસની માર્કશીટસ મોકલી આપવા જાણ કરવામાં આવશે.બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના વાઈસ-ચેરમેન મુકેશ સી. કામદાર, બાર કાઉનિસલ ઓફ ઈન્ડિયા ના સભ્ય દિલીપ કે. પટેલ, એનરોલમેનૂટ કમીટી ના ચેરમેન મનોજ એમ.અનડકટ, ફાઈનાન્સ કમીટીના ચેરમેન અનિલ સી.કેલ્લા, રુલ્સ કમીટીના ચેરમેન પ્રવીણ ડી.પટેલ. જીએલએચ કમીટીના ચેરમેન ભરત વી.ભગત તથા સભ્યો મીટીંગમાં હાજર રહ્યા હતાં.

# ડેન્ગ્યૂના ચાર કેસ: મેલેરિયા અને ચીકનગુનિયાનો પણ પ્રકોપ

**અબતક, રાજકોટ**

સતત વરસાદી વાતાવરણના કારણે શહેરમાં પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળો વકર્યો છે. ગત સપ્તાહે ડેન્ગ્યૂ તાવના નવા ચાર કેસ નોંધાતા આરોગ્ય શાખામાં દોડધામ મચી જવા પામી છે. મેલેરિયા અને ચીકનગુનિયાનો પ્રકોપ પણ યથાવત જોવા મળી રહ્યો છે. મચ્છરોની ઉત્પતિ સબબ ૬૪૪ આસામીઓને નોટીસ આપવામાં આવી છે.

આજે કોર્પોરેશનની આરોગ્ય શાખા દ્વારા રોગચાળાના સાપ્તાહિક આંકડાઓ જાહેર કરવામાં આવ્યા હતા. જેમાં ગત સપ્તાહે શહેરની અલગ-અલગ સરકારી અને ખાનગી હોસ્પિટલોમાંથી શરદી-ઉધરસના ૮૯૯ કેસ, સામાન્ય તાવના ૮૪૦ કેસ, ઝાડા-ઉલ્ટીના ૧૩૭ કેસ, ડેન્ગ્યૂના ચાર કેસ, મેલેરિયાના બે કેસ, ટાઈફોઈડના ત્રણ કેસ, ચીકનગુનિયા અને કમળાનો એક-એક કેસ મળી આવ્યો હતો.પાણીજન્ય રોગચાળાની અટકાયત માટે કોર્પોરેશન દ્વારા વિતરીત કરવામાં આવતા પાણીના ૭૬૧ નમૂનાઓ લઈ તેઓનું ક્લોરીન ટેસ્ટ કરવામાં આવ્યું હતું. મચ્છરજન્ય રોગચાળાની અટકાયત માટે ૪૩૪૯૩ ઘરોમાં પોરાનાશક કામગીરી કરવામાં આવી હતી. ફિલ્ડવર્કરો દ્વારા ૮૫૯ ઘરોમાં ફોગીંગ કરવામાં આવ્યું હતું. બાંધકામ સાઈટ, સ્કૂલ, હોસ્પિટલ, હોટેલ, ઈન્ડસ્ટ્રીઝ, કોમ્પ્લેક્સ, હોસ્ટેલ, ભંગારના ડેલા, સેલર, વાડી, પાર્ટી પ્લોટ, કોમ્યુનિટી હોલ, ધાર્મિક સ્થળ, પેટ્રોલ પંપ અને સરકારી કચેરી સહિત બિન રહેણાંક હેતુની ૭૨૦ મિલક્તોમાં ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. જે અંતર્ગત ૨૫૫ આસામીઓને મચ્છરની ઉત્પતિ સબબ નોટીસ આપવામાં આવી હતી. જ્યારે ૩૮ આસામીઓ પાસેથી રૂ.૧૫૦૫૦નો દંડ વસૂલ કરવામાં આવ્યો હતો. જ્યારે રહેણાંક હેતુની ૩૮૯ મિલક્તોના પોરા દેખાતા તમામને નોટીસ આપવામાં આવી છે. શહેરમાં રોગચાળાએ અજગરી ભરડો લીધો છે. પરંતુ કોર્પોરેશનની આરોગ્ય શાખા દ્વારા રોગચાળાના સાપ્તાહિક આંકડાઓ છૂપાવવામાં આવી રહ્યા છે. ઘેર-ઘેર માંદગી ખાટલા પડ્યા છે. દવાખાનાઓ દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે પરંતુ કોર્પોરેશન દ્વારા રોગચાળાના સાચા આંકડાઓ જાહેર કરાતા નથી.



**વરસાદી વાતાવરણના કારણે રોગચાળો બેકાબૂ: શરદી-ઉધરસના ૮૯૯, સામાન્ય તાવના ૮૪૦, ઝાડા-ઉલ્ટીના ૧૩૭, ટાઈફોઈડના ત્રણ, મેલેરિયાના બે, ચીકનગુનિયા અને કમળાનો એક-એક કેસ નોંધાયો: મચ્છરોની ઉત્પતિ સબબ ૬૪૪ આસામીઓને નોટિસ**

# ગુજરાત હાઈકોર્ટને મહિનામાં ચોથી બોમ્બથી ઉડાવી દેવાની મળી ધમકી

## પોલીસ કાફલાએ તાત્કાલિક હાઈકોર્ટ પરિસરમાં પહોંચી સઘન તપાસ શરૂ કરી

**અબતક રાજકોટ**

ગુજરાત હાઈકોર્ટને ફરી એકવાર બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતાં પોલીસ તંત્રમાં દોડધામ મચી ગઈ છે. આ ધમકી કોઈ અજાણી વ્યક્તિ દ્વારા ઈમેલ મારફતે મોકલવામાં આવી હતી. આ માહિતી મળતાં જ પોલીસનો મોટો કાફલો તાત્કાલિક હાઈકોર્ટ પરિસરમાં પહોંચી ગયો હતો અને સઘન તપાસ શરૂ કરી હતી.

માત્ર ત્રણ મહિનાના ટૂંકા ગાળામાં આ ચોથી વખત છે જ્યારે ગુજરાત હાઈકોર્ટને આવી ધમકી મળી છે, જે સુરક્ષા વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઉભા કરે છે. આ વારંવારની ધમકીઓ છતાં, હાઈકોર્ટ પરિસરમાંથી આજ સુધી કોઈ શંકાસ્પદ વસ્તુ મળી નથી. તેમ છતાં, સુરક્ષા એજન્સીઓ આ મામલાને ગંભીરતાથી લઈ રહી છે અને ગુનેગારોને પકડવા માટે કાર્યવાહી કરી રહી છે.



આ પહેલાં પણ ત્રણ વખત આવી ધમકીઓ મળી ચૂકી છે. ૯મી જૂન, ૨૦૨૫ના રોજ આઈઈડી બ્લાસ્ટની ધમકી મળી હતી, જે ખોટી સાબિત થઈ હતી. ત્યારબાદ, ૨૪મી જૂન, ૨૦૨૫ના રોજ 'રેની જોશિલ્ડા' નામના ઈ-મેલ આઈડી પરથી ધમકી મળી હતી, જેના મામલે પોલીસે ચેન્નઈની એક મહિલાની ધરપકડ કરી હતી. છેલ્લે ૨૦મી ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ પણ બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી, પરંતુ તે પણ ખોટી નીકળી હતી. તાજેતરની આ ધમકી અંગે પણ પોલીસે સાયબર સેલની મદદથી તપાસ શરૂ કરી છે, જેથી ઈમેલના સ્ત્રોત અને મોકલનાર વ્યક્તિને શોધી શકાય. વારંવાર મળી રહેલી આવી ધમકીઓને પગલે પોલીસ તંત્ર દ્વારા હાઈકોર્ટ અને અન્ય સંવેદનશીલ સ્થળોની સુરક્ષામાં વધારો કરવામાં આવ્યો છે. પોલીસ આ મામલાને ગંભીરતાથી લઈ રહી છે અને ગુનેગારોને કાયદાના સકંજામાં લાવવા માટે તત્પર છે.

## ડેપ્યુટી કમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઓફ ઈન્ડિયા જયંત સિંહા રાજકોટમાં

**અબતક રાજકોટ**

ડેપ્યુટી કમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઓફ ઈન્ડિયા અને ગવર્નમેન્ટ અકાઉન્ટિંગ સ્ટાન્ડર્ડ એડવાઈઝરી બોડીના ચેર પર્સન શ્રી જયંત સિંહા આજે સાંજે ૫.૧૫ કલાકે હિરાસર એરપોર્ટ ખાતે આવશે. કાલે રીજન્સી લગુન રિસોર્ટ ખાતે ''નેશનલ વર્કશોપ ઓન ધ રિવિઝન ઓફ ધ નેશનલ મ્યુનિસિપલ અકાઉન્ટસ મેન્યુઅલ'' અંગેની બેઠકમાં ઉપસ્થિત રહેશે.

### દેશમાં બેઠેલા ગદ્દારોને ઓળખી લેવા જરૂરી

# જમ્મુના પુંછમાંથી શંકાસ્પદ આતંકવાદી ગતિવિધિ સાથે સંકળાયેલી ત્રિપુટી ઝબ્બે

## સાત એકે-૪૭ રાઈફલ અને મોટી માત્રામાં દારૂગોળો જપ્ત : જમ્મુ પોલીસની કાર્યવાહી

**અબતક, રાજકોટ**

જમ્મુ ઝોનના આઈજીપી ભીમ સેન તુતીએ રવિવારે જણાવ્યું હતું કે, સુરક્ષા દળોએ પૂંછથી શંકાસ્પદ આતંકવાદી ગતિવિધિઓમાં સંડોવાયેલ ત્રિપુટીની ધરપકડ કરવામાં આવી છે. ત્રિપુટી પાસેથી સાત એકે-૪૭ રાઈફલ તેમજ મોટા પ્રમાણમાં હથિયારો અને દારૂગોળો જપ્ત કરવામાં આવ્યા છે.



આઈજીપી દ્વારા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ કરીને માહિતી આપવામાં આવી છે કે, જમ્મુ અને કાશ્મીર પોલીસ દ્વારા કરવામાં આવતી તપાસના અંતે આ ધરપકડ કરવામાં આવી છે. દૃઢ નિશ્ચય અને અવિરત તપાસના પરિણામે ૩ આતંકવાદી સહાનુભૂતિ ધરાવતા લોકોની ધરપકડ કરી ૭ એકે (૪ અગાઉ જપ્ત કરાયેલ) અને મોટી માત્રામાં દારૂગોળો કબ્જે કરવામાં આવ્યો છે.

૩૦ ઓગસ્ટના રોજ પણ પોલીસે ચોક્કસ માહિતી બાદ પૂંછ જિલ્લામાંથી બે આતંકવાદી શંકાસ્પદોની એકે-૪૭ રાઈફલ્સ સાથે ધરપકડ કરી હતી. પોલીસે બંનેની ઓળખ જલ્કિયાન મંડીના રહેવાસી તારિક અહમદ શેખ અને ચેમ્બરના રહેવાસી રિયાઝ અહમદ તરીકે કરી હતી.

### અધધધ ૬ કરોડ રિટર્ન ભરાયા છતાં રિટર્ન ભરનારાની લાંબી કતારોએ પોર્ટલને હંફાવી દીધું

# આવકવેરા રિટર્ન ભરવાની અંતિમ ઘડીએ પોર્ટલે ધાંધિયા કર્યા

## પોર્ટલની સમસ્યાથી કરદાતાઓ અને ટેક્સ વ્યાવસાયિકોમાં નારાજગી, મુદત લંબાવવાની માંગ

**અબતક, અમદાવાદ**

આવકવેરા રિટર્ન ફાઈલિંગની અંતિમ તારીખ આજે છે. પરંતુ ગુજરાતના કરદાતાઓ અને ટેક્સ વ્યાવસાયિકો આવકવેરા પોર્ટલમાં સતત ચાલી રહેલી તકનીકી સમસ્યાઓથી હેરાન-પરેશાન છે. પોર્ટલની સમસ્યાઓને કારણે ઘણા લોકોને એન્યુઅલ ઈન્ફોર્મેશન સ્ટેટમેન્ટ ઍકસેસ કરવામાં તેમજ પોર્ટલનો ઉપયોગ કરવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. બીજી તરફ આ વખતે રેકોર્ડ બ્રેક ૬ કરોડ રિટર્ન ભરાયા છે.

ગુજરાત સેલ્સ ટેક્સ બાર એસોસિએશનના ભૂતપૂર્વ પ્રમુખ હરીશ પંચાલે જણાવ્યું કે, ''છેલ્લા કેટલાક દિવસોથી આવકવેરા પોર્ટલમાં સતત ખામીઓ જોવા મળી રહી છે. વ્યકિતગત આઈટીઆર ફાઈલ કરવાની અંતિમ તારીખ સોમવારે છે, પરંતુ પોર્ટલની તકનીકી સમસ્યાઓને કારણે કરદાતાઓને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. ઘણા કિસ્સાઓમાં, કરદાતાઓ તેમનું એન્યુઅલ ઈન્ફોર્મેશન સ્ટેટમેન્ટ પણ ઍકસેસ કરી શકતા નથી, જે આઈટીઆર ફાઈલિંગ માટે અત્યંત જરૂરી છે.

રાજ્યભરના ટેક્સ પ્રેક્ટિશનર્સે આ અંગે ફરિયાદો ઉઠાવી છે. આ વર્ષે આઈટીઆર ફાઈલિંગ માટેનું યુટિલિટી સોફ્ટવેર પણ મોડું રિલીઝ થયું હતું, જેના કારણે અંતિમ તારીખ લંબાવવાની મજબૂત માગ ઉઠી છે.''



ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી એ પણ આ મુદ્દે ચિંતા વ્યકત કરી છે. જીસીસીઆઈના ડાયરેક્ટ ટેક્સ કમિટીના ચેરમેન જયનિક વકીલે જણાવ્યું, ''પોર્ટલમાં ચાલી રહેલી તકનીકી ખામીઓને કારણે આઈટીઆર ફાઈલિંગની પ્રક્રિયા ખૂબ જ ધીમી થઈ ગઈ છે, જેના કારણે આ પ્રક્રિયા વધુ સમય માંગી લે છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સીસએ આ મુદ્દાની ગંભીર નોંધ લેવી જોઈએ અને અંતિમ તારીખ લંબાવવાની જાહેરાત કરવી જોઈએ.''

આવકવેરા પોર્ટલની સમસ્યાઓએ ગુજરાતના કરદાતાઓ અને ટેક્સ પ્રેક્ટિશનર્સને ભારે મુશ્કેલીમાં મૂક્યા છે. એઆઈએસ ઍકસેસ ન થવાને કારણે કરદાતાઓને તેમની નાણાકીય વિગતો ચકાસવામાં અને રિટર્ન ફાઈલ કરવામાં અડચણો આવી રહી છે.

આ ઉપરાંત, પોર્ટલની ધીમી ગતિ અને વારંવાર થતી ભૂલો (એરર્સ)એ પણ ફાઈલિંગ પ્રક્રિયાને જટિલ બનાવી દીધી છે. ઘણા ટેક્સ પ્રેક્ટિશનર્સે જણાવ્યું કે, છેલ્લા દિવસોમાં આવી સમસ્યાઓ વધુ તીવ્ર બની છે, જેના કારણે અંતિમ તારીખ પહેલાં રિટર્ન ફાઈલ કરવું લગભગ અશક્ય બની રહ્યું છે.

ગુજરાતમાં ટેક્સ વ્યાવસાયિકો અને વેપારી સંગઠનો દ્વારા સરકાર અને સીબીડીટી પાસે અંતિમ તારીખ લંબાવવાની માગણી કરવામાં આવી રહી છે. તેમનું કહેવું છે કે, પોર્ટલની તકનીકી ખામીઓને કારણે ઘણા કરદાતાઓ નિયત સમયમર્યાદામાં રિટર્ન ફાઈલ કરી શકશે નહીં, જેના કારણે તેમને દંડ અને અન્ય મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે.

### એનજીઓ ફેડરેશનના સંયુક્ત ઉપક્રમે આયોજિત

# મોદી પ્રેમીઓનું મન મોહી લેતો ''નમોત્સવ''

## ૧૫૦ કલાકારોએ નરેન્દ્ર મોદીના ૭૫ વર્ષની જીવનયાત્રાને ગીત, સંગીત અને નાટ્ય સ્વરૂપે રજૂ કરી કલાના કામણ પાથર્યા, રસકોર્સ મેદાને જનમેદની ઉમટી




**અબતક, રાજકોટ**

રાજકોટમાં તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૭૫મા જન્મદિવસની ઉજવણી માટે એક ભવ્ય 'નમોત્સવ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. એનજીઓ ફેડરેશન દ્વારા આયોજિત આ મલ્ટિમીડિયા મ્યુઝિકલ શો રેસકોર્સ મેદાનમાં યોજાયો હતો.

આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય નરેન્દ્ર મોદીના રાષ્ટ્ર વિકાસ માટેના સંઘર્ષ, સમર્પણ અને બલિદાનને લોકો સમક્ષ રજૂ કરવાનો હતો જેથી લોકો તેમનામાંથી પ્રેરણા લઈ શકે અને રાષ્ટ્રભાવના વધુ પ્રબળ બને. આ શોમાં ૧૫૦થી વધુ કલાકારોએ તેમની કલાનું પ્રદર્શન કર્યું હતું.

આ મેગા શોમાં નરેન્દ્ર મોદીના બાળપણથી લઈને અત્યાર સુધીની ૭૫ વર્ષની જીવનયાત્રાને ગીત, સંગીત અને નાટ્ય સ્વરૂપે રજૂ કરવામાં આવી હતી. આ કાર્યક્રમનું દિગ્દર્શન વિરલ રાચ્છે કર્યું હતું, જ્યારે રાહુલે સંગીત અને અંકુર પઠાણની ટીમે નૃત્યની જવાબદારી સંભાળી હતી. મુંબઈના ડિમોલીશન ક્રૂએ 'ઓપરેશન સિંદૂર'ના ગીતો પર ડાન્સ અને સ્ટંટ રજૂ કર્યા હતા, જ્યારે કેરળની માર્શલ આર્ટ 'કલારી પાયાટ્ટુ'ના કલાકારોએ વીરરસ દર્શાવતો વોર ડાન્સ રજૂ કર્યો હતો.


'નમોત્સવ'માં ફક્ત ગીત-સંગીત જ નહોતું, પરંતુ મોદીજીના જીવનના વિવિધ પ્રસંગોનું રસાળ નાટ્યરૂપાંતરણ પણ કરવામાં આવ્યું હતું. આ શોમાં આકર્ષક વેશભૂષા સાથે કલાકારોએ જીવંત નાટ્યશૈલીના માધ્યમથી મોદીજીની સંઘર્ષ ગાથા રજૂ કરી હતી. આ ઉપરાંત, આ કાર્યક્રમમાં સો જેટલા ઢોલ સાથેના ડ્રોન શોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેણે દર્શકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

આ કાર્યક્રમમાં લોકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા અને આયોજકોની ધારણા કરતાં પણ વધુ ભીડ જોવા મળી હતી. રેસકોર્સ મેદાનમાં જ્યાં નજર પડે ત્યાં માનવ મહેરામણ જ દેખાતો હતો. આ ભવ્ય કાર્યક્રમના આયોજનમાં એનજીઓ ફેડરેશન રાજકોટનો મુખ્ય સહયોગ રહ્યો હતો. સરગમ ક્લબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા, બોલબાના ટ્રસ્ટના પ્રમુખ જયેશભાઈ ઉપાધ્યાય, દીકરાનું ઘર વૃદ્ધાશ્રમના ટ્રસ્ટી અનુપમભાઈ દોશી, અને શાળા સંચાલક મંડળના પ્રમુખ અવધેશ કાનગડનો પણ આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સહયોગ મળ્યો હતો.

આ કાર્યક્રમ દરમિયાન કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર. પાટીલ, કર્ણાટકના પૂર્વ રાજ્યપાલ અને ગુજરાતના પૂર્વ નાણામંત્રી

(અનુ. આઠમા પાને)








તસવીરઃ શૈલેષ વાડોલિયા

### પીએમ મોદીનો જન્મદિવસ સેવાનો સંકલ્પ અને સમર્પણનો ઉત્સવ : કેન્દ્રિય મંત્રી સી.આર. પાટીલ



અબતક સાથેની વાતચીતમાં કેન્દ્ર સરકારના જળસંચય મંત્રી તેમજ ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર. પાટીલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો જન્મદિવસ, ૧૭ સપ્ટેમ્બર, સેવા અને સમર્પણના પર્વ તરીકે ઉજવાય છે. આ દિવસથી લઈને ૨ ઓક્ટોબર, મહાત્મા ગાંધી અને લાલ બહાદુર શાસ્ત્રીની જન્મજયંતી સુધી, અને ૨૫ સપ્ટેમ્બરે દીનદયાળ ઉપાધ્યાયની જન્મજયંતી નિમિત્તે, ભારતીય જનતા પાર્ટી (ભાજપ) દ્વારા ગુજરાતમાં વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. આ સેવાકીય અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય મોદીના લોકહિતના વિચારોને આગળ ધપાવવાનો છે, જેમાં સામાન્ય માણસને પણ વિકાસ અને સુખાકારીનો લાભ મળે. તેમના નેતૃત્વ હેઠળ અનેક જનહિતકારી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. આ કાર્યક્રમોમાં રક્તદાન, આરોગ્ય તપાસણી અને દિવ્યાંગોને સાધન સહાય જેવી પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. તાજેતરમાં, ૭૫ દિવ્યાંગ ભાઈઓ-બહેનોને સાયકલ આપવામાં આવી હતી, જ્યારે રક્તદાન શિબિરમાં ૫૦૦થી વધુ બોટલ રક્ત એકઠું થયું હતું. આ ઉપરાંત, ૧,૦૦૦થી વધુ લોકોની આરોગ્ય તપાસ કરવામાં આવી હતી, અને જરૂરિયાતમંદ દર્દીઓને મફત દવાઓ અને ઓપરેશનની સુવિધા પણ પૂરી પાડવામાં આવશે. આ રીતે, વડાપ્રધાન મોદી તેમના જન્મદિવસને ભવ્ય ઉજવણી કરવાને બદલે, સમાજને ઉપયોગી થાય તેવા સેવાકીય કાર્યો માટે સમર્પિત કરે છે.

### ''અબતક''ના માધ્યમથી હજારો લોકોએ માણ્યો અદ્ભૂત કાર્યક્રમ

---

# ક્રિસ્ટલ સ્કુલનો બાળ વૈજ્ઞાનિક 'અભિજ્ઞ' રાજયકક્ષાએ રજૂ કરશે કોન્ટમ સાયન્સ થીયરી



**અબતક,રાજકોટ**

સાયન્સ રીસર્ચ સેન્ટર રાજકોટ આયોજીત સાયન્સ થીયરીની વર્તમાન ઉપયોગીતાનો મુખ્ય હેતુ બાળકોના વિચારો અને રજૂઆતના આધારે બાળવૈજ્ઞાનિકોની પસંદગી કરવાનો હોય છે. દર વર્ષે થતી આ સ્પર્ધામાં રાજકોટ શહેરની નામાંકિત સંસ્થાઓમાંથી પસંદ પામેલા બાળ વૈજ્ઞાનિકો ઉપરોકત વિષય પર પોતાના વિચારો રજૂ કરે છે. જીલ્લાકક્ષાએ યોજાનારી આ સ્પર્ધામાં મોટી ફાફણી(કોડીનાર)ના વતની એમબીબીએસ ડોકટર જિજ્ઞેશભાઈ ચંદેરાનો પુત્ર અભિજ્ઞ હાલ રાજકોટની ક્રિસ્ટલ સ્કૂલ્સમાં હોસ્ટેલ સાથે રહી અભ્યાસ કરે છે. તેઓએ આ સ્પર્ધામાં લાભ લીધેલો, જેમાં તેઓએ કવોન્ટમ સાયન્સ પર પીપીટી દ્વારા પોતાનો વિચારો રજૂ કરી ત્યાં ઉપસ્થિત પ્રબુધ્ધ નાગરીકો અને કમીટીને પ્રભાવિત કર્યા. તેમજ સીલેકશન વૈજ્ઞાનિકોની ટીમે અભિજ્ઞની પસંદગી રાજ્યકક્ષાએ કરી.

હવે બાળવૈજ્ઞાનિક અભિજ્ઞ આધુનિક સાયન્સ પરના પોતાના વિચારો રાજ્યકક્ષાએ રજૂ કરશે.

---

### ગુજરાતનાં પ્રાકૃતીક ખેતી સહકારીતાના માર્ગે ચાલવા

# હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રીએ ઈફકોના દિલીપભાઈ સંઘાણી સાથે કર્યા પરામર્શ

## સીમલા રાજભવનમાં દિલીપભાઈ સંઘવીએ ગુજરાતનું પ્રાકૃતીક ખેતી સહકારી મોર્ડલની આપી સમજણ



**અબતક,રાજકોટ**

ગુજરાત કી હવામે.... ગુજરાતના કૃષિ અને સહકાર ક્ષેત્રના પરિણામોની દેશ વિદેશમાં સરાહના થઈ રહી છે. કૃષિ અને સરકારનું ગુજરાત મોડેલ અપનાવવા દેશના તમામ રાજયો ઉત્સુક બન્યા છે.

ઈફકોના ચેરમેન પૂર્વ મંત્રી દિલીપભાઈ સંઘાણી તાજેતરમાં હીમાચલ પ્રદેશના પ્રવાસે છે. ત્યારે શિમલામાં મુખ્યમંત્રી નિવાસ સ્થાને દિલીપભાઈ સંઘવી સાથે ખાસ મુલાકાત કરી હીમાચલ પ્રદેશના મુખ્યમંત્રી સુખવિંદરસિંહ સુખ્ખુએ બેઠક પરામર્શ કરી.

સુખવિંદરસિંહે ઈફકોના દિલીપભાઈ સંઘાણી સાથે પ્રકૃતીક ખેતી અને સહકારી વ્યવસ્થા તંત્રનો હિમાચલ પ્રદેશમાં વધુમાં વધુ અસરકારક રીતે ઉપયોગ કેમ કરી શકાય તે મુદે ઉંડાણપૂર્વકની ચર્ચા કરી દિલીપભાઈ સંઘાણીના પ્રાકૃતીક ખેતી ગૌસંવર્ધન અને સહકારી ક્ષેત્રના ચમત્કારીક પરિણામો સભર અનુભવની ચર્ચા ાથે માહિતી મેળવી હતી.

હીમાચલ પ્રદેશમાં વધુમાં વધુ પ્રાકૃતીક ખેતી દ્વારા સમગ્ર પ્રદેશમાં ગ્લોબલ વોર્મીંગની સમસ્યાનો સામનો કરવા ગૌ આધારીત કૃષિ અને સહકારી વ્યવસ્થાપનની ખાસ જરૂર ઉભી થઈ છે.દિલીપભાઈ સંઘાણીએ હીમાચલ પ્રદેશના મુખ્યમંત્રીને ગુજરાતનું પ્રાકૃતિક કૃષિ અને સહકારીતા મોડલની સમજણ આપી હતી.

---

# જિલ્લા સંયુકત કર્મચારી મોરચા દ્વારા કાલે ''નમો કે નામ રકતદાન'' કાર્યક્રમ

## 'અબતક'ની શુભેચ્છા મુલાકાતે આવેલા આયોજકોએ ૧૧ સ્થળોએ યોજાનાર રકતદાન કેમ્પ વિશે માહિતી આપી



તસવીરઃ શૈલેષ વાડોલિયા

**અબતક, રાજકોટ**

'નમો કે નામ રકતદાન' કાર્યક્રમ અંતર્ગત ગુજરાત રાજયના તમામ કર્મચારી મહામંડળ - મહાસંઘોના સંયુકત ઉપક્રમે જરુરીયાત મંદ સગર્ભા માતાઓ, કન્સરના દર્દીઓ, હિમોફીલીયાના દર્દીઓ, અકસ્માત, ઘાયલ દર્દીઓ, ઓપરેશનના દર્દીઓ થેલેસેમીયાના દર્દીઓ વગેરેના લોહીની જરુરીયાતમાં મદદરુપ થઈ સેવા કરવાની ઉમદા ભાવનાથી આવતીકાલે એક જ દિવસીય રાજયભરના તમામ જિલ્લાઓમાં ૩૩૦ જેટલા સેન્ટરો ઉપર મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. રાજયમાં એક લાખ બોટલ એકત્ર કરીને વિશ્વ વિક્રમ સ્થાપિ ગીનીશ બુકમાં સ્થાન મેળવવાનો લક્ષ્યાંક રાખવામાં આવેલ છે.

રાજકોટમાં યોજનારા રકતદાન કેમ્પ વિશે માહીતી આપવા 'અબતક' ની શુભેચ્છા મુલાકાતે આવેલા આયોજકોએ જણાવ્યું હતું કે, આ કાર્યક્રમનું અગિયાર સ્થળ ઉપર આયોજન કરવામાં આવેલ છે.

આ કાર્યક્રમને સફળ બનાવવા સંયુકત કર્મચારી મંડળ રાજકોટના કન્વીનર અને શહેર આચાર્ય સંઘના પ્રમુખ ડો. શૈલેષ સોજીત્રા, પ્રભારી સુનિલભાઈ બરોચિયા, સંજયભાઈ પંડયા, પ્રિયવદનભાઈ કોરાટ, ધીરેનભાઈ વ્યાસ અને વિવિધ ધાર્મિક સંસ્થાઓ તેમજ વિવિધ એનજીઓ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી રહ્યા છે. કાર્યક્રમના સુચારુ સફળ સંચાલનમાં આચાર્ય સંઘમાંથી ડો. તુષારભાઈ પંડયા, વિનોદભાઈ ગજેરા, કિશોરભાઈ હિરપરા, ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘના પ્રમુખ ડો. લીલાભાઈ કડછા, માધ્યમિક શિક્ષક સંઘના પ્રમુખ કૌશિકભાઈ રાવલ, સરકારી શિક્ષક સંઘના પ્રમુખ અલ્પેશભાઈ કપુપરા, નગર પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ દિનેશભાઈ સદાદિયા, વ્યાયામ મંડળના પ્રમુખ ભરતસિંહ પરમાર, વહીવટી મંડળના પ્રમુખ અશોકભાઈ ભારાઈ, આરોગ્ય કર્મચારી મંડળના પ્રમુખ અશોકભાઈ જોશી, તલાટી કર્મચારી મંડળના પ્રમુખ ચિરાગભાઈ ગરૈયા, કલેકટર ઓફીસ કર્મચારી મંડળમાંથી કિરીટસિંહ ઝાલા, બહુમાળી ભવન કર્મચારી મંડળમાંથી ક્રીપાલસિંહ જાડેજા અને જિલ્લા પંચાયત કર્મચારી મંડળમાંથી ગોહિલભાઈ અને વિશાળભાઈ, રા.મ્યુ. કર્મચારી મંડળમાંથી પ્રેરિતભાઈ જોશી સતત જોડાયેલા શહેરમાં રકતદાન કમ્પો રાજકોટ મહાનગરપાલિકા સેન્ટ્રલ ઝોન ઓફીસ બસ સ્ટેશન પાસે, મધર ટેરેસા પ્રાથમિક શાળા નં. ૮૮, જીવરાજ પાર્ક, માધાપર તાલુકા શાળા, જામનગર રોડ, આત્મીય યુનિવર્સિટી, કાલાવડ રોડ, વિરાણસ હાઈસ્કુલ, ટાગોર રોડ, પી એન્ડ ટી વી શેઠ હાઈસ્કુલ ૮૦ ફુટ રોડ વાણીયા વાડી, ગોરધનભાઈ મજેઠીયા શાળા નં. ૬૦ રૈયા રોડ હનુમાન મઢી પાસે, મેયલવુડ ઈન્ગિલીશ મીડીયમ સ્કુલ સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યાલય, કેમ્પસ સંત કબીર રોડ, બેડીપરા, આર.કે. યુનિવર્સિટી ભાવનગર રોડ, મારવડી યુનિવર્સિટી દર્શન યુનિવર્સિટી ખાતે યોજાશે.

---

# રેલનગરમાં પોષણ માસની ઉજવણી

## શેર વિથ સ્માઈલ એનજીઓ દ્વારા કુપોષિત બાળકોને પોષણ કીટનું વિતરણ



**અબતક,રાજકોટ**

રેલનગર ૨ સેજામાં પોષણ માસ અંતર્ગત તાજેતરમાં વાનગી સ્પર્ધા રાખવામાં આવેલ તેમજ શેર સ્માઈલ એનજીઓ દ્વારા કુપોષિત બાળકોને પોષણ કીટ વિતરણ કરવામાં આવેલ.

આ કાર્યક્રમમાં પ્રોગ્રામ ઓફિસર શારદાબેન દેસાઈ, ઘટક ૩ના બાળ વિકાસ યોજના અધિકારી પૂજાબેન જોશી, મુખ્યસેવિકા બહેનો, શેર વિથ સ્માઈલના સંચાલક કપિલભાઈ પંડયા દાતાઓ અને આરોગ્યની ટીમ હાજર રહેલ.

પ્રોગ્રામ ઓફિસર દ્વારા લાભાર્થીઓને ટીએચઆર માંથી બનતી વાનગીઓ તેમજ તેનાથી થતા ફાયદાઓ વિશે સમજણ આપવામાં આવેલ. કુપોષિત બાળકોને દાતાઓ દ્વારા પ્રોટીન પાઉડર પોષણ કિટનું વિતરણ કરી બાળકો સ્વસ્થ બને તે માટે માર્ગદર્શન આપવામાં આવેલ.





## સ્પોર્ટ્સ અબતક

### પાકિસ્તાનની આવી નબળી ટીમ ક્યારેય નથી જોઈ!!!

# ભારતના દિગ્ગજોએ પાકિસ્તાનના નવાણીયાઓને કચડી નાંખ્યા

## ટીમ ઈન્ડિયાએ પાકિસ્તાનને ૭ વિકેટથી હરાવ્યું: બોલરોના શાનદાર પ્રદર્શન બાદ ભારતીય બેટ્સમેનોએ ઝડપી બેટિંગ કરી અને ૧૨૮ રનના ટાર્ગેટનો સરળતાથી પીછો કર્યો: કુલદીપ સતત બીજીવાર મેન ઓફ ધ મેચ બન્યો

**અબતક, દુબઈ**


ભારત અને પાકિસ્તાન વચ્ચે એશિયા કપ ગ્રુપ સ્ટેજ મેચ દુબઈ ઈન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે રમાઈ હતી. જેમાં ભારતે પાકિસ્તાનને ૭ વિકેટથી હરાવીને એશિયા કપમાં સળંગ બીજો વિજય મેળવ્યો હતો. પાકિસ્તાનની આવી નબળી ટીમ ક્યારેય નથી જોઈ!!!કેમ કે બેટિંગ-બોલિંગમાં બન્નેમાં પાકિસ્તાનનું નિરાશાજનક પ્રદશન રહ્યું. ભારતના દિગ્ગજોએ પાકિસ્તાનના નવાણીયાઓને કચડી નાંખ્યા પહેલા બેટિંગ કરતા પાકિસ્તાનના બેટ્સમેનોએ ભારતીય સ્પિનરો સામે સરળતાથી હાર માની લીધી અને ટીમ ૨૦ ઓવરમાં ૯ વિકેટ ગુમાવ્યા બાદ માત્ર ૧૨૭ રન જ બનાવી શકી.

ટીમ ઈન્ડિયાએ ફક્ત ૩ વિકેટ ગુમાવીને આ ટાર્ગેટ સરળતાથી પ્રાપ્ત કરી લીધો. અભિષેક શર્માએ વિસ્ફોટક બેટિંગ કરી અને ૧૩ બોલમાં ૩૧ રન બનાવ્યા, જ્યારે તિલક વર્મા અને કેપ્ટન સૂર્યકુમારે પણ ખૂબ જ સારી બેટિંગ કરી. ટુર્નામેન્ટમાં ભારતીય ટીમની આ સતત બીજી જીત છે.

ટીમ ઈન્ડિયાનો આગામી મેચ હવે ૧૯ સપ્ટેમ્બરે ઓમાન સામે થશે.પાકિસ્તાન દ્વારા આપવામાં આવેલા ૧૨૮ રનના ટાર્ગેટનો પીછો કરતી વખતે ટીમ ઈન્ડિયાની શરૂઆત સારી રહી ન હતી. શુભમન ગિલ માત્ર ૧૦ રન બનાવીને આઉટ થઈ ગયો હતો. પરંતુ બીજા છેડેથી અભિષેકે પોતાની વિસ્ફોટક બેટિંગથી ફેન્સનું ધ્યાન ખેંચી લીધું. અભિષેકે માત્ર ૧૩ બોલમાં ૩૧ રનની ઝડપી ઈનિંગ રમી. પોતાની ઈનિંગ દરમિયાન તેને ૪ ચોગ્ગા અને ૨ છગ્ગા ફટકાર્યા. અભિષેક પેવેલિયન પરત ફર્યા બાદ કેપ્ટન સૂર્યા અને તિલક વર્માએ ત્રીજી વિકેટ માટે અડધી સદીની પાર્ટનરશીપ કરી.

તિલક એ સમજદારીપૂર્વક બેટિંગ કરતા ૩૧ બોલમાં ૩૧ રનની મહત્વપૂર્ણ ઈનિંગ રમી. સૂર્યકુમાર યાદવે એક છેડે ઊભા રહીને સિક્સર ફટકારીને ટીમ ઈન્ડિયાને ૭ વિકેટથી જીત અપાવી. સૂર્યકુમારે ૩૭ બોલમાં ૪૭ રન બનાવ્યા, જ્યારે શિવમ દુબે ૧૦ રન બનાવ્યા બાદ અણનમ રહ્યો.પહેલગામ આતંકી હુમલાને પગલે પાકિસ્તાન સામે મેચ નહીં રમવાને લઈને ઉઠેલા વિરોધ વચ્ચે દુબઈમાં ભારતે એકતરફી મેચમાં કટ્ટર હરીફ પાકિસ્તાનને ૭ વિકેટથી કચડ્યું હતું.





## ભારતને દીપાવતો કુલ "દીપ"

એશિયા કપ ૨૦૨૫માં કુલદીપ યાદવનું પર્ફોર્મન્સ અદભૂત રહ્યું છે! યુએઈ વિરુદ્ધની પહેલી મેચમાં તેમણે ૪/૭ના આંકડા સાથે માત્ર ૪.૧ ઓવરમાં યુએઈને ૫૭ રનમાં ઓલઆઉટ કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી. ભારત વિરુદ્ધ પાકિસ્તાન મેચમાં કુલદીપે ૩/૧૮ના આંકડા સાથે પાકિસ્તાનના મિડલ ઓર્ડરને તોડી નાખ્યું, જેના કારણે પાકિસ્તાન ૧૨૭/૯ પર અટકી ગયું. તેમની વ્રિસ્ટ-સ્પિનની જાદુગરીએ ફરી એકવાર બેક-ટુ-બેક પ્લેયર ઓફ ધ મેચ એવોર્ડ અપાવ્યો છે.બે મેચમાં ૭ વિકેટ્સ સાથે કુલદીપે ભારતને એશિયા કપમાં મજબૂત સ્થિતિમાં મૂક્યું છે. તેમની ફિટનેસ અને નવી બોલિંગ ટેકનિક, જેમ તેમણે પોસ્ટ-મેચમાં જણાવ્યું, બધું એકદમ પરફેક્ટ ચાલી રહ્યું છે, તેમના ફોર્મનું રહસ્ય છે. આ ફોર્મ ચાલુ રહે તો ભારત માટે ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ની તૈયારીઓને મોટો બૂસ્ટ મળશે!

## આફ્રિદીને ટપો પાડવાનું ભુલાવી દેતો અભિષેક

અભિષેક શર્માએ ક્રીઝ પર આવતાની સાથે જ આક્રમક બેટિંગ કરી અને પોતાનો ઈરાદો વ્યક્ત કર્યો.

પાકિસ્તાન તરફથી શાહીન શાહ આફ્રિદીએ પહેલી ઓવર નાખી અને અભિષેકે તેની ઓવરના પહેલા બોલ પર ફોર ફટકારી.

આ પછી અભિષેકે તેના બીજા બોલ પર સિક્સર ફટકારીને તેનો બધો ઘમંડ દૂર કર્યો. શાહીનની આ ઓવરમાં કુલ ૧૨ રન બન્યા.

અભિષેક શર્મા અહીં જ અટક્યો નહીં. આ પછી જ્યારે શાહીન આફ્રિદી બીજી ઓવર નાખવા આવ્યો, ત્યારે અભિષેકે ફરીથી પહેલા બોલ પર ચોગ્ગો અને આ ઓવરના ત્રીજા બોલ પર છગ્ગો ફટકાર્યો. શાહીનને સમજાયું નહીં કે ક્યાં બોલિંગ કરવી. તે પોતાની લાઈન અને લેન્થથી સંપૂર્ણપણે ખોવાઈ ગયો હતો. પાકિસ્તાન સામેની મેચમાં અભિષેકે ૧૩ બોલમાં કુલ ૩૧ રન બનાવ્યા, જેમાં ૪ ચોગ્ગા અને ૨ છગ્ગા ફટકાર્યા છે. તેને ૨૩૮.૪૬ના સ્ટ્રાઈક રેટથી બેટિંગ કરી અને પાકિસ્તાની બોલરોને હેરાન કર્યા.

## ભારતીય ફિરકીને ઓળખવામાં વામણા સાબિત થયા પાક. બેટ્સમેનો

ભારતીય સ્પિનર્સે પાકિસ્તાની ટીમને ઘૂંટણિયે પાડી દીધી હતી. ૨૦માંથી ૧૩ ઓવર ફેંકીને ભારતીય સ્પિનર્સે ફક્ત ૬૦ રન આપીને ૬ વિકેટ ઝડપી હતી. જેમાં સાહિબજાદા ફરહાન, ફખર ઝમાન, સલમાન અલી આગા, હસન નવાઝ, મોહમ્મદ નવાઝ અને ફહીમ અશરફ સામેલ છે.કુલદીપ યાદવે ૩ વિકેટ લઈને કમાલ કરી હતી. અક્ષર પટેલે પણ પાકિસ્તાનીઓને પોતાની બોલિંગ પર નાચવા મજબૂર કર્યા હતા. તેણે ૪ ઓવરના સ્પેલમાં ૧૮ રન આપીને ૨ મોટી વિકેટ લીધી હતી. પટેલે પહેલા પાકિસ્તાનના ટોપ ઓર્ડર બેટ્સમેન ફખર ઝમાનને અને પછી કેપ્ટન સલમાન અલી આગાને પેવેલિયન ભેગો કર્યો હતો.

## દેશદાઝથી મોટું કઈ નહિ: ક્રિકેટની પરંપરા સમાન 'હેન્ડશેક' નકારતું ભારત



ભારતની જીત પછી ડ્રેસિંગ રૂમમાં બધા ખેલાડીઓએ તાળીઓ પાડી અને સૂર્યા અને શિવમ સાથે હાથ મિલાવ્યા. જોકે ભારતીય ટીમ જીત બાદ મેદાન પર પાછી ન ફેરી. મેચ પૂરી થયા બાદ ખેલદિલીના ભાગરૂપે, બંને ટીમના ખેલાડીઓ એકબીજા સાથે હાથ મિલાવતા હોય છે, પરંતુ ભારતીય ખેલાડીઓએ તેમ ન કર્યું. પાકિસ્તાની ખેલાડીઓ મેદાન પર તેમની રાહ જોતા રહ્યા, જ્યારે ભારતીય ખેલાડીઓએ ડ્રેસિંગ રૂમમાં જ અંદરોઅંદર હાથ મિલાવીને ડ્રેસિંગ રૂમનો દરવાજો બંધ કરી દીધો. મેચ પછી ગૌતમ ગંભીરે પહલગામ હુમલાનો ઉલ્લેખ કરીને 'ઓપરેશન સિંદૂર' માટે સશસ્ત્ર દળોનો આભાર માન્યો અને જણાવ્યું કે શા માટે અમે મેચમાં પાકિસ્તાની ખેલાડીઓ સાથે આવું વર્તન કર્યું. તેમણે કહ્યું, 'એક ટીમ તરીકે, અમે પહલગામ આતંકી હુમલામાં પીડિત તમામ પરિવારો પ્રત્યે અમારી એકતા બતાવવા માંગતા હતા. અમે સશસ્ત્ર દળોને તેમના સફળ ઓપરેશન માટે આભાર માનવા માંગીએ છીએ.

મેચ પછી યોજાયેલા ઈનામ વિતરણ સમારોહમાં ભારતીય કેપ્ટન સૂર્યકુમાર યાદવે પહલગામમાં થયેલા આતંકી હુમલાનો ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું કે, 'આ જીત દેશ માટે મહાન ભેટ છે. અમે પહેલગામ આતંકી હુમલાના પીડિતોના પરિવારો સાથે ઊભા છીએ, અમે અમારી એકતા વ્યક્ત કરીએ છીએ અને આજની જીત સેનાને સમર્પિત કરવા માંગીએ છીએ.

# એશિયા કપમાં ભારતીય મહિલા હોકી ટીમનો ફાઈનલમાં ચીન સામે પરાજય

**અબતક, નવી દિલ્હી**

મહિલા હોકી એશિયા કપમાં ટીમ ઈન્ડિયા રનર્સ-અપ રહી હતી. રવિવારે, હોમ ટીમ ચીને હાંગઝોઉમાં ભારતને ૪-૧થી હરાવીને ટાઈટલ જીત્યું. આ સાથે, ચીને પણ મહિલા હોકી વર્લ્ડ કપમાં જગ્યા બનાવી લીધી.ફાઈનલમાં ભારત તરફથી એકમાત્ર ગોલ નવનીત કૌરે પહેલી મિનિટમાં પેનલ્ટી કોર્નરે કર્યો હતો. બીજા ક્વાર્ટરમાં ચીન વાપસી કરી, ઓઉ જિક્સિયાએ ગોલ કરીને સ્કોર ૧-૧ થી બરાબર કર્યો. ત્રીજા ક્વાર્ટરમાં લી હોંગ દ્વારા ચીને ૨-૧ ની લીડ મેળવી. છેલ્લા ક્વાર્ટરમાં ચીને વધુ ૨ ગોલ કર્યા અને મેચ ૪-૧ થી જીતી લીધી.

ફાઈનલના પહેલા ક્વાર્ટરમાં ભારતની શરૂઆત શાનદાર રહી હતી. ટીમે પહેલી જ મિનિટમાં પેનલ્ટી કોર્નર બનાવ્યો. પહેલા ૨ કોર્નર ગોલમાં પરિણમ્યા નહીં, પરંતુ નવનીત કૌરે ત્રીજા કોર્નરનો લાભ ઉઠાવીને ગોલ કર્યો. આ ક્વાર્ટરમાં ચીનને પણ ૪ પેનલ્ટી કોર્નર મળ્યા, પરંતુ ટીમ એક પણ ગોલ કરી શકી નહીં.

બીજા ક્વાર્ટરમાં, ચીને આક્રમક રમત રમી અને સતત પેનલ્ટી કોર્નર મેળવ્યા. ટીમ પહેલા ૩ કોર્નર પર ગોલ કરી શકી નહીં, પરંતુ ૨૧મી મિનિટે, ઓઉ જિક્સિયાએ કોર્નર પર ગોલ કરીને સ્કોર ૧-૧ ની બરાબરી કરી. ટીમ ઈન્ડિયા આ ક્વાર્ટરમાં એક પણ પેનલ્ટી કોર્નર મેળવી શકી નહીં.

ત્રીજા ક્વાર્ટરમાં, બંને ટીમ જોરદાર સ્પર્ધા કરતી જોવા મળી. ૪૦મી મિનિટે, ભારતને પેનલ્ટી કોર્નર પણ મળ્યો, પરંતુ ટીમ ગોલ કરી શકી નહીં. બીજી જ મિનિટે, ચીન તરફથી લી હોંગે ફિલ્ડ ગોલ કરીને ઘરઆંગણાની ટીમને ૨-૧થી આગળ કરી દીધી.

સુપર-૪ સ્ટેજ મેચમાં પણ ભારતની મહિલા ટીમ ચીન સામે ૪-૧ના માર્જિનથી હારી ગઈ હતી. એશિયા કપ જીતનારી ટીમ સીધી વર્લ્ડ કપ માટે ક્વોલિફાય થાય છે, તેથી ચીન પણ વર્લ્ડ કપમાં જગ્યા બનાવે છે. જ્યારે ભારતે હવે ક્વોલિફાયર રાઉન્ડ રમવાનો રહેશે.



ચીને હાંગઝોઉમાં ભારતને ૪-૧થી હરાવીને ટાઈટલ જીત્યું, આ સાથે, ચીને પણ મહિલા હોકી વર્લ્ડ કપમાં જગ્યા બનાવી લીધી

# પ્રથમ વુમેન વન-ડેમાં ઓસ્ટ્રેલિયાએ ભારતને ૮ વિકેટથી હરાવ્યું

**અબતક, નવી દિલ્હી**

હરમનપ્રીત કૌર બ્રિગેડ ઓસ્ટ્રેલિયા સામે હારી જતાં ભારતીય મહિલા ક્રિકેટ ટીમને વર્લ્ડ કપ પહેલા મોટો ઝટકો લાગ્યો છે. ત્રણ મેચની વન-ડે શ્રેણીની પહેલી મેચમાં ઓસ્ટ્રેલિયાએ ભારતને ૮ વિકેટથી હરાવીને શાનદાર વિજય મેળવ્યો હતો અને ૧-૦થી લીડ મેળવી હતી. ઓસ્ટ્રેલિયાના ત્રણ બેટ્સમેને અડધી સદી ફટકારી હતી. પ્રથમ બેટિંગ કરતા ભારતે ૫૦ ઓવરમાં સાત વિકેટે ૨૮૧ રન બનાવ્યા અને ઓસ્ટ્રેલિયાએ ૪૪.૧ ઓવરમાં જ બે વિકેટના નુકસાને ટાર્ગેટ ચેઝ કર્યો હતો.પોતાની ૧૫૦મી વનડે મેચ રમનારી હરમનપ્રીત કૌરે ટોસ જીતીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. સ્મૃતિ મંધાના અને પ્રતિકા રાવલે ભારતને શાનદાર શરૂઆત અપાવી હતી. બંનેએ મળીને પ્રથમ વિકેટ માટે ૧૮ ઓવરમાં ૧૦૦ રન જોડ્યા હતા. જોકે, આ પાર્ટનરશિપ ૧૧૪ રનના સ્કોર પર તૂટી હતી. મંધાના ૫૮ રન બનાવીને આઉટ થઈ હતી. પ્રતિકા રાવલ ૬૪ રન બનાવીને આઉટ થતાં ભારત પર દબાણ વધી ગયું હતું. આ દરમિયાન કેપ્ટન હરમનપ્રીત પણ માત્ર ૧૧ રન બનાવીને આઉટ થઈ ગઈ હતી. બીજા છેડે હરલીન દેઓલે અડધી સદી ફટકારી હતી અને બાદમાં તેને પણ વિકેટ ગુમાવી હતી.લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી ઓસ્ટ્રેલિયાને ૪૫ રનના સ્કોર પર પહેલો ઝટકો લાગ્યો હતો. કેપ્ટન એલિસા હીલી ૨૭ રન બનાવીને આઉટ થઈ હતી. ફોબી લિચફિલ્ડે બીજા છેડેથી

(અનું.આઠમાં પાને)



૩ મેચની શ્રેણીમાં કાંગારૂ ટીમ ૧-૦થી આગળ: ૩ બેટ્સમેનની ફિફ્ટી

# યુસુફ પઠાણે અધધધ... ૯૭૮ ચોરસ મીટર જગ્યા ઉપર દબાણ કર્યું!!!

**અબતક રાજકોટ**

પૂર્વ ક્રિકેટર અને વર્તમાન ટીએમસી સાંસદ યુસુફ પઠાણ માટે ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો મુશ્કેલીભર્યો સાબિત થયો છે. વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન (વીએમસી) દ્વારા તેમના ઘર પાસેના ૯૭૮ ચોરસ મીટરના પ્લોટને ખાલી કરવા માટે અપાયેલી નોટિસ સામે તેમણે કરેલી અરજીને હાઈકોર્ટે ફગાવી દીધી છે. કોર્ટે પોતાના આદેશમાં સ્પષ્ટપણે જણાવ્યું છે કે પઠાણે આ સરકારી જમીન પર ''દબાણ'' કર્યું છે, અને હવે વીએમસી કાયદા મુજબ કડક કાર્યવાહી કરી શકશે.આ કેસની શરૂઆત ૨૦૧૨માં થઈ હતી, જ્યારે યુસુફ પઠાણે વીએમસી પાસે આ પ્લોટ પર તબેલો બનાવવા માટે માંગણી કરી હતી. તે સમયે, વીએમસીએ હરાજી વગર જ આ પ્લોટ તેમને વેચવા માટે પ્રતિ ચોરસ મીટર રૂ. ૫૭,૨૭૦ના ભાવે મૂલ્યાંકન કર્યું હતું. જોકે, ૨૦૧૪માં રાજ્ય સરકારે આ પ્રસ્તાવને મંજૂરી આપવાનો ઈનકાર કરી દીધો હતો. તેમ છતાં, પઠાણે આ પ્લોટ પર કબજો જાળવી રાખ્યો અને તેના પર બાઉન્ડ્રી વોલ પણ બનાવી દીધી.

તાજેતરમાં, જૂન ૨૦૨૪માં પશ્ચિમ બંગાળના બહરામપુર બેઠક પરથી સાંસદ બન્યા પછી, વીએમસીના એક કોર્પોરેટરે આ મામલે વાંધો ઉઠાવ્યો, જેના પગલે વીએમસીએ તેમને પ્લોટ ખાલી કરવા માટે નોટિસ આપી. યુસુફ પઠાણે કોર્ટમાં જણાવ્યું કે તેઓ આ જમીનનો બજારભાવ ચૂકવવા તૈયાર છે, પરંતુ વીએમસીએ તેમની આ દલીલનો વિરોધ કરતાં કહ્યું કે એક આંતરરાષ્ટ્રીય સેલિબ્રિટી તરીકે તેમને દેશના કાયદાઓ વિશે વધુ સભાન હોવું જોઈએ.હાઈકોર્ટે આ મામલે કડક વલણ અપનાવ્યું. જસ્ટિસ મૌના ભટ્ટે પોતાના ચુકાદામાં સ્પષ્ટ કહ્યું કે, ''અરજદારને આ પ્લોટ પર કબજો કરવાનો કોઈ અધિકાર નહોતો. કોઈપણ કિંમત ચૂકવ્યા વગર કે ફાળવણીનો આદેશ મળ્યા વગર જમીન પર કબજો કરવો એ દબાણ ગણાય છે.'' કોર્ટે એ પણ નોંધ્યું કે સેલિબ્રિટીઓ સમાજ પર મોટી અસર કરે છે, અને જો તેમને કાયદાનું પાલન ન કરવા છતાં છૂટ આપવામાં આવે તો સમાજમાં ખોટો સંદેશ જાય છે અને ન્યાય પ્રણાલી પરનો લોકોનો વિશ્વાસ ઓછો થાય છે. જોકે, કોર્ટે વીએમસી દ્વારા પઠાણ પર દંડ લાદવાની માંગણીને ફગાવી દીધી હતી, કારણ કે ૨૦૧૪માં સરકારનો પ્રસ્તાવ રદ થયા બાદ પણ કોર્પોરેશને આટલા વર્ષો સુધી કોઈ કાર્યવાહી કરી નહોતી. હવે, કોર્ટના આદેશ પછી, વીએમસી આ પ્લોટને ફરીથી પોતાના કબજામાં લેવા માટે આગળ વધશે.





**પ્લોટને ખાલી કરવા માટે અપાયેલી વીએમસીની નોટિસ સામે પઠાણે કરેલી અરજીને હાઈકોર્ટે ફગાવી દીધી: જમીન ખાલી કરવા આદેશ**

# બેડી ગામ નજીક બે યુવાનો પર છરી, ધારિયા સહિતના હથિયારો વડે હુમલો કરી લૂંટ

## અમારે અલ્ફાઝ સાથે માથાકૂટ ચાલે છે, તું તેની સાથે કેમ ફરે છે કહી મોહસીન શાહમદાર, સદામ કુરેશી સહિતના ચાર શખ્સો તૂટી પડ્યા

## છરી અને ધારિયા વડે આડેધડ ઘા ઝીંકી દઈ પેન્ટના ખિસ્સામાંથી રૂ. ૪૭૦૦ લૂંટી લીધા : માસીયાઈ ભાઈને પાઈપ વડે ફટકાર્યો

**અબતક, રાજકોટ**

રાજકોટની ભાગોળે આવેલ બેડી ગામ પાસે યુવક પર ધારીયા અને છરીથી જીવલેણ હુમલો કરી લૂંટ ચલાવી આરોપી ફરાર થઈ જતાં પોલીસ દોડતી થઈ હતી. બનાવ અંગે કુવાડવા રોડ પોલીસે લૂંટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી આરોપીઓની શોધખોળ આદરી હતી. રાજકોટના દુધસાગર રોડ પર રહેતાં મોહસીન ચૌહાણને મોહસીનશાહ શામમદાર અને તેના સાળા સદામ કુરેશી સહિતના શખ્સોએ અમારે અને અલ્ફાજને માથાકુટ ચાલે છે, તું તેની સાથે રહી અને તેનુ કામ શું કામ કરે છે કહિ હથીયાર સાથે તૂટી પડ્યા હતાં. બનાવ અંગે રાજકોટમાં દુધસાગર રોડ પર લખાજીરાજ શેરી નં.૦૪, ફારૂકી મસ્જીદ પાસે રહેતાં

મોહસીનભાઈ આરીફભાઈ ચૌહાણ (ઉ.વ.૨૫) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે મોસીનશાહ હબીબશાહ શાહમદાર (રહે. દૂધસાગર રોડ લાખાજીરાજ ૩/૪ કોર્નર), સદામ સીદીક કુરેશી (રહે.ભગવતીપરા) અને બે અજાણ્યા શખ્સોના નામ આપતાં કુવાડવા રોડ પોલીસે લૂંટ, મારામારી, ધમકી સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી. વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતુ કે, તે દુધસાગર રોડ ચુનારાવાડ ચોકથી આગળ અમુલ ડેરીમા નોકરી કરે છે. ગઈકાલે તે ઘરે હાજર હતો ત્યારે બપોરના આશરે બે અઢી વાગ્યાની આસપાસ તેના મિત્ર અલ્ફાઝ કુરેશીનો ફોન આવેલ કે, હું આજીડેમ-૨ ઉપર હાજર છુ, મારે ગાડીમા ડીઝલ પુરાવાનુ છે, તુ મારા ઘરે જઈ પૈસા લઈ આજીડેમ-૨ ખાતે મને આપી જા તેમ કહેતા યુવાન અલ્ફાઝના ઘરે જઈ તેનુ એક્સેસ લઈ યુવાન તેના માસીનો દિકરો મોઈન યુસુફી સાથે રૂ. ૪૭૦૦ લઈ અલ્ફાઝને રૂપીયા આપવા નીકળેલ હતાં.

બપોરના આશરે ત્રણેક વાગ્યે ગૌરીદડથી બેડીગામ તરફ જતા રોડ પર હડમતીયા ગામના પાટીયે પસાર થતો હતો. ત્યા થોડે દુર જઈ અલ્ફાઝને ફોન કરી પુછેલ કે, તુ ક્યા ઉભેલ છે તેમ જણાવતા તેણે જણાવેલ કે, હું બેડી ચોકડી તરફ જાવ છુ, જેથી યુવાને એક્સેસ પાછુ વાળીને બેડી ચોકડી તરફ આવતો હતો. ત્યારે મૌસીનશાહ શાહમદાર અને તેનો સાળો સદામ કુરેશી ભારત પાનથી આગળ તેમની રીક્ષા અને બાઈક સાથે અન્ય બે અજાણ્યાં શખ્સો સાથે ઊભાં હતા.

તે ચારેય શખ્સોએ યુવાનને બુમ પાડી કહેવા લાગેલ કે, ઉભો રહે તેમ જણાવતા યુવાને એક્સેસ ઉભું રાખેલ તો તે ગાળો બોલી કહેવા લાગેલ કે, અમારે તથા અલ્ફાજને માથાકુટ ચાલે છે અને તું તેની સાથે કેમ રહે છે અને તેનુ કામ શું કામ કરે છે તેવુ કહિ ઉશ્કેરાય જઈ અને મોહસીનશાહ શાહમદારે તેમના હાથમાં રહેલ ધારીયુ માથાના ભાગે ઝીંકી દિધેલ હતું. તે દરમિયાન સદામ કુરેશીએ તેના પેન્ટના કમરના ભાગેથી છરી કાઢી હાથમાં ઘા ઝીંકી દેતાં માથામાંથી અને હાથમાંથી લોહી નિકળવા લાગતાં તે લોહીલુહાણ થઈ ગયો હતો.

ઉપરાંત તેની સાથેના બે અજાણ્યા શખ્સોએ તેની પાસેની લોખંડની પાઈપ વડે હુમલો કરી દિધો હતો. તેમજ તેમની સાથેના માસીના દિકરા નોઈનખાન નઝીરખાનને પણ માર માર્યો હતો. દરમિયાન ફરીયાદી યુવાન નીચે રોડ ઉપર પડી જતા મોહસીનશાહે ગળું પકડી રાખેલ અને સદામ કુરેશીએ યુવાને પહેરેલ પેન્ટના પાછળના ખિસ્સામાં રાખેલ રોકડ રકમ રૂ.૪૭૦૦ કાઢી લિધેલ હતા. મોહસીનશાહ શાહમદારએ તેના હાથમા રહેલ ધારીયા વડે માથામાં ઈજા કરેલ તેમજ સદામ કુરેશીએ પેટના ભાગે છરી મારવા જતા હાથ આડો કરતા હાથમાં ઈજા પહોંચી હતી. તેમજ બે અજાણ્યા શખ્સોએ તેમના માસીના દિકરા નોઈનખાનને લોખંડની પાઈપથી માર મારતા ઈજા થયેલ હતી. ત્યારબાદ મૌસીનશાહ શાહમદારએ ધમકી આપેલ કે, હવે પછી જો તું અલ્ફાજ ભેગો જોવા મળીશ તો તને જાનથી મારી નાખીશ. દરમિયાન ઘટનાસ્થળે માણસોનુ ટોળું ભેગુ થતાં આરોપીઓ હથીયાર સાથે નાસી છૂટ્યા હતાં. બાદમાં ઈજાગ્રસ્ત યુવાનને સારવારમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ હતો. બનાવ અંગેની ફરીયાદ પરથી કુવાડવા રોડ પોલીસે ગુનો નોંધી આરોપીઓને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતાં.

## હવે અલ્ફાઝ સાથે દેખાયો તો જાનથી મારી નાખીશું કહી ખૂનની ધમકી : કુવાડવા રોડ પોલીસે લૂંટ, હુમલો સહિતની કલમ હેઠળ ગુનો નોંધી આરોપીઓની શોધખોળ આદરી

# રૂ.૨ લાખની લાંચમાં વૃધ્ધ ટ્રસ્ટી અને ભત્રીજાની જામીન અરજી નામંજૂર

## નિવૃત્ત શિક્ષકને મળવાપાત્ર રૂ.૧૨.૨૫ લાખના બિલમાં ગાયત્રી એજ્યુકેશન ટ્રસ્ટના ટ્રસ્ટીએ સહી માટે રકમ માંગી હતી

**અબતક, રાજકોટ**

શહેરની ગાયત્રી એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ગ્રાન્ટેડ સ્કૂલના નિવૃત્ત શિક્ષકને મળવાપાત્ર રકમમાંથી ₹૨ લાખની લાંચ લેતા ઝડપાયેલા ટ્રસ્ટી અને તેના ભત્રીજાની ચાર્જસીટ બાદની જામીન અરજી ખાસ અદાલતે ફગાવી દીધી છે. વધુ વિગત મુજબ શહેરની ગાયત્રી એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટમાં શિક્ષક તરીકે ફરજ બજાવતા ભગવાનજીભાઈ કમાણી નોકરીમાંથી સેવા નિવૃત્ત બાદ સરકારમાંથી પેન્શન મોંઘવારી ભથ્થાના રૂપિયા૧૨.૨૫ લાખ મળવાપાત્ર હતા નિયમ મુજબ રકમના બિલમાં ગાયત્રી એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી ગુણવંતરાય ખીરા ની સહી થયા બાદ સરકારી ફંડમાંથી રકમ મળી શકતી હતી.ગુણવંતરાય આ બિલમાં સહી કરવા માટે રૂપિયા ત્રણ લાખની લાંચની માંગણી કરી હતી તે અર્થે તેઓએ પોતાના ભત્રીજા ધર્મેન્દ્ર ખીરા સંપર્ક કરવા જણાવેલ હતું બાદ નિવૃત્ત શિક્ષક ભગવાનજીભાઈ કમાણીએ ધર્મેન્દ્ર ખીરા સંપર્ક કરી રકમ ઓછી કરવા જણાવતા અંતે લાંચ ની રકમ રૂપિયા બે લાખ નક્કી થયેલી બાદ નિવૃત્ત શિક્ષક ભગવાનજીભાઈ કમાણીએ ધર્મેન્દ્ર ખીરાને બે લાખ રૂપિયા આપેલ તેમના ઘરે મળી આવતા અને બંનેની ધરપકડ કરવામાં આવી હતી. તપાસ પૂર્ણ થતા કાકા ભત્રીજાને કરવામાં આવ્યા હતા. હાલ છેલ વાલે રહેલા બંને શક્ષુએ જામીન પર છૂટવા અદાલતમાં અરજી કરી હતી.સરકાર તરફે જિલ્લા સરકારી વકિલ એસ. કે. વોરાએ રજુઆત કરતા જણાવેલ હતુ કે, કોઈ વ્યકિત કે સંસ્થા સરકાર પાસેથી ગ્રાંટ મેળવતી હોય ત્યારે આવી વ્યકિત કે સંસ્થાનુ



જિલ્લા સરકારી વકિલ સંજયભાઈ વોરા

સંચાલન કરનાર કર્મચારીને જાહેર નોકર તરીકે ગણવાના રહે છે. આ મુજબ બંને ખીરા આરોપીઓ સરકારી નોકર કહેવાય. આરોપીના જણાવ્યા પ્રમાણે ફરીયાદી સાથે પારીવારીક સબંધો હતા. ફરીયાદી સાથે જો પારીવારીક સંબધો હોય તો આરોપી ખીરા બંધુઓને ખોટી રીતે ફસાવવા માટે શું કારણ હતું બંને શખ્સ પોતાનો બચાવ ઉભો કરવા માટે ફરીયાદી ઉપર ખોટો આક્ષેપ કરેલ છે. આરોપીઓને ખોટી રીતે ફસાવી દીધેલ હોવાનો આક્ષેપ નાસાબિત થાય છે. વધુમાં રૂા.૩-લાખ ની રકમની લાંચની માંગણી પોતે જ સાબિત કરે છે કે આરોપી ગુણવંત ખીરા દશકાઓથી લાંચના વ્યવહારો કરે છે. આ કારણોસર બંને ખીરા આરોપીઓને જામીન મુકત કરવા ન્યાયોચિત નથી. સરકાર તરફેની આ રજુઆતોના અંતે ખાસ અદાલતના જજ વી.એ. રાણા ગુણવંત ખીરા અને ધર્મેન્દ્ર ખીરાની ચાર્જશીટ બાદની જામીન અરજીઓ રદ કરેલ છે.આ કેસમાં સરકાર તરફે જિલ્લા સરકારી વકિલ સંજયભાઈ કે. વોરા રોકાયેલ છે.

# અમદાવાદમાંથી એક્ટિવાની ચોરી કરનાર ચિરાગ ગોહિલ ઝડપાયો

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરમાં વધતા જતા વાહન ચોરીના ગુનાઓ અટકાવવા અને ઉકેલ ગુનાઓનો ભેદ ઉકેલવા પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા એ આપેલી સૂચનાને પગલે ક્રાઈમ બ્રાન્ચ ના પી.આઈ એમઆર ગોંડલીયા સહિતના સ્ટાફ દ્વારા પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું ત્યારે શહેરના કોઠારીયા રોડ નજીક આવેલ સહકાર સોસાયટી શેરી નંબર ૪ માં રહેતો ચિરાગ જીતેન્દ્ર ગોહિલ નામના શકશે જોરાવ બાઈક સાથે શંકાસ્પદ હાલતમાં જામનગર રોડ પર ગુના ખોરી આચરવા ના મુદ્દે રખડતો હોવાની હેડ કોન્સ્ટેબલ પ્રદિપસિંહ જાડેજા જયરાજભાઈ કોટીલા ને મળેલી બાતમીના આધારે પીએસઆઈ વીડી ડોડીયા સહિતના સ્ટાફે ભૂતનાથ મહાદેવ મંદિર પાસે વોચ ગોઠવી હતી ત્યારે ચિરાગ ગોહેલ ફભશિંદફ સાથે નીકળતા તેને અટકાવી વાહનના કાગડો માંગતા અને



વાહનના નંબર પોકેટ એપમાં સર્ચ કરતા આ ભાઈ છોડાવવાનું ભૂલતા પોલીસે આકરી સરભરા કરતા ચિરાગ ગોહિલે અમદાવાદ શહેરના નારોલ પોલીસ સ્ટેશન મથક વિસ્તારમાંથી વર્ષ ૨૦૨૩ માં ચોરી કર્યાની કબુલાત આપતા તેની ધરપકડ કરી હોન્ડા એકટીવા કબજે કરી ધોરણસર ની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# કરોડોના ટેક્સ કોભાંડમાં અશોક ડોડિયાનો નિર્દોષ છુટકારો

## લોખંડ અને સ્ક્રેપના બોગસ પેઢીના બિલ બનાવી કરોડોની વેટ ચોરી કરી હતી

**અબતક, રાજકોટ**

રાજકોટમાં લોખંડ અને સ્ક્રેપના બોગસ પેઢીના બિલ બનાવી કરોડોની વેટ ટેક્સ ચોરી અંગેના ૧૧ વર્ષ પહેલાના કેસમાં અદાલતે આરોપીને નિર્દોષ છોડી મૂકવા હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ, ૨૦૧૪ની સાલમાં રાજકોટ મુકામે અશોક મનહર ડોડીયા અને રાજેશ પ્રતાપભાઈ પરમારે ગુજરાત વેટ ટેક્ષ મુજબ રજિસ્ટર્ડ સર્ટિફિકેટ મેળવીને મશીનરી તથા લોખંડ સ્ક્રેપ લે-વેચ કરી બોગસ પેઢીના નામે બિલો બનાવી વેટ વેરો નહી ભરીને સરકારને નુકશાન કરવાના ઈરાદાથી ગુનો કર્યા અંગે વેચાણ વેરા ડિપાર્ટમેન્ટ રાજકોટના અધીકારી દ્વારા ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં લેખીત ફરીયાદ આપી હતી. તેથી પોલીસ સ્ટેશન દ્વારા ૨૦૧૪માં આરોપીઓ વિરૂધ્ધ ગુનો દાખલ કરીને આરોપીઓની ધરપકડ કરવામાં આવેલ, અને પોલીસે આ કેસમાં તપાસ પુરી કરીને કોર્ટ સમક્ષ ચાર્જશીટ રજુ કરવામાં આવેલ, દરમિયાન અદાલતમાં કેસ ચાલતા દરમિયાન આરોપી રાજેશ પ્રતાપભાઈ પરમારનું ચાલુ ટ્રાયલ દરમ્યાન અવસાન થયું હતું.

ત્યારબાદ આ કેસ ૧૨મા એડિશનલ ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટમાં ચાલવા ઉપર આવતા અદાલતમાં પંચો અને સાહેદોની જુબાનીઓ લેવામાં આવેલ હતી તેમજ તમામ દસ્તાવેજી પુરાવા રિફર કરવામાં આવેલ, આ ઉપરથી અદાલતે આ કેસનું અવલોકન કરી એડવોકેટ ચેતનભાઈ આસોદરિયાની દલીલો અને ઉચ્ચ અદાલતોના રજુ કરેલા ચુકાદાઓ ધ્યાને લઈ ફરીયાદ પક્ષ પુરાવાના અભાવે ફરીયાદ સાબિત કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ હોવાનું માની જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટ દ્વારા આ કેસમાં અશોક મનહર ડોડીયાને નિર્દોષ છુટકારો ફરમાવવાનો હુકમ કર્યો હતો. આ કેસમાં આરોપીઓ વતી એડવોકેટ ચેતન એન. આસોદરીયા, જેમીશ કાકડીયા, નિલેષ ઠાકર, ધાર્મિક પંડયા તથા પેક્ષા ચાવડા રોકાયા હતા.

# દંપતી ઉપર હુમલો કરવાના કેસમાં છ આરોપીના જામીન મંજૂર

## આકડીયા ગામે તળાવની પાળે બેસવાની ના પાડ્યાનો ખાર રાખી કુહાડી, પાઈપ અને લાકડી વડે માર માર્યો હતો

**અબતક, રાજકોટ**

વિછીયાના આકડીયા ગામે તળાવની પાળે બેસવાની ના પાડ્યાનો ખાર રાખી દંપતી ઉપર કુહાડી, પાઈપ અને લાકડી વડે હુમલો કરવાના કેસમાં છ આરોપીને જામીન મુક્ત કરવા કોર્ટે હુકમ કર્યો છે. આ કેસની હકીકત મુજબ વિછીયા તાલુકાના આંકડિયા ગામે રહેતા ફરિયાદી વીરસંગભાઈ ટભાભાઈ સોલંકી અને તેમના પત્ની સાંજના સાડા છએક વાગ્યાના અરસામાં વાડીએથી તેમના ગામના તળાવની નીચે ઓગનમાં ભેસોને પાણી પાતા હતા તે વખતે નનકાભાઈ કાથડભાઈ ધાધલ તથા પ્રદીપભાઈ નનકાભાઈ ધાધલ તથા જયરાજભાઈ વલકુભાઈ ધાંધલ, રવિરાજભાઈ બાબભાઈ ધાંધલ બોલેરો કારમાં અને મંગળુભાઈ આપાભાઈ કરપડા તથા રાવતભાઈ આપાભાઈ કરપડા બાઈક લઈને ધસી આવ્યા હતા. અને અગાઉ તળાવની પાળે બેસવાની ના પાડ્યાનો ખાર રાખી દંપતી ઉપર કુહાડી, પાઈપ અને લાકડી વડે હુમલો કરી માર માર્યો હતો. હુમલામાં છોડાવવા વચ્ચે પડેલા વીરસંગભાઈ સોલંકીના ભાઈ કરસનભાઈ અને ભાભી શોભાબેનને પણ માર માર્યો હતો. હુમલાખોર શખ્સો વિરૂદ્ધ વિછીયા પોલીસ સ્ટેશનમા ફરિયાદી નોંધવામાં આવી હતી. પોલીસે હુમલાખોર શળહસોની ધરપકડ કરી જેલ હવાલે કર્યા હતા. જેલ હવાલે રહેલા છ આરોપીએ પોતાના એડવોકેટ મારફત જામીન મુક્ત થવા રાજકોટ સેસન્સ કોર્ટમા અરજી દાખલ કરી હતી. જે જામીન અરજી ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજુઆત બાદ આરોપીના બચાવ પક્ષે રોકાયેલા વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલોને ધ્યાને લઈ સેસન્સ કોર્ટ દ્વારા તમામ આરોપીને જામીન મુક્ત્ત કરવા હુકમ ફરમાવ્યો હતો. આ કેસમાં આરોપીઓ વતી રાજકોટના યુવા એડવોકેટના સાહિસ્તાબેન એસ. ખોખર, રણજીતભાઈ એમ. પટગીર, મીતેશ એચ. ચાનપુરા અને પ્રહલાદસીંહ બી. ઝાલા રોકાયા હતા.

# ઓનલાઈન છેતરપિંડીના ગુનામાં ધોરાજીના શખ્સના જામીન રદ

## સાઈડ ઈન્કમ કરવા અને ટાસ્ક પ્રમાણે તમને પૈસા મળશે તેમ કહી રૂપિયા ૫૦ લાખની ઠગાઈ કરી

**અબતક, રાજકોટ**

સાઈડ ઈન્કમ કરવા અને ટાસ્ક પ્રમાણે તમને પૈસા મળશે તેમ કહી રૂપિયા ૫૦ લાખ ઓનલાઈન છેતરપિંડી કરવાના ગુનામાં જેલ હવાલે રહેલા ધોરાજીના શખ્સની ચાર્જશીટ પછીની જામીન અરજી રદ કરતો અદાલતે હુકમ કર્યો છે.

વધુ વિગત મુજબ શહેરના મોરબી રોડ રેલવે ફાટક પાસે રાજલક્ષ્મી એવન્યુ માં રહેતા જયમીન ચમનભાઈ પરસાણાએ સાઈબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવેલ કે તેના વફતિંફા એકાઉન્ટમાં ગત તારીખ ૯-૧૦-૨૦૨૪ ના રોજ કોઈ અજાણ્યા મોબાઈલ નંબરમાંથી વફતિંફા મેસેજ આવેલ અને સામાવાળા વ્યક્તિ કહેલ કે હું લજ્ઞજ્ઞલહય માંથી વાત કરું છું અને તમે સાઈડ ઈન્કમ કરવા માંગતા હોય તો તમને ટેલિગ્રામની લીંક મોકલું છું જેમાં ટાસ્ક પ્રમાણે તમને પૈસા મળશે આથી જયમીન પરસાણાને રસ પડતા તેઓએ તે ટેલિગ્રામ લિંક ઓપન કરી જેમાં એક રીવ્યુ આપવા બાબતનો ટાસ્ક આપેલ જે પૂરો કરતા અમુક રકમ મળેલ ત્યારબાદ જયમીન પરસાણા તેમાં આગળ વધતા ગયા અને ધીરે ધીરે કરીને જયમીન પરસાણા રૂપિયા ૫૦ લાખ જેવી રકમ રોકેલ બાદમાં જયમીન પરસાણાને કોઈ વળતર ન મળતા જયમીન પરસાણાને જાણ થયેલ કે તેમની સાથે સાયબર ફ્રોડ થયેલ છે તેથી ફરિયાદીએ સાઈબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનામાં આરોપીઓની ધરપકડ કરેલ જે પૈકી જેલમાં રહેલ ધોરાજીનો સાબીર હસનભાઈ ખલીફાએ જામીન ઉપર છૂટવા માટે જામીન અરજી કરી હતી. બંને પક્ષોની રજૂઆત બાદ સરકારી વકીલ હાજર રહેલ અને જામીન અરજીનો વિરોધ કરતા રજૂઆત કરેલ કે આરોપી સામે પ્રાઈમર ફેસી કેસ છે આરોપીએ વચ્ચેના વ્યક્તિ તરીકે રહી ગુનાહિત પ્રવૃત્તિ કરેલ છે

આરોપીએ ઘણા બધા લોકોના બેન્ક એકાઉન્ટ મેળવી તેમાં ફ્રોડની રકમ જમા લેવડાવી ગુનામાં ભૂમિકા ભજવેલ છે. આવા ગુનાઓ ઉપર લગામ રાખવી ખૂબ જ જરૂરી છે જો આરોપીને જામીન આપવામાં આવશે તો તેને કાયદાનો કોઈ ડર રહેશે નહીં અને ફરી આવા ગુનાઓ આચરશે તેથી આરોપીની જામીન અરજી રદ કરવા રજૂઆત કરેલી તે ધ્યાને લઈ સેશન્સ જજ ટી. એસ બ્રહ્મભટ્ટ આરોપીની ચાર્જશીટ પછીની જામીન અરજી રદ કરી છે કામમાં સરકાર તરફે સરકારી વકીલ મુકેશભાઈ પીપળીયા રોકાયેલ હતા

# અકસ્માતના 30 કેસમાં રૂ.૩ કરોડનું વળતર મંજુર

## મેગા લોક અદાલતમાં સુરૈયા એસોસિએસેટ્સ દ્વારા માત્ર ચાર માસમાં નોંધાયેલા કેસમાં જંગી વળતર ચૂકવાશે

**અબતક, રાજકોટ**

રાજકોટ કોર્ટમાં યોજાયેલી મેગા લોક અદાલતમાં સુરૈયા એસોસિએસેટ્સ દ્વારા માત્ર ચાર માસમાં બનેલા અકસ્માતના કુલ 30 કેસમાં રૂ.૩ કરોડનું વળતર મંજુર કરવામાં આવ્યું છે.રાજકોટ શહેર જિલ્લાની તમામ કોર્ટમાં ગત શનિવારના રોજ મેગા લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું હતું. જે લોક અદાલતમાં સમાધાન થકી અનેક કેસોનું નિરાકરણ કરવામાં સાવ્યું હતું. જેમાં રાજકોટમાં છેલ્લા ૫૦ વર્ષથી વાહન અકસ્માત કેસના નિષ્ણાત સુરૈયા એસોસિએટસ દ્વારા છેલ્લા ચાર માસમાં નોંધાયેલા અકસ્માત વળતરના જુદા જુદા 30 કેસ ટ્રિબ્યુનલ કોર્ટમાં દાખલ કરવામાં આવ્યા હતા. જે તમામ કેસ લોક અદાલતમાં મુકવામાં આવ્યા હતા.જે કેસોનું સમાધાન રાહે નિરાકરણ કરી અકસ્માત વળતર જુદા જુદા 30 કેસમાં મૃતકના વારસદારો અને ઈજાગ્રસ્તોને માત્ર ચાર માસના ટૂંકાગાળામાં રૂ.૩ કરોડનું વળતર મંજુર કરાવવામાં આવ્યું છે. જે રકમ વીમા કંપની દ્વારા અરજદારોને ચુકવવામાં આવશે.ઉપરોક્ત તમામ વળતરના ક્લેઈમ કેસમાં અરજદારો વતી રાજકોટના સિનિયર વકીલ એમ.એ.સુરૈયા, યુવા વકીલ મહેશભાઈ એમ.સિંધવ, તેમની સાથે કાર્યરત સાકેતભાઈ મોરડીયા, વકીલ સરફરાઝ એમ.સુરૈયા, ધર્મેશભાઈ ખીમસુરીયા, તુષારભાઈ મકવાણા અને પિયુષભાઈ પાલ રોકાયા હતા.

# મયુરનગરમાં કારમાંથી ૫૫૦ લીટર દારૂ સાથે લાલજી ગોવાણી ઝડપાયો:બે ફરાર

## ત્રંબા નજીકથી કારમાંથી ૪૦૦ લીટર દારૂ સાથે પંકજ મલીની ધરપકડ: એકની શોધખોળ

**અબતક, રાજકોટ**

શહેર ક્રાઈમ બ્રાન્ચ દ્વારા બે સ્થળોએ દેશી દારૂના દરોડા પાડવામાં આવ્યા હતા.જેમા શહેરના ભાવનગર રોડ પર આવેલા



મયુર નગર વિસ્તારમાંથી કારમાંથી ૫૫૦ દેશી દારૂના જથ્થા સાથે ભીખુ ઉનેવાળ ની ધરપકડ કરી જ્યારે આર કે યુનિવર્સિટી નજીક તૂશરકિારમાંથી ૪૦૦ લીટર દેશી દારૂ ના જથ્થા સાથે એક શખ્સની ધરપકડ કરી છે. પોલીસે બે કાર દારૂ ૭.૯૦ લાખનો મુદ્દામાલ કબજે કરી નાસી છુટેલા ચોટીલા તાલુકાના બે શખ્સની શોધખોળ હાથ ધરવામાં આવી છે. વધુ વિગત મુજબ શહેરમાં ગૃહ ઉદ્યોગની જેમ ધમધમતા અને અન્ય જિલ્લામાંથી મોટા પાયે શહેરમાં દેશી દારૂ ઘુસાડવામાં આવી રહ્યા હોવાની મળેલી માહિતીના આધારે પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા એ દેશી દારૂના દૂષણને ડામી દેવા આપેલી સુચના ને પગલે ક્રાઈમ બ્રાન્ચ ના પીઆઈ એમ આર ગોંડલીયાના માર્ગદર્શન હેઠળ પીઆઈ વી ડી ડોડીયા સહિતના સ્ટાફે પેટ્રોલિંગ હાથ ધર્યું હતું ત્યારે શહેરમાં રહેતો નામનો સક્ષ જીજે ૩ ઈ આર ૧૯૮ નંબરની ફ્રુહજ્ઞ કારમાં વિદેશી દારૂનો જથ્થો ભરીને આવી રહ્યા હોવાની હેડ કોન્સ્ટેબલ દિલીપભાઈ બોરીચા જયરાજભાઈ ચોટીલા ને મળેલી બાતમીના આધારે સાથે ભાવનગર રોડ મયુર નગર વિસ્તારમાં વોચ ગોઠવી હતી ત્યારે ઉપરોક્ત નંબરની પૂડપાટ ઝડપે આવતી કારને અટકાવી તલાસી લેતા જેમાંથી રૂપિયા ૧.૧૦ લાખની કિંમતનો ૫૫૦ લીટર દેશી દારૂ સાથે માલ્યાસણ ગામનો લાલજી પાછા ગોવાણી ની ધરપકડ કરી ₹૩.૧૦ લાખનો મુદ્દામાલ કબજે કરી ઝડપાયેલ લાલજી ગોવાણીની પ્રાથમિક પૂછપરછ માં આ દારૂનો જથ્થો ભીખુ નારણ ઉનેવાળ શકશે દારૂ મંગાવ્યો હોવાની અને આ દારૂનો જથ્થો ચોટીલા તાલુકાના સાલ ખડા ગામનો જયંતી ગણદીયાએ મોકલ્યાનું ફૂલતા બંનેની શોધખોળ હાથ ધરી છે. જ્યારે મહુડી પ્લોટ ઉદયનગરમાં રહેતો પંકજ મોહન મળી નામનો લષ ૩ ામ ૧૮ ૯૨ નંબરની તૂશરિમુંશયિ કારમાં વિદેશી દારૂનો જથ્થો ભરીને રાજકોટ આવી રહ્યો હોવાની હેડ કોન્સ્ટેબલ દિપકભાઈ ચૌહાણ રાજેશભાઈ ચડવું અને કોન્સ્ટેબલ વિશાલભાઈ દવેને મળેલી બાતમીના આધારે તાફે આર કે યુનિવર્સિટી નજીક વોચ ગોઠવી હતી ત્યારે ઉપરોક્ત નંબરની કાર ફૂડપાત ઝડપે આવતા તેને અટકાવી તલાસી લેતા જેમાંથી ૮૦,૦૦૦ ની કિંમતની ૪૦૦ લીટર દેશી દારૂ સાથે પંકજ માલીની ધરપકડ કરી દારૂ વાહન મળી રૂપિયા ૪.૮૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે ઝડપાયેલ શખ્સની પ્રાથમિક પૂછપરછ માં આ દારૂનો જથ્થો ચોટીલા તાલુકાના સાલકડા ગામના રામકુભાઈ કાઠીએ મોકલી આપ્યા ને જણાવતા તેની શોધખોળ હાથ વધારવામાં આવ્યું છે

# સેલ્ફીની લ્હાયમાં વિદ્યાર્થીએ જીવ ગુમાવ્યો: ન્યારી ડેમમાં ડૂબી જવાથી યુવાનનું મોત


**અબતક, રાજકોટ**

સેલ્ફીના ચક્કરમાં અનેક લોકોએ જીંદગી જોખમમાં મુકી જીવ ગુમાવ્યા હોવાની ઘટનાઓ અવાર નવાર પ્રકાશમાં આવે છે ત્યારે વધુ એક બનાવમાં અને ધો.૧૨માં અભ્યાસ કરતાં ૧૯ વર્ષનો યુવાન ત્રણ મિત્રો સાથે ન્યારી ડેમમાં ન્હાવા ગયો હતો જ્યાં સેલ્ફી લેતી સમયે વિદ્યાર્થી ડૂબ્યો હતો. મિત્રને બચાવવા પડેલો અન્ય યુવક પણ તેને બચાવી પણ ડૂબવા લાગ્યો હતો જ્યારે ઉંડા પાણીમાં ગરકાવ થઈ ગયેલા વિદ્યાર્થીનું મોત નિપજ્યુ હતું પરિવારમાં શોકમાં ગરકાવ થઈ ગયો હતો. મૃત્યુ નિપજ્યું હતું.

આ બનાવ અંગે પોલીસમાંથી મળતી વિગત મુજબ જાણવા રાજકોટમાં ૧૫૦ ફુટ રીંગ રોડ ગોરર્ધન ચુખસાગર સં સોસાયટીમાં રહેતાં યુવાન ગઈકાલે પોતાના ત્રણ મિત્રો સાથે ન્યારી ડેમે ન્હાવા માટે ગયો હતો. જ્યાં કણકોટ ગામ રામનગર વાળા રસ્તે ન્યારી ડેમમાં હર્ષ દૂબે સેલ્ફી લેતો હતો તે દરમિયાન અકસ્માતે ઉંડા પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. હર્ષ દૂબેને બચાવવા તેનો મિત્ર ગૌતમ પાણીમાં પડયો હતો. તે પણ ડૂબવા લાગતાં મિત્ર અમને ગૌતમને બચાવી લીધો હતો. જ્યારે હર્ષ દૂબેનું ડૂબી જવાથી મોત નિપજ્યું હતું. ઘટના અંગે જાણ થતાં ફાયર બ્રિગેડનો સ્ટાફ પણ તાલુકા પોલીસ મથકની ટીમ તાત્કાલીક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. ફાયરબ્રિગેડની ટીમે મૃતક યુવકના મૃતદેહને બહાર કાઢી પોસ્ટ મોર્ટમ અર્થે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડયો હતો. પ્રાથમિક તપાસમાં મૃતક હર્ષ દુબે મુળ ઉત્તરપ્રદેશનો વતની હતો અને ત્રણ ભાઈ બે બહેનમાં નાનો હતો. હર્ષ દૂબેનો ભાઈ રાજકોટમાં ટ્રાન્સપોર્ટનું કામ કરે છે. હર્ષ દૂબે ઘરે બેઠા ધો. ૧૨માં અભ્યાસ કરી પરીક્ષાની તૈયારી કરતો હતો અને તેના ભાઈને ટ્રાન્સપોર્ટમાં મદદ કરતો હતો. ગઈકાલે હર્ષ દૂબે મિત્રો સાથે ન્યારી ડેમમાં ન્હાવા ગયો હતો ત્યારે સેલ્ફીના ચક્કરમાં ઉંડા પાણીમાં ગરકાવ થઈ જતા મોત નિપજ્યું હોવાનું જાણવા મળ્યું છે આ બનાવ અંગે તાલુકા પોલીસ નોંધ કરી વધુ તપાસ હાથ ધરી.

# અમદાવાદ દેશની ખેલકુદ રાજધાની, કોમનવેલ્થ ગેમ્સને મંજૂરી મળે તેવી આશા: અમિત શાહ

## કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિતભાઈ શાહે વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ રાષ્ટ્રને અર્પણ કર્યું: રૂ.૮૨૫ કરોડના ખર્ચે નિર્માણ પામેલા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં રાષ્ટ્રીય અને આંતરાષ્ટ્રીય સ્તરની સ્પર્ધાઓના આયોજન માટે સંપૂર્ણ સુવિધાઓ ઉપલબ્ધ



**અબતક, રાજકોટ**

ઓલિમ્પિક ૨૦૩૬ના સ્વપ્નને સાકાર કરવાની દિશામાં ગુજરાતમાં આંતરરાષ્ટ્રીય સ્તરનું સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રકચર નિર્માણ પામી રહ્યું છે ત્યારે કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિતભાઈ શાહે અમદાવાદના નારણપુરામાં રૂ.૮૨૫ કરોડના ખર્ચે નિર્માણ પામેલું વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ રાષ્ટ્રને અર્પણ કર્યું હતું.

દેશના ખેલાડીઓને વિશ્વ કક્ષાનું સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ અર્પણ કરતા કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે ખેલકૂદ સ્પોર્ટ્સ ભારતનો આત્મા છે. રમતગમતની શરૂઆત ભારતમાં થઈ હતી અને ભારત દુનિયાનો સૌથી યુવા દેશ છે ત્યારે ખેલકૂદ ક્ષેત્રમાં અવ્વલ સ્થાને રહેવું એ આપણું લક્ષ્ય હોવું જોઈએ.

કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે, વીર સાવરકર સ્પોર્ટ્સ સંકુલ આધુનિક વિશાળ અને પરિપૂર્ણ છે. લોકાર્પણ પહેલાં જ બે મોટી સ્પર્ધાઓ અહીં યોજાઈ ચૂકી છે. અહીં રમવા આવેલા દેશ વિદેશના ખેલાડીઓ, તેમના ખેલકૂદ મંડળોના અધ્યક્ષોએ પ્રતિભાવ આપ્યો છે કે, વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સની સુવિધાઓ વર્લ્ડ ક્લાસ છે, આધુનિક છે.

અમદાવાદના નારણપુરા સ્થિત સ્પોર્ટ કોમ્પ્લેક્સને સ્વાતંત્ર સેનાની વીર સાવરકરનું નામ આપવા સંદર્ભે જણાવ્યું કે, મહાન સ્વાતંત્ર વીર સાવરકર ખૂબ જ માહેર તરવૈયા હતા. અંગ્રેજોની ચુન્ગાલમાંથી છૂટવા તેઓ આગબોટમાંથી બેડીઓ સાથે કૂદીને, દરિયો

(અનુ. આઠમા પાને)

### વિકસીત ભારત સમૃધ્ધ ભારતનું નિર્માણ થઈ રહ્યું છે: ડો.મનસુખ માંડવિયા



કેન્દ્રીય રમતગમત મંત્રી મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આજે નવું ભારત એટલે કે ‘વિકસિત ભારત, સમૃદ્ધ ભારત’નું નિર્માણ થઈ રહ્યું છે. ભારત આજે ખેલકૂદ ક્ષેત્રે ઉત્તરોત્તર પ્રગતિ કરી રહ્યું છે. વડાપ્રધાનના સ્વપ્ન ‘વિકસિત ભારત’ની સંકલ્પનામાં રમતગમત ક્ષેત્રે થયેલ વિકાસકાર્યો મહત્વના બની રહેશે. તેમણે જણાવ્યું હતું કે, નવનિર્મિત સ્પોર્ટ્સ પોલિસીના માધ્યમથી મજબૂત સ્પોર્ટ્સ ઈકોસિસ્ટમનું નિર્માણ કરાયું છે જે સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપ કરવામાં મહત્વનું બની રહ્યું છે. માંડવિયાએ જણાવ્યું હતું કે વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ આગામી દિવસોમાં ખેલાડીઓના સપના અને મેડલનું સાક્ષી બનવાનું છે.

# કુતિયાણા નજીક અકસ્માતમાં દંપતી સહિત ત્રણના મોત: બાળકીનો બચાવ



## રાજકોટથી તલાટીની પરીક્ષા આપી પરત ફરતા પોરબંદરના પરિવારને કાળનો ભેંટો: ચાલકે સ્ટેરીંગ પરથી કાબુ ગુમાવતા કાર પુલ સાથે ધડાકાભેર અથડાઈ : મેર પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું

**મૃતકોની ઓળખ**

માલદેભાઈ ભાયાભાઈ ભૂતિયા – ઉંમર ૪૦ વર્ષ
મનીષાબેન માલદેભાઈ ભૂતિયા – ઉંમર ૩૮ વર્ષ
જયમલભાઈ ઓડેદરા – ઉંમર ૪૦ વર્ષ

**અબતક, અશોક થાનકી, પોરબંદર**

રાજકોટ-પોરબંદર હાઈવે પર રવિવારે રાત્રે એક ગમખ્વાર અકસ્માતમાં એક જ પરિવારના ત્રણ લોકોનાં કરુણ મોત નિપજ્યાં છે. જયારે પાંચ વર્ષની બાળકીને ગંભીર ઈજા પહોંચી છે. આ અકસ્માત કુતિયાણા નજીક, રાજશક્તિ હોટલ સામે થયો હતો. પોરબંદરનો પરિવાર રાજકોટથી તલાટીની પરીક્ષા આપીને પરત ફરી રહ્યો હતો ત્યારે રસ્તામાં કાળનો ભેંટો થઈ ગયો હતો.

આ દુર્ઘટના રવિવારની રાત્રે બની હતી. પોરબંદરના છાયા વિસ્તારના રહેવાસી અને શિક્ષક તરીકે ફરજ બજાવતા માલદેભાઈ ભાયાભાઈ ભૂતિયા, તેમનાં પત્ની મનીષાબેન ભૂતિયા અને તેમના સાળા જયમલભાઈ ઓડેદરા રાજકોટથી પોતાની કારમાં પરત ફરી રહ્યા હતા. કુતિયાણા નજીક રાજશક્તિ હોટલ પાસે, તેમની કાર અચાનક એક પુલ સાથે ધડાકાભેર અથડાઈ હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે કારનો કચ્ચરઘાણ વળી ગયો હતો.

આ ભયાનક અકસ્માતમાં માલદેભાઈ, તેમનાં પત્ની મનીષાબેન અને સાળા જયમલભાઈનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. કારમાં સવાર પાંચ વર્ષની બાળકી નૈતિકા માલદેભાઈ ભૂતિયાનો આબાદ બચાવ થયો છે, પરંતુ તેને ગંભીર ઈજાઓ થઈ હોવાથી તાત્કાલિક સારવાર માટે પોરબંદરની સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવી છે.

ઘટનાની જાણ થતાં જ સ્થાનિક લોકો અને કુતિયાણા પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

પોલીસ દ્વારા મૃતદેહોને પોરબંદરની સરકારી હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા હતા. આ સમાચાર મળતા જ મૃતકના પરિવારજનો પણ હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા અને તેમના આક્રંદથી વાતાવરણ ગમગીન બની ગયું હતું.

માલદેભાઈ શિક્ષક હોવાનું જાણવા મળ્યું છે. અકસ્માતને કારણે પરિવારનો માળો વિખેરાઈ જતાં સમગ્ર પોરબંદર પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

# ગુજરાત બન્યુ ક્રાઈમ કેપિટલ: ચાર મહાનગરોમાં ગુનાખોરીનો આંક આસમાને

## બળાત્કાર, છેડતી, ચોરી, મારામારી, લુંટ, છેતરપિંડી અને જુગારના આંકડાઓ ચિંતાજનક

**અબતક, રાજકોટ**

દેશ માટે વિકાસ મોડેલ બનેલું ગુજરાત ક્રાઈમ કેપિટલ બની રહ્યું છે. રાજયના મુખ્ય ચાર મહાનગરોમાં ગુનાખોરીના આંકડા ચિંતાજનક હદે આંબ્યા છે. મુખ્યમંત્રી અને ગૃહમંત્રીના વતન પણ સલામત નથી.

રાજયમાં ગુનેગારોને પોલીસનો કોઈ ડર નથી અને વહીવટ કાયદો અને વ્યવસ્થા જાળવવામાં નિષ્ફળ ભાજપ સરકાર પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડો.મનીષ દોશીએ જણાવ્યું હતું કે ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અત્યંત ગંભીર છે. માત્ર ૪૮ કલાકમાં શહેરમાં બનેલી બે જઘન્ય હત્યાઓએ રાજ્યની સુરક્ષા વ્યવસ્થા પર ગંભીર પ્રશ્નચિહ્ન છે. તા.૧૨ સપ્ટેમ્બરના રોજ પાલડી પોલીસ સ્ટેશનથી નજીક યુવકની ક્રૂર હત્યા કરવામાં આવી. ૧૩ સપ્ટેમ્બરના રોજ વિરાટનગર ક્રોસિંગ પર બિલ્ડરની ક્રૂર હત્યા થઈ. આ ઘટનાઓ સ્પષ્ટ સંકેત આપે છે કે જનતાની સલામતી ભગવાન ભરોશે છે. ગુજરાતમાં કાયદો વ્યવસ્થાની સ્થિતિ કથળેલી ગઈ છે. રાજયનાં મુખ્યમંત્રી અને ગૃહમંત્રીનાં શહેરો ક્રાઈમ કેપિટલ બન્યા છે. રાજ્યના મુખ્ય ચાર મહાનગરો અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટમાં કથળેલી કાયદો વ્યવસ્થાને કારણે નાગરિકોની સુરક્ષા ભગવાન ભરોશે છે. અમદાવાદમાં બળાત્કારની ૧૫૪ ઘટનાઓ, છેડતીની ૯૦, છેતરિપિંડીનાં ૨૭૬, લૂંટની ૪૨, મારામારીની ૮૦૪, ચોરીની ૧૮૦૩, જુગારના ૭૦૦ કિસ્સા સામે આવ્યા છે. સુરત શહેરમાં બળાત્કારની ૧૮૮ ઘટનાઓ, છેડતીની ૭૮, છેતરપીંડીના ૨૯૦, લૂંટની ૨૭, મારામારીની ૩૧૮, ચોરીની ૭૪૦, જુગારના ૪૧૮ કિસ્સા સામે આવ્યા. વડોદરા શહેર બળાત્કારની ૬૧ ઘટનાઓ, છેડતીની ૪૮, છેતરપિંડીના ૬૯, મારામારીની ૨૪૧, ચોરીની ૩૭૧, જુગારના ૧૨૩ કિસ્સા સામે આવ્યા. રાજકોટ શહેરમાં બળાત્કારની ૬૦ ઘટનાઓ, છેડતીની ૧૧, છેતરપિંડીના

(અનુ. આઠમા પાને)

# મહેસાણાના મંડાલી ગામે વિજશોક લાગતા બે શ્રમિકોનું મોત: છ ગંભીર

## ફેબ હિન્દ નામના ઈન્ડસ્ટ્રીયલ યુનિટમાં ક્રેઈન હાઈટેન્શન વિજતારને અડી જતાં દુર્ઘટના

**અબતક, રાજકોટ**

મહેસાણા જિલ્લામાં ૨૪ કલાકમાં બે અલગ-અલગ દુર્ઘટનામાં ચાર શ્રમિકોના કરુણ મોત નિપજ્યા છે. રવિવારે સાંજે મહેસાણા-અમદાવાદ હાઈવે પર આવેલા મંડાલી ગામ નજીક ફેબહિંદ કંપનીમાં એક મોટી દુર્ઘટના સર્જાઈ હતી. જેમાં વીજકરંટ લાગવાથી બે શ્રમિકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા અને છ અન્ય ગંભીર રીતે દાઝી ગયા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર કંપનીમાં ક્રેન મશીન બંધ પડી જતાં કેટલાક શ્રમિકો તેને ધક્કો મારીને ફરી ચાલુ કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા. આ દરમિયાન કમનસીબે ક્રેનનો એક ભાગ ઉપરથી પસાર થઈ રહેલી હાઈ ટેન્શન વીજ લાઈનને અડી ગયો હતો. જેના કારણે પ્રચંડ વીજકરંટ લાગતા બિહારના રહેવાસી બે યુવાનો દીપક અશોક ચૌધરી અને મિતરંજન કુમાર ચૌધરીનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત થયું હતું. જ્યારે અન્ય છ શ્રમિકોને ગંભીર રીતે દાઝી ગયા હતા. દુર્ઘટનાની જાણ થતાં જ તાત્કાલિક અસરથી ઈજાગ્રસ્ત શ્રમિકોને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની ગંભીરતા જોતા પોલીસની ટીમ પણ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી અને સમગ્ર મામલે તપાસ હાથ ધરી હતી. પોલીસે બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલ ખાતે મોકલી આપ્યા છે.

આ ઘટનાએ કંપનીમાં શ્રમિકોની સુરક્ષા અને સલામતી અંગે ગંભીર સવાલો ઊભા કર્યા છે. શું કંપની દ્વારા શ્રમિકોને પૂરતી સુરક્ષા આપવામાં આવી હતી? શું આવા જોખમી કામ માટે પૂરતી તાલીમ અને સાવચેતીનાં પગલાં લેવામાં આવ્યા હતા? આ તમામ પ્રશ્નોની તપાસ પોલીસ કરી રહી છે અને જવાબદાર સામે કાયદેસરની કાર્યવાહી થવાની શક્યતા છે. આ એક જ દિવસમાં શ્રમિકોના મોતની બીજી ઘટના છે, જે સ્થાનિક વહીવટીતંત્ર માટે ચિંતાનો વિષય બન્યો છે.

# માંગરોળ-પોરબંદર હાઈવે પર મધરાતે દરગાહ અને મંદિરનું ડિમોલીશન: સવારે ડામર રોડ બની ગયો!

**અબતક, નીતીન પરમાર, માંગરોળ**

માંગરોળમાં મધરાતે ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે ઓપરેશન ડિમોલીશન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં હાઈવે પર ગેરકાયદે ખડકાયેલી એક દરગાહ અને મામા સાહેબના મંદિર પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું હતું. ડિમોલીશન ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે હાથ ધરવામાં આવ્યું હોય કોઈ અનિચ્છનીય બનાવ બન્યો ન હતો.

માંગરોળમાં ગત મધરાતે ૧૨.૩૦ કલાકે ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે માંગરોળ - પોરબંદર હાઈવે પર રોડની બન્ને બાજુ ગેરકાયદે ખડકાયેલા અને નડતરરુપ દબાણો દુર કરવા ડિમોલીશન હાથ ધરવામાં આવ્યું હતું. હાઈવે રોડ જાણે પોલીસ છાવણીમાં ફેરવાય ગયો હોય તેવું દ્રશ્ય ખડુ થયું હતું. જિલ્લા પોલીસ વડા સહિતના ઉચ્ચ અધિકારીઓ આખી રાત ખડે પગે રહ્યા હતા. એક દરગાહ અને મામા સાહેબના મંદિર પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું હતું. વહેલી સવારે ડિમોલીશનની કામગીરી પૂર્ણ થતાની સાથે જ ડામર રોડ બનાવી નાખવામાં આવ્યો હતો.

ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે મધરાતે ઓપરેશન ડિમોલીશન હાથ ધરવામાં આવ્યું હતું. કોઈ અનિચ્છીય બનાવ બન્યો ન હતો.





ચૂસ્ત પોલીસ બંદોબસ્ત સાથે હાઈવે પરના ગેરકાયદે ધાર્મિક દબાણો પર બુલડોઝર ફેરવી દેવાયું

સુપ્રીમ કોર્ટના આદેશના પગલે ધાર્મિક હેતુના ગેરકાયદે ખડકાયેલા દબાણો હટાવવાની કામગીરી રાજયભરમાં ચાલી રહી છે. હજારોની સંખ્યામાં ધાર્મિક હેતુના દબાણોને નોટીસ આપી આધાર પુરાવા આપવા પણ તાકીદ કરવામાં આવી છે. ચોમાસાની સિઝન હોવાના કારણે હાલ ડિમોલીશનની કામગીરી પર થોડી બ્રેક છે દરમિયાન ચોમાસુ પૂર્ણ થતાની સાથે જ બુલડોઝરની ધણ ધણાટી બોલાવવામાં આવશે.

માંગરોળ પોરબંદર હાઈવે પર ધાર્મિક હેતુના દબાણો હટાવવા એક દમ ગુપ્ત રાહે ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે ડિમોલીશન હાથ ધરવામા આવ્યું છે. સવારે ડિમોલીશન પૂર્ણ થતા જ તાબડતોબ ડામર કામ પણ કરી નાખવામાં આવતા લોકોમાં ભારે આશ્ચર્ય ફેલાઈ ગયું હતું.

# અમરેલીમાં પોણા બે, જાફરાબાદમાં દોઢ ઈંચ વરસાદ

## સવારે ડાંગના સુબીરમાં બે કલાકમાં પોણા બે ઈંચ ખાબકયો: ચોમાસાની વિદાયનો ટુંકમાં આરંભ



તસવીર: કીરીટ રાણપરીયા, ઉપલેટા

**અબતક, રાજકોટ**

નૈઋત્યનું ચોમાસુ હવે વિદાય લેવા તરફ આગળ ધપી રહ્યું છે. રાજસ્થાનથી ચોમાસાની વિદાયનો આરંભ થવા માંડયો છે. મેઘરાજાના પાછોતરા પ્રહાર ચાલુ છે. આજે સવારે ડાંગના સુબીરમાં માત્ર બે કલાકમા પોણા બે ઈંચ જેટલો વરસાદ વરસી ગયો હતો. રવિવારે સૌરાષ્ટ્રના પણ સાત જિલ્લાઓમાં મેઘરાજાએ કૃપા વરસાવી હતી. રાજયમાં આજ સુધીમાં સીઝનનો ૧૦૮.૨૧ ટકા વરસાદ વરસી ગયો છે. સૌરાષ્ટ્રને બાદ કરતા તમામ ચારેય ઝોનમાં ૧૦૦ ટકાથી વધુ વરસાદ વરસી ગયો છે.

આજે સવારે પુરા થતા છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજયના ૩૭ તાલુકાઓમાં હળવા ઝાપટાથી લઈ પોણા બે ઈંચ સુધી વરસાદ વરસી ગયો છે. દરમિયાન આજથક્ષ ત્રણ દિવસ રાજયમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી આપવામાં આવી છે.

અમરેલીમાં સૌથી વધુ ૪૫ મીમી વરસાદ પડયો છે. જયારે જાફરાબાદમાં ૪૦ મીમી, કપરાડામાં ૩૪ મીમી, ઉનામાં ૩૪ મીમી, છોટાઉદેપુરમાં ૩૧ મીમી, ઉમરગામમાં ૨૯ મીમી, ડાંગ આહવામાં ૨૬ મીમી, કુકરમુંડામાં ૨૪ મીમી વરસાદ પડયો હતો. આ ઉપરાંત ૨૮ તાલુકાઓમાં ઝાપટાથી લઈ અર્ધો ઈંચ સુધી વરસાદ પડયો છે.

દરમિયાન આજે સવારથી રાજયના કેટલાક વિસ્તારોમાં મેઘકૃપા વરસી રહી છે. ડાંગના સુબીરમાં બે કલાકમાં પોણા બે ઈંચ જેટલો વરસાદ વરસી ગયો હતો.

રાજયમાં આજે સવાર સુધીમાં ચોમાસાની સિઝનનો સરેરાશ ૧૦૮.૨૧ ટકા વરસાદ વરસી ગયો છે. કચ્છ રિજીયનમાં સૌથી વધુ ૧૩૫.૯૫ ટકા જયારે સૌરાષ્ટ્રમાં સૌથી ઓછો ૯૩.૮૯ ટકા વરસાદ પડયો છે. આ ઉપરાંત ઉત્તર ગુજરાતમાં ૧૧૮.૭૨ ટકા, દક્ષિણ ગુજરાતમાં ૧૧૧.૬૮ ટકા, અને

(અનુ. આઠમા પાને)

